





ટોરોન્ટોમાં ભારતીય મૂળની મહિલાની હત્યા, ફરાર પાર્ટનર શંકાના દાયરામાં

PAGE NO. 3

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



આસામમાં હિંસા, 2ના મોત, પોલીસ કર્મીઓ સહિત 45 ઘાયલ

PAGE NO. 15

FRIDAY, 26 DECEMBER, 2025 Vol. 23, No. 50 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# અમેરિકામાં H-1B વિઝા લોટરી સિસ્ટમનો અંત

## હાઈસ્કીલ્સ ઉમેદવારોને પ્રાથમિકતા, નવો નિયમ 27 ફેબ્રુઆરીથી અમલમાં, છેતરપિંડી અને ડુપ્લિકેટ અરજીઓને રોકવા કવાયત

**વૉશિંગ્ટન**

: અમેરિકાના H-1B વિઝા મેળવવાની પ્રક્રિયામાં એક મોટો અને ઐતિહાસિક ફેરફાર થવા જઈ રહ્યો છે. અમેરિકન હોમલેન્ડ સિક્યુરિટી ડિપાર્ટમેન્ટ એ H-1B વિઝા માટેની લાંબા સમયથી ચાલી રહેલી રેન્ડમ લોટરી સિસ્ટમને સમાપ્ત કરીને વેતન-આધારિત પસંદગી પ્રણાલીને અંતિમ સ્વરૂપ આપી દીધું છે. આનો સીધો અર્થ એ છે કે હવે H-1B વિઝા મેળવવા માટે કિસ્મત નહીં, પરંતુ અરજદારનો પગાર અને તેની કુશળતા મુખ્ય ભૂમિકા ભજવશે.





આ નવો નિયમ 27 ફેબ્રુઆરી, 2026 થી અમલમાં આવશે અને તે નાણાકીય વર્ષ 2027ના H-1B રજિસ્ટ્રેશન પર લાગુ થશે. આ માટેની નોંધણી માર્ચ 2026માં શરૂ થવાની ધારણા છે, જ્યારે પસંદ થયેલા ઉમેદવારોની નોકરી 1 ઓક્ટોબર, 2026થી શરૂ થશે. સરકાર દ્વારા એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે H-1B વિઝાની કુલ સંખ્યામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી; દર વર્ષની જેમ 65,000 રેગ્યુલર અને 20,000 યુએસ એડવાન્સ ડિગ્રી ધારકો માટેના વિઝા યથાવત રહેશે. નવા નિયમ હેઠળ, જે કંપનીઓ તેમના કર્મચારીઓને વધુ પગાર ઓફર કરશે, તેમની અરજી પસંદ થવાની સંભાવના વધી જશે. ઓછા પગારવાળી નોકરીઓ પણ પાત્ર રહેશે, પરંતુ તેમની પસંદગીની શક્યતા ઓછી થઈ જશે.

ટ્રમ્પ પ્રશાસનનું કહેવું છે કે આ ફેરફારનો મુખ્ય હેતુ સિસ્ટમમાં થતી છેતરપિંડી અને ડુપ્લિકેટ અરજીઓને રોકવાનો છે. છેલ્લા કેટલાક વર્ષોથી એવા આરોપો લાગી રહ્યા હતા કે કેટલીક કંપનીઓ મોટી સંખ્યામાં ઓછા પગારવાળી અરજીઓ દાખલ કરીને લોટરી સિસ્ટમનો દુરુપયોગ કરી રહી હતી. USCISના પ્રવક્તા મેથ્યુ ટ્રેગેસરે જણાવ્યું કે, "વર્તમાન રેન્ડમ પસંદગી પ્રક્રિયાનો દુરુપયોગ થઈ રહ્યો હતો, અને ઘણી કંપનીઓ અમેરિકન કર્મચારીઓ કરતાં ઓછા પગારે વિદેશી કર્મચારીઓને લાવવાનો પ્રયાસ કરી રહી હતી." તેમણે કહ્યું કે આ નવી સિસ્ટમ 'અમેરિકા ફર્સ્ટ' નીતિને પ્રાથમિકતા આપશે.

## ગેરકાયદે વસાહતીઓને ઓફર : 3000 ડોલર-મફત ટિકિટ લો અને USA છોડો

ટ્રમ્પે ગેરકાયદે વસાહતીઓને અગાઉ કરતા ત્રણ ગણી ઊંચી કિંમત અંદાજે રૂ. ૨.૭૦ લાખ સાથે ફ્લાઈટની મફત ટિકિટ લઈ અમેરિકા છોડવાની ઓફર કરી છે. પ્રમુખ ટ્રમ્પે આ ઓફરનો સમય પૂરો થયા પછી પકડાનારા ગેરકાયદે વસાહતીઓને ડિટેન્શન સેન્ટરમાં કેદ કરવાની ધમકી આપી છે. અમેરિકાના હોમલેન્ડ સુરક્ષા વિભાગ (ડીએચએસ)એ ગેરકાયદે પ્રવાસીઓને ૩,૦૦૦ ડોલર (અંદાજે રૂ. ૨.૭૦ લાખ) આપવાની જાહેરાત કરી છે. તેઓ આ વર્ષના અંત સુધીમાં અમેરિકા છોડી દેવા તૈયાર થશે તો તેમને આ રકમ અપાશે. ડીએચએસે કહ્યું કે, જે પણ ગેરકાયદે પ્રવાસી આ ઓફર સ્વીકારશે તેમને સ્વદેશ જવા માટે ફ્લાઈટની ટિકિટ પણ મફત આપવામાં આવશે. આ સિવાય તેમના પર લાગેલા બધા જ પ્રકારના ગૂના રદ કરી દેવાશે. એટલે કે તેમને મુક્ત કરી દેવાશે.

# બાંગ્લાદેશના ઢાકામાં ફરી બબાલ : પેટ્રોલ બોમ્બ બ્લાસ્ટ કરાતા 1નું મોત, 1ને ઈજા

## બોમ્બ ફેંકાયો તે સ્થળે બે ચર્ચ આવેલી છે, બદમાશોને શોધવા પોલીસની દોડધામ



**ઢાકા**

ક્રિસમસના એક એક દિવસ પહેલા ઢાકાના માઘ વિસ્તારમાં કેટલાક બદમાશોએ પેટ્રોલ બોંબ ઝિંકી વિસ્ફોટ કર્યો હતો, જેમાં એક વ્યક્તિનું મોત અને એક વ્યક્તિને ગંભીર ઈજા થઈ હતી. આ ઘટના સાંજે લગભગ 7.00 કલાકે બની છે, જેમાં કેટલાક બદમાશોએ 'બાંગ્લાદેશ ફ્રીડમ ફાઈટર્સ કાઉન્સિલ'ના ગેટ પાસે રસ્તા પર બોંબ ઝિક્યો છે. જે સ્થળે વિસ્ફોટ કરવામાં આવ્યો છે, તે સ્થળ નજીક એક ચર્ચ પણ આવેલું છે.

બદમાશોએ ઝિંકેલો બોંબ રસ્તા પરથી પસાર થઈ રહેલા એક વ્યક્તિ પર પડ્યો હતો, જેમાં તે વ્યક્તિનું માથું ફાટી જતા ઘટનાસ્થળે જ મોત થયું છે. હાલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. જ્યાં ઘટના બની ત્યાં બે મોટા ચર્ચ આવેલા છે. પોલીસે ઘટનાને લઈ તપાસ શરૂ કરી દીધી છે અને બોંબ ઝિંકનારા બદમાશોને શોધવા અને ઓળખવા માટેની કાર્યવાહી શરૂ કરી દીધી છે.

### મારા ભાઈની હત્યાનો લાભ લઈ યુનુસ ચૂંટણી ઠેલાવવા માંગે છે : હાદીના ભાઈના પ્રહારો

ઓસ્માન હાદીના ભાઈ ઑમર હાદીએ ધડાકો કર્યો છે કે, મોહમ્મદ યુનુસની પાકી ગણતરી હતી કે, આ ઘટનાથી દેશભરમાં તોફાનો ફાટી નીકળશે અને તે તોફાનો અને અશાંતિ તથા અસ્થિરતાના આંચળા નીચે ચૂંટણી પાછી ઠેલવી પોતે બાંગ્લાદેશના સર્વેસર્વા તરીકે ચાલુ રહેશે. પરંતુ જનઆક્રોશ અચાનક હિન્દુઓ સહિતની તમામ લઘુમતીઓ તરફ વળ્યો તેમાં હિન્દુઓને તો સવિશેષ નિશાન બનાવ્યા અને એક નિર્દોષ હિન્દુ યુવાનને મારી નખાતાં સરકાર 'બેકફૂટ' પર આવી ગઈ છે. ઑમર હાદીએ કહ્યું કે, યુનુસ સરકાર ચક્રવ્યૂહમાં ફસાઈ ગઈ છે. મારો ભાઈ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હતો ત્યારે જ તેની ઉપર થયેલા ગોળીબાર થયો હતો છતાં પોલીસ હજુ કોઈને શોધી શકી નથી, મોહંમદ યુનુસ હવે હાદીની હત્યાને નામે ચૂંટણી પાછળ ઠેલાવવાની મનસા રાખે છે.

# ગુજરાતથી દિલ્હી સુધી અરવલ્લીમાં માઇનિંગ લીઝ આપવા પર પ્રતિબંધ

**નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે અરવલ્લી પર્વતમાળા અંગે એક મોટો નિર્ણય લીધો છે. સરકારે જણાવ્યું છે કે, તે સમગ્ર અરવલ્લી પર્વતમાળાનું રક્ષણ કરશે. અરવલ્લી પર્વતમાળામાં કોઈ નવા માઈનિંગ લાઈસન્સ કે લીઝ આપવામાં આવશે નહીં, એટલે કે કોઈ માઈનિંગ થશે નહીં. આ પ્રતિબંધ ગુજરાત, રાજસ્થાન, હરિયાણા અને દિલ્હીમાં ફેલાયેલી સમગ્ર અરવલ્લી પર્વતમાળા પર સમાન રીતે લાગુ પડશે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય પહાડોમાં થઈ રહેલા ગેરકાયદે અને અનિયમિત માઈનિંગને પૂરી રીતે રોકવાનો છે.




સરકારે કહ્યું કે, પહેલાથી જ આપવામાં આવેલા માઈનિંગ લીઝને નિયંત્રિત કરતા નિયમોને વધુ કડક બનાવવામાં આવશે. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે આ માટે રાજ્યોને નિર્દેશો જારી કર્યા છે. વધુમાં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEF&CC) એ ભારતીય વન સંશોધન અને શિક્ષણ પરિષદ (ICFRE)ને અરવલ્લી પ્રદેશમાં વધારાના વિસ્તારો અથવા ઝોન ઓળખવાનો નિર્દેશ આપ્યો છે, જ્યાં માઈનિંગ પર પ્રતિબંધ હોવો જોઈએ.











# ગુજરાતી સિનિયર્સ ક્લબની મીટિંગ : સહ-સ્થાપક કલાબેનને શ્રદ્ધાંજલિ

## કલાબેન ટેલરે કરેલા કાર્યોને સૌએ બિરદાવ્યા, સભ્યોની વર્ષગાંઠ અને લગ્નતિથિની ઉજવણી







**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનિયર્સ ક્લબ, બ્રામ્પ્ટનની ડિસેમ્બર માસની મિટિંગ તા. ૧૪ના રોજ બપોરે ૨.૦૦ કલાકે યોજાઈ હતી. સૌ પ્રથમ સમૂહ પ્રાર્થના તથા ભજન થયા હતા. સંસ્થાના સહ-સ્થાપક કલાબેન નગીનદાસ ટેલરને શ્રદ્ધાંજલી આપતો ઠરાવ કાંતિભાઈ મિસ્ત્રીએ વાંચી સંભળાવી સર્વે સભ્યોએ ૨ મિનિટનું પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. વાણીની અમૃત ગંગા વહેવડાવી વાતાવરણને ભક્તિમય બનાવી દેનાર ઈશ્વરભાઈ પટેલે “પ્રભુ દ્વાર તમારા ખોલો, આવ્યો એક પુણ્યાત્મા” અને “તમે ભાવે ભજી લ્યો ભગવાન” જેવા ગીતો રજૂ કરીને કલાવતીબેન ટેલરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. કુસુમબેન પટેલે શબ્દાંજલિ અર્પતા જણાવ્યું હતું કે આપણે સૌએ ૧લી ડિસેમ્બરે સંસ્થાના પાયોનિયર કલાવતીબેનને ખોયા છે. કલાવતીબેને કૌટુંબિક, સામાજિક અને વહેવારિક જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવ્યા પછી નિવૃતિના સમયે સમાજ માટે કશું કરી છૂટવાની ઈચ્છાથી પ્રેરાયને ગુજરાતીઓની સંસ્થા ઊભી કરવા અથાગ પ્રયાસો કર્યા હતા. તેમણે ગુજરાતી સિનિયર ક્લબ સંચાલિત કરી, જે આજે મોટા વટવૃક્ષમાં રૂપાંતર પામી છે. આ સંસ્થા ૨૦-૨૨ વર્ષથી ચાલી રહી છે. કલાવતીબેન કદી સ્ટેજ પર બેસવાની કે પ્રશંસા મેળવવાની ખેવના કર્યા વિના સતત સંસ્થાનું કાર્ય છેવટ સુધી સંભાળતા રહ્યા હતા. તેમના સ્વર્ગવાસથી સંસ્થાને મોટી ખોટ પડી છે, જેની પૂર્તિ થઈ શકે તેમ નથી. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એવી પ્રભુ પાસે પ્રાર્થના.




ગુજ. સીનિ. કલબના અગ્રગણ્ય સ્થાપક અ.સૌ. કલાવતીબેન ટેલરને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે કહ્યું હતું કે, સંસાર પ્રકૃતિના નિયમોને આધીન છે. જે જન્મ્યું તે જાય એ ક્રમ કુદરતી છે. મનુષ્ય જન્મથી નહિ પરંતુ તેના કર્મોથી ઓળખાય છે. એ રીતે જોતાં મરણ કરતાં સ્મરણ વધારે ભાવભીનું બને છે. ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે નગીનભાઈને સાંત્વના પાઠવી હતી. જે બાદ નગીનભાઈ ટેલરે તેમના સહ જીવન સફરની હૃદયના ઊંડાણમાંથી સ્ફુરિત અને સહજ વાણી દ્વારા સતત બહાર પ્રગટ થતી વાતો વિસ્તૃત પૂર્વક કહી હતી. જે બાદ શાંતિપૂર્ણ વાતાવરણમાં સૌનું ધ્યાન પ્રભુ પ્રતિ કેન્દ્રિત કરી દેનાર લોકલાડીલા ગાયક કિરીટભાઈ મિસ્ત્રીએ “તું રંગાઈ જાને રંગમાં” અને “પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો” જેવા ભક્તિ ગીતો અને હરિતાબેન વ્યાસે “મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી” જેવા ગીતો રજૂ કરીને કલાવતીબેન ટેલરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ત્યારબાદ સભ્યોના જન્મદિવસ અને મેરેજ એનિવર્સરીની ઉજવણી કરી સભ્યોને શુભેચ્છાઓ પાઠવી હતી. કાંતિભાઈ મિસ્ત્રીએ આવેલ ડોનેશનની વિગતો આપી હતી. અંતમા દૂધપાક, પુરી, મિક્સ વેજીટેબલ શાક, મેથીના ગોટાનું ભોજન આરોગી સૌ સભ્યો છુટા પડ્યા હતા.

# નવા શિક્ષકોને પ્રમાણિત કરવાની પદ્ધતિમાં ફેરફાર થશે : શિક્ષણમંત્રી

## લાંબા કાર્યક્રમોથી સારા શિક્ષકો બનાવી શકાતા નથી, તંત્રના સરવેમાં તારણ



### ભરતીને બદલે જાળવણી પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા ઈટીએફઓના પ્રમુખની સલાહ

ઓન્ટેરિયો : ઓન્ટેરિયોમાં નવા શિક્ષકોને પ્રમાણિત કરવાની રીતમાં આવતા વર્ષે ફેરફારની જાહેરાત થવાની છે અને તેમાં એક મોટો વ્યવહારુ ઘટક શામેલ હોવાના શિક્ષણમંત્રીએ સંકેત આપ્યા છે. ધ કેનેડિયન પ્રેસ સાથેના વર્ષના અંતે આપેલા ઈન્ટરવ્યુમાં શિક્ષણમંત્રી પોલ કેલેન્ડ્રેએ જણાવ્યું હતું કે, તેઓ શિક્ષકોનો તાલીમી સમય ઘટાડવાનું વિચારી રહ્યા છે અને શિક્ષકોના પુરવઠા અને માંગના આંકડાઓ પર નજર રાખી રહ્યા છે.

આ વર્ષની શરૂઆતમાં શિક્ષણ મંત્રાલયના દસ્તાવેજો દર્શાવે છે કે, પ્રાંત અન્ય અધિકારક્ષેત્રો શિક્ષકોને કેવી રીતે પ્રમાણિત કરે છે તે જોઈ રહ્યું છે, અને એવા તારણો પણ પ્રકાશિત કરવામાં આવ્યા છે કે, લાંબા કાર્યક્રમો સારા શિક્ષકો નથી બનાવતા. જોકે, મંત્રાલયે સંકલિત કરેલા સંશોધન મુજબ ઓન્ટેરિયોમાં શિક્ષકો માટે પ્રેક્ટિકમનો સૌથી ટૂંકો સમયગાળો 80 દિવસનો છે. ઓન્ટેરિયો સહિત ચાર પ્રાંતો અને પ્રદેશોમાં, તે આઠથી 12 અઠવાડિયાની વચ્ચે છે, જ્યારે દેશના બાકીના ભાગમાં આ સમયગાળો 14 થી 24 અઠવાડિયાની વચ્ચે છે.

છેલ્લા દાયકાથી શિક્ષકોના કોલેજ કાર્યક્રમો સામાન્ય રીતે બે વર્ષ લાંબા હોય છે, જેને ચાર સેમેસ્ટરમાં વિભાજિત કરવામાં આવે છે. 2015માં, તત્કાલીન લિબરલ સરકારે શિક્ષક સરપ્લસના પ્રતિભાવમાં કાર્યક્રમની લંબાઈ બમણી કરી હતી. તે સમયે પ્રમાણિત થયા પછી પ્રથમ વર્ષમાં શિક્ષકો માટે બેરોજગારી દર લગભગ 40 ટકા હતો. કાર્યક્રમોને બે વર્ષ લાંબા બનાવવાથી પ્રવેશ દરમાં ઘટાડો થયો હતો, અને શિક્ષકોની અછતનો સામનો કરવા માટે શિક્ષકો અને આચાર્યોના જૂથો તરફથી એક વર્ષના કાર્યક્રમમાં પાછા ફરવા માટે હાકલ કરવામાં આવી હતી.

મંત્રાલયના દસ્તાવેજમાં પ્રકાશિત મુખ્ય પુરવઠા મુદ્દાઓમાં શિક્ષકોની કોલેજનો સમયગાળો એક હતો, અને માંગ બાજુએ તેણે વિદ્યાર્થીઓની નોંધણીમાં વધારો નોંધ્યો હતો, જે પછી અનિશ્ચિત સમયગાળામાં 180,000 વધુ વિદ્યાર્થીઓ હોવાનો અંદાજ છે. આંતરિક મંત્રાલયના દસ્તાવેજોમાં 2027માં શિક્ષકોની વધુ અછતની આગાહી પણ કરવામાં આવી છે. જોકે, આ બધી આગાહીઓ ફેડરલ સરકારે ઈમિગ્રેશન સંખ્યામાં તીવ્ર ઘટાડો કરવાનું શરૂ કર્યું તે પહેલાં કરવામાં આવી હતી, જેની અસર વિદ્યાર્થીઓની સંખ્યા અને શિક્ષકોની માંગ પર પડી શકે છે. ઓન્ટેરિયો પ્રિન્સિપાલ કાઉન્સિલ અને એલિમેન્ટરી ટીચર્સ ફેડરેશન ઓફ ઓન્ટેરિયો એવા જૂથોમાં શામેલ છે જેમણે એક વર્ષના કાર્યક્રમોમાં પાછા ફરવાની હાકલ કરી છે. ETFOના પ્રમુખ ડેવિડ માસ્ટિને જણાવ્યું હતું કે મંત્રાલયે ભરતીને બદલે જાળવણી પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, ઓન્ટેરિયો ટીચર્સ ફેડરેશનના ડેટા તરફ ધ્યાન દોરતા જે સૂચવે છે કે પ્રાંતની શિક્ષણ પ્રણાલીમાં હજારો શિક્ષકો પ્રમાણિત છે, પરંતુ હાલમાં કાર્યરત નથી.

# યુનાઈટેડ સ્ટેટ્સમાં કેનેડાના રાજદૂત તરીકે માર્ક વાઈઝમેનની નિયુક્તિ કરાઈ

### કેનેડા-યુએસ વચ્ચે મહત્વના પ્રાથમિકત કામોને આગળ વધારવા પ્રયાસ કરાશે

**ટોરોન્ટો**

વડાપ્રધાન માર્ક કાર્નેએ ભૂતપૂર્વ રોકાણ મેનેજર માર્ક વાઈઝમેનને યુનાઈટેડ સ્ટેટ્સમાં કેનેડાના નવા રાજદૂત તરીકે નિયુક્ત કર્યા છે, જેમણે આ મહિનાની શરૂઆતમાં પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. કાર્નેના કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, વાઈઝમેન 15 ફેબ્રુઆરી, 2026 ના રોજ વોશિંગ્ટન, ડી.સી.માં રાજદૂત તરીકેનો કાર્યભાર સંભાળશે.

“શ્રી વાઈઝમેન કેનેડા-યુએસ પ્રાથમિકતાઓને આગળ વધારવાના સરકારના પ્રયાસોમાં મુખ્ય યોગદાન આપશે, જેમાં સુરક્ષિત સરહદો, મજબૂત વેપાર અને રોકાણ સંબંધો અને વૈશ્વિક પડકારો પર કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે સહયોગનો સમાવેશ થાય છે.

વાઈઝમેન આલ્બર્ટા ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ કોર્પોરેશનના ભૂતપૂર્વ અધ્યક્ષ છે, યુએસ ઈન્વેસ્ટમેન્ટ ફર્મ બ્લેકરોક ઈન્ક.ના ભૂતપૂર્વ મેનેજર અને 2016 પહેલાં, કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડના પ્રમુખ અને સીઈઓ હતા. કાર્નેએ માર્ચમાં વાઈઝમેનને કેનેડા-યુએસ સંબંધો ઉપર વડા પ્રધાનની સલાહકારોની કાઉન્સિલમાં નિયુક્ત કર્યા હતા. નવા વર્ષમાં કેનેડા-યુએસ-મેક્સિકો મુક્ત વેપાર કરાર (CUSMA) નવીકરણ માટે તૈયાર હોવાથી વાઈઝમેન આ ભૂમિકા નિભાવશે. આ કરારની પ્રથમ સંયુક્ત સમીક્ષા 1 જુલાઈના રોજ થવાની છે. કાર્નેએ વોશિંગ્ટનમાં કેનેડાના રાજદૂત તરીકે હિલમેનના યોગદાન બદલ આભાર માન્યો હતો.



# સ્કારબોરો બ્રહ્મા કુમારી સેન્ટર ખાતે નાતાલ પર્વની ઉત્સાહભેર ઉજવણી







## મેડિટેશન બાદ નાટક રજૂ થયું, પરમાત્મા અને નાતાલના ગીત ગવાયા


**સ્કારબોરો**

બ્રહ્મા કુમારી, સ્કારબોરો સેન્ટરમાં 18 ડિસેમ્બર ગુરુવારના રોજ નાતાલની ઉજવણી કરાઈ હતી. આ ઉજવણીનો મુખ્ય હેતુ માણસની અંદરના ફરિશ્તા (angel) અથવા દેવદૂત સ્વરૂપને જાગૃત કરીને આધ્યાત્મિક પ્રેમ, સાચી શાંતિ અને આંતરિક આનંદની ભેટ વહેંચવા અંગે સમજ કેળવવાનો હતો. આ ઉજવણીમાં મેડિટેશન બાદ કૌટુંબિક સમય અંગે સમજ આપવામાં આવી હતી. જે બાદ નાટક રજૂ થયું અને પરમાત્મા તથા નાતાલના ગીત ગવાયા હતા. કાર્યક્રમમાં 90 વ્યક્તિઓએ હાજરી આપી હતી. ક્રિસમસ ટ્રી અને સાન્ટાનું મહત્વ નાટક દ્વારા સમજાવ્યું હતું. સાન્ટા એ દાઢી અને મૂછ ધરાવતું વૃદ્ધ માનવ શરીર છે, જેને હિંદુ ધર્મમાં બ્રહ્મા તરીકે દર્શાવવામાં આવ્યું છે. બ્રહ્મા સિવાય અન્ય કોઈ દેવ અથવા દેવદૂતની દાઢી અને મૂછ નથી. કારણ કે તે કળિયુગના અંતનું અનુભવી વૃદ્ધ માનવ શરીર છે, જે દેવદૂત અને પછી દેવતા બને છે. અંતે, બધાને નાતાલની ભેટ અને આશીર્વાદ કાર્ડ આપી સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવ્યું હતું.

# ટોરોન્ટોમાં ભારતીય મૂળની મહિલાની હત્યા, ફરાર પાર્ટનર શંકાના દાયરામાં

ટોરોન્ટો : કેનેડાના ટોરોન્ટોમાં ભારતીય મૂળની મહિલાની હત્યાએ સનસનાટી મચાવી દીધી છે. પોલીસને શંકા છે કે આ મામલો ઘરેલુ અથવા અંગત સંબંધો સાથે જોડાયેલો હોઈ શકે છે. કેનેડાના ટોરોન્ટોમાં 30 વર્ષીય ભારતીય મૂળની મહિલા હિમાંશી ખુરાનાની હત્યા કરવામાં આવી છે. ટોરોન્ટો પોલીસે મહિલાની નજીક હોવાનું માનવામાં આવતા એક પુરુષ માટે ધરપકડ વોરંટ જારી કર્યું છે. પોલીસનું કહેવું છે કે પ્રાથમિક તપાસમાં આ મામલો ઘનિષ્ઠ ભાગીદાર હિંસાનો હોવાનું જણાય છે. ટોરોન્ટો પોલીસના જણાવ્યા અનુસાર, શુક્રવારે મોડી રાત્રે મહિલા ગુમ થયાની જાણ કરવામાં આવી હતી. પોલીસને 19 ડિસેમ્બર, 2025ના રોજ રાત્રે લગભગ 10:41 વાગ્યે સ્ટ્રેચન એવન્યુ અને વેલિંગ્ટન સ્ટ્રીટ વેસ્ટ વિસ્તારમાંથી એક વ્યક્તિ ગુમ થવા અંગેની જાણકારી મળી હતી. આ કેસની તપાસ આખી રાત ચાલુ રહી.





ત્યારબાદ શનિવારે સવારે લગભગ 6:30 વાગ્યે પોલીસને એક રહેઠાણની અંદર મહિલાનો મૃતદેહ મળ્યો હતો. ઘટનાસ્થળે તપાસ બાદ, પોલીસે આ ઘટના હત્યાની હોવાનું માન્યું હતું. પોલીસે મૃતક મહિલાની ઓળખ હિમાંશી ખુરાના તરીકે કરી છે, જે ટોરોન્ટોમાં રહેતી ભારતીય મૂળની છે, જેની ઉંમર 30 વર્ષ છે. પોલીસને જે નજીકના વ્યક્તિની તપાસ છે તે અબ્દુલ ગફારી અને તે ટોરોન્ટોનો રહેવાસી છે. પોલીસે જણાવ્યું હતું કે તેઓ 32 વર્ષીય અબ્દુલ ગફૂરીને શોધી રહ્યા છે, જે ટોરોન્ટોનો રહેવાસી પણ છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી અને પીડિતા એકબીજાને જાણતા હતા અને તેમના ગાઢ સંબંધો હતા. ફર્સ્ટ-ડિગ્રી મર્ડરના આરોપસર અબ્દુલ ગફૂરીની ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે. જો કોર્ટમાં કાવતરું અને હત્યાનો ઈરાદો સાબિત થાય છે, તો આરોપીને પેરોલ વિના આજીવન કેદની સજા થઈ શકે છે.










તંત્રી સ્થાનેથી

# બાંગ્લાદેશમાં હિંસા સાથે અરાજકતા હિંદુ યુવકને જીવતો સળગાવી દેવાયો

ભારતના પડોશી દેશ બાંગ્લાદેશમાં ફરી એકવાર કટ્ટરવાદી તત્ત્વોએ હિંસાના તાંડવ સાથે તોફાન મચાવી દીધું છે. નજીવી બાબતે બાંગ્લાદેશમાં એક હિન્દુ યુવકને જીવતો સળગાવી દેવીની ઘટનાના ઘેર પ્રત્યાઘાત ભારતમાં પડ્યા છે. ભારતમાં ચોમેરથી બાંગ્લાદેશમાં હિંદુઓને બચાવવાની માંગ સાથે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. હકીકતે બાંગ્લાદેશમાં શેખ હસીનાની વિરુદ્ધ આંદોલન કરનારા છાત્ર નેતા શરીફ ઉસ્માન હાદી 12 ડિસેમ્બરે ચૂંટણીપ્રચાર કરી રહ્યો હતો, ત્યારે બાઈકસવાર અજાણ્યા બંદુકધારીએ તેને ગોળીઓ ધરબી દીધી હતી. તેને માથામાં ગોળી વાગી હોવાથી ગંભીર સ્થિતિમાં સિંગાપોરની હોસ્પિટલમાં લઈ જવાયો, જ્યાં 22મી ડિસેમ્બરે તેણે દમ તોડી દીધો. આ શરીફ ઉસ્માન હાદી 'ઈન્કલાબ મંચ'ના સંસ્થાપક હતા અને જુલાઈ 2024માં શેખ હસીના સરકારને ઉથલાવી પાડનાર વિદ્રોહમાં તેમણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. એટલે બાંગ્લાદેશના સલાહકાર મોહમ્મદ યુનુસે હાદીના મૃત્યુ બાદ બાંગ્લાદેશમાં એક દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી દીધી હતી. બીજી તરફ હાદીના મોતની જાણકારી ફેલાતા બાંગ્લાદેશના અનેક શહેરોમાં તોફાનો ફાટી નીકળ્યા. ગુરુવારે મધરાતે એક જાણીતા વર્તમાનપત્રના કાર્યાલયને પ્રદર્શનકારીઓએ તોડી-ફોડીને ત્યાં આગ ચાંપી દીધી.



તંત્રી - સ્વદેશ

ચૂંટણી પહેલા તોફાનીઓની લાગણી જીતવા યુનુસ સરકારે હાદીને શહીદ જાહેર કર્યો અને તેની પત્ની તથા બાળકોની જવાબદારી સરકાર ઉઠાવશે એવું આશ્વાસન આપ્યું. તોફાનો બાદ પોલીસ અને અર્ધલશ્કરી દળોએ ઢાકા તથા અન્ય શહેરોમાં મોરચો સંભાવ્યો, પણ ત્યાં સુધીમાં પરિસ્થિતિ કાબૂ બહાર નીકળી ગઈ. બરાબર આ જ સમયે તોફાનીઓએ ઈશનિંદાના આરોપસર એક ફેક્ટરીના કર્મચારી દીપુ ચંદ્ર દાસને ઢોર માર મારીને ઝાડ પર લટકાવી તેને જીવતો સળગાવી દીધો. એટલું જ નહીં, આ ઘટનાનો વીડિયો ઉતારીને સોશિયલ મીડિયામાં વાયરલ કરાયો. વીડિયોમાં કટ્ટરવાદી બાંગ્લાદેશીઓના હાથે માર્યા ગયેલા દીપુચંદ્ર દાસ પોલીસ સ્ટેશનમાં દેખાય છે. તે પોલીસ અધિકારીઓને પોતાની વાત સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પરંતુ તે પછી દીપુને જીવતો સળગાવી દેવાય છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે, પોલીસના કબજામાંથી દીપુ દાસ હિંસાખોરોના હાથમાં કેવી રીતે પહોંચી ગયો ? કે પછી તેને પોલીસે હાથોહાથ હિંસક તત્ત્વોને હવાલે કરી દીધો ?

બાંગ્લાદેશમાં કટ્ટરવાદી તત્ત્વો દીપુ દાસની હત્યા કરીને જ અટકી ગયા નથી, તેમણે એક ગરીબ હિન્દુ રિક્ષાવાળા પર પણ હુમલો કર્યો છે. એક પરિવારને ઘરમાં પૂરી આગ લગાડી દીધી, જેમાં માસૂમ બાળકી બળી મરી છે. આ ઉપરાંત હિન્દુ પત્રકારની ઉપર અને તેના ઘર ઉપર હિંસક હુમલો કરાયો છે.

આ ઘટનાઓએ બાંગ્લાદેશમાં કટ્ટર વાદીઓની હિંદુ પ્રત્યેની ધૃણાને છતી કરી દીધી છે. વળી, વાત આટલેથી અટકી નથી. હાદીના જનાજામાં લાખો લોકો સામેલ થયા. આ વેળા ભારત અને બાંગ્લાદેશમાં પ્રતિબંધિત કટ્ટર ઈસ્લામિક જૂથના લોકોએ પણ ભાગ લીધો. બાંગ્લાદેશમાં જ્યાં જ્યાં વિરોધ પ્રદર્શન યોજાય છે, ત્યાં ત્યાં ઈસ્લામિક કટ્ટરવાદી જૂથો અને હિંદુઓ પ્રત્યે ઝેર ઓકતા મૌલવીઓની હાજરી દેખાતા ભારતની ચિંતા વધી છે. આમ પણ શેખ હસીના સરકારના પતન પછી બાંગ્લાદેશમાં કોઈપણ કારણોસર વિરોધ પ્રદર્શનો થયાં હોય, તે અંતે હિંદુઓ ઉપરના હુમલામાં પરિણમે છે. હાદીની હત્યા બાદ બાંગ્લાદેશના કેટલાક લોકો હાદીની હત્યામાં ભારતની ભૂમિકાનો આરોપ મુકી રહ્યા છે. બીજી તરફ કેટલાક જાણકારો હાદીની હત્યા પાછળ બે તર્ક રજૂ કરી રહ્યા છે. જેમાં પહેલો તર્ક એવો છે કે, હાદીની હત્યામાં પાકિસ્તાનના આઈએસઆઈનો હાથ છે. આ હત્યાથી પાકિસ્તાનપરસ્ત તત્ત્વો એક સાથે બે નિશાન સર કરવા ધારે છે. પહેલું તો એ કે તેમને ખબર છે કે હાદીની હત્યાથી તેના સમર્થકો રોષે ભરાશે, રસ્તાઓ પર ઊતરી આવશે અને હિંદુઓ પર હુમલા કરશે. જેનો સીધો લાભ કટ્ટરપંથી તત્ત્વોને થશે. બીજો તર્ક એવો છે કે, બાંગ્લાદેશમાં અરાજકતા સર્જી ત્યાં સીધો સત્તામાં હસ્તક્ષેપ કરી શકાય અને ભારત વિરુદ્ધ આતંકવાદી કે સૈન્યપ્રવૃત્તિઓ માટે બાંગ્લાદેશ ભૂમિનો ઉપયોગ કરી શકાય.

આ તત્ત્વોએ બાંગ્લાદેશમાં જાણી જોઈને એવી અફવા ફેલાવી છે કે, હત્યારાઓ હાદીની હત્યા કરીને ભારત તરફ ભાગી ગયા છે. એ વાત જગજાહેર છે કે ભારતમાં **SIR**ની કામગીરી ચાલી રહી છે તેથી અને બાંગ્લાદેશમાં અરાજકતા સર્જાયેલી છે, તેથી કોઈપણ અરાજકતાવાદી તત્ત્વો ઘૂસી ન આવે માટે ભારત-બાંગ્લા સરહદો સીલ કરવામાં આવેલી છે, તેમજ સરહદ પર **BSF**ના જવાનો ખડેપગે છે. વળી, બાંગ્લાદેશના એક રાજકીય વ્યક્તિના હત્યારાને ભારતની સરહદમાં ઘૂસવા દેવામાં ભારતનું કયું હિત હોઈ શકે ? તે પણ એક સવાલ છે.

આમ પણ સીમાવર્તી ક્ષેત્રોનાં રાજ્યોમાં રોહિંગ્યાઓ અને બાંગ્લાદેશી ઘૂસણખોરો છેલ્લાં ઘણાં વર્ષોથી ડેમોગ્રાફી બદલવાની ફિરાકમાં છે. અસંખ્ય સ્થળોએ તેઓ આ અભિયાનમાં સફળ થયા છે. ભારતના બે ટુકડા થયા બાદ તેના વધુ ટુકડા કેવી રીતે થાય, તેની ફિરાકમાં વ્યસ્ત અંતિમવાદી તત્ત્વોએ છેક 1947 અને કદાચ એની પહેલાંથી આ ષડયંત્રની દિશામાં પ્રયાસો કર્યા છે.

બાંગ્લાદેશમાં નાપાક તત્ત્વોએ મંગળવારે ભારતીય ઉચ્ચાયુક્ત કચેરી ઉપર હિંસક હુમલા કરી તોડફોડના પ્રયત્નો કર્યા હતા. પછી આ કાર્યાલય પર ચુસ્ત સશસ્ત્ર જવાનોની ફોજ ખડકી દેવી પડી. એટલું ચોક્કસ છે કે બાંગ્લાદેશ આ સદીની સૌથી વધુ ખતરનાક અરાજકતાનો ભોગ બની ચૂક્યું છે. રાજકીય નિરીક્ષકોએ મોહંમદ યુનુસને અમેરિકાના 'પપેટ' તરીકે ઓળખાવ્યા હતા. પણ આ પપેટની હાલત કફોડી થઈ ચૂકી છે. શેખ હસીનાના પક્ષના નેતાઓને શોધી શોધીને તેમના પર હુમલા કરવામાં આવી રહ્યા છે. જ્યારે ચૂંટણી જાહેર થઈ ચૂકી છે અને દેશના એક મુખ્ય રાજકીય પક્ષને રાજકીય ગતિવિધિઓમાંથી બાકાત રાખવાના તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. બાંગ્લાદેશમાં રાજકીય પાર્ટીઓ સાથે કેટલાક તત્ત્વોએ થોડા સમય પૂર્વે જ એલાન કર્યું હતું કે, ભારતના સાત સીમાવર્તી રાજ્યોને તે બાંગ્લાદેશમાં ભેળવી દેશે અને બૃહદ બાંગ્લાની રચના કરશે.

કટ્ટરવાદીઓ સમર્થકો વધારવા અને ભોળા કિશોરો-યુવાનોના મગજમાં આવેશ ભરવા માટે જ આવાં વિધાનો કરતા રહે છે. ભારત સામે ટક્કર લેવા તેની પાસે પર્યાપ્ત સૈન્યશક્તિ કે શસ્ત્રશક્તિ નથી જ. પણ ચીન અને અમેરિકાના પીઠબળથી આંધળું દુસાહસ કરવાની મૂર્ખામી તે કરી શકે છે, એમાં કોઇ શંકા રાખી શકાય નહીં.

manoj1968@yahoo. ca






# ખેડૂતોના વિરોધ કરવા છતાં થરાદથી અમદાવાદ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે માટે જમીન સંપાદન શરૂ

## વાંધા સુચનો મંગાવાયા, 40 કિલોમીટરના રસ્તાને કારણે અનેક ગામડાને અસર થશે

**થરાદ**

ભારત સરકારના માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે રાષ્ટ્રીય ધોરીમાર્ગ અધિનિયમ, ૧૯૫૬ હેઠળ એક જાહેરનામું બહાર પાડ્યું છે, જેમાં ગુજરાતમાં થરાદ-અમદાવાદ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસવે માટે જમીન સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવ્યો છે.

પાટણ જિલ્લાના ઘણા ગામડાઓમાં ફેલાયેલા લગભગ ૪૦ કિમી (કિમી ૫૬.૮ થી કિમી ૯૮.૩) વિસ્તારને આવરી લે છે, જેમાં લોધપુર, કમલીવાડા, માતપુર, રૂવાવી, વિસલ વાસણા, ચરૂપ, કિમ્બુઆ, કોટાવડ, કુંટાવાડા, મોરપા, રાઠવા, રેંચાવી, વડુ, વાગડોદ અને વાયડનો સમાવેશ થાય છે. આ સંપાદનમાં પાટણ અને સરસ્વતી તાલુકાના ઘણા ગામડાઓમાં ફેલાયેલી કૃષિ, બિન-કૃષિ, સરકારી અને સામાન્ય જમીનનો સમાવેશ થાય છે, જે કુલ ૫૫.૫૪ હેક્ટર વિસ્તારને આવરી લે છે. આ સંપાદન એક્સપ્રેસવેના બાંધકામ, પહોળાઈ, જાળવણી, વ્યવસ્થાપન અને સંચાલન માટે છે, જેમાં પ્રોજેક્ટની જરૂરિયાતોને આધારે બે-લેનવાળા પાકા શોલ્ડર અથવા ચાર-લેનવાળા બાંધકામનો સમાવેશ થઈ શકે છે. જમીનમાલિકો અથવા રસ ધરાવતા પક્ષો પાસે 8 ડિસેમ્બરથી શરૂ કરી 21 દિવસનો સમય છે, જેમાં તેઓ પોતાનો વિરોધ કે વાંધા નોંધાવી શકે છે. વાંધા લેખિતમાં પાટણ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટને, સબમિટ કરવા આવશ્યક છે અને વાંધાના કારણો સ્પષ્ટપણે જણાવવા જોઈએ. તે પછી સત્તાધિકારી વાંધા કરનારાઓને રૂબરૂમાં અથવા કાનૂની પ્રતિનિધિ દ્વારા સાંભળશે. બધા વાંધાઓ અને કોઈપણ વધુ પૂછપરછ પર વિચારણા કર્યા પછી, સત્તાધિકારી અંતિમ આદેશ પસાર કરશે.

# હવે આઠમે અંબાજીમાં દરેક ભક્ત પૂજા કરી શકશે, રાજવી પરિવારનો વિશેષાધિકાર હાઈકોર્ટે નાબૂદ કર્યો

**અંબાજી**

અંબાજી મંદિરને લઈને હાઈકોર્ટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. વર્ષોથી ચાલી આવતી પરંપરા અને કાનૂની વિવાદનો અંત લાવતા કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, આસો નવરાત્રિની આઠમની પૂજા અને આરતી પર હવે દાંતાના રાજવી પરિવારનો કોઈ વિશેષાધિકાર રહેશે નહીં. આ પૂજાનો લાભ હવે સામાન્ય ભક્તો પણ લઈ શકશે. દાંતાના રાજવી પરિવાર અને અંબાજી મંદિર ટ્રસ્ટ વચ્ચે દાયકાઓથી કાનૂની લડાઈ ચાલી રહી હતી. દાંતા સ્ટેટના રાજવી પરિવારનો દાવો હતો કે, પરંપરાગત રીતે આઠમની હવન પૂજા અને આરતીનો પ્રથમ હક તેમનો છે. આ પરંપરા રાજાશાહીના સમયથી ચાલી આવતી હતી. તેઓ કાનૂની અને ધાર્મિક અધિકાર ગણાવતા હતા.

# ગાંધીનગરમાં બળાત્કારી આરોપી ભાગવા જતા પીઆઈએ ગોળી મારી

## આરોપીએ હાથ જોડી પોલીસ પાસે માફી માંગી હતી

**ગાંધીનગર**

4 વર્ષીય બાળકીનું 15 ડિસેમ્બરના રોજ એક શખ્સ દ્વારા અપહરણ કરીને બળાત્કાર કરવામાં આવ્યો હતો. પોલીસે ગણતરીના દિવસોમાં જ આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપી ધરપકડ કર્યા પછી પોલીસ પંચનામું અને રિ-કન્સ્ટ્રક્શન અર્થે ઘટના સ્થળે પહોંચી હતી. આ દરમિયાન તકનો લાભ લઈને આરોપી ભાગવા લાગ્યો હતો. જેને રોકવા માટે PI લતા દેસાઈએ ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરીને પાડી દીધો હતો. એફઆઈઆર નોંધાયા બાદ પોલીસે આરોપીને પકડવા ઓપરેશન વિરાંગના શરૂ કર્યું હતું. બે દિવસ પહેલા સાંજે ગુનાના સ્થળે પંચનામાની કાર્યવાહી દરમિયાન આરોપીએ પોલીસ જાપ્તામાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે PI લતા દેસાઈએ તેનો પીછો કર્યો હતો અને ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જેમાં આરોપીના પગમાં ઈજા થઈ હતી. જેથી તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. પોલીસની આ કાર્યવાહીથી સ્તબ્ધ થઈ ગયેલા આરોપીએ હાથ જોડીને દયાની ભીખ માંગી હતી.

# ગોરખધંધા કરો, ગાડી પર ભાજપનો પટ્ટો લગાવો, એટલે જનતા છેતરાવાની નથી : નીતિન પટેલ

## કડીના ચંપાબા ટાઉન હોલ એપીએમસીના કાર્યક્રમમાં પૂર્વ ના. મુખ્યમંત્રી નીતિન પટેલનો કટાક્ષ

**મહેસાણા**

મહેસાણાના કડીમાં ચંપાબા ટાઉનહોલ ખાતે યોજાયેલા APMCના એક કાર્યક્રમમાં ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ભાજપના નવા સંગઠનની જાહેરાત પહેલા કટાક્ષ કરી જણાવ્યું હતું કે, ‘હવે બધાને ખબર પડી ગઈ છે કે, ગોરખધંધા કરવાના અને ઉપરથી ભાજપનો પટ્ટો લગાવવાનો. આમ હવે લોકો છેતરાતા નથી. ગાડી પર ભાજપનો પટ્ટો લગાવીને ફરવાથી નેતા ન બનાય.’ તમને જણાવી દઈએ કે, અગાઉ નીતિન પટેલે ધર્માંતરણ પર આપેલા નિવેદનથી રાજકીય માહોલ ગરમાયો હતો.

કડીમાં જાહેર મંચ પરથી નીતિન પટેલે કહ્યું કે, ‘ગોરખધંધા કરો અને પછી ગાડી પર ભાજપનો પટ્ટો લગાવો તે ન ચાલે. છેલ્લા 10 વર્ષમાં માત્ર પક્ષની જાહોજલાલી જોઈ છે, સંઘર્ષ જોયો નથી.

બધાને સત્તા જોઈએ છે. કોઈના હોદ્દા પર આવી જવાથી આખો પક્ષ ચાલે એવું ન બને. લોકોમાં હવે સહકાર આપવાની ભાવના રહી નથી. આમ કશુ ન કરો તો એકબીજાને નડવાનું બંધ કરો...’

મંત્રીઓ અને ખેડૂતોને લઈને તેમણે કહ્યું કે, ‘રાજ્યમાં અમુક જિલ્લામાં ખેડૂતોની જાણ બહાર તેમની જમીન વેચાઈ જાય, બેંકમાંથી ખોટા નામે લોન લઈને મંત્રીઓ વાપરી નાંખે. જોકે, ખોટું કરનારા બે-ત્રણ મંત્રીઓ પોલીસ કેસમાં જેલમાં પણ છે.’

# ઉંઝાની પ્રિન્સિપાલ પત્ની કાજલે પતિની ડોક્ટર પ્રેમિકાની હત્યા કરવા 15 લાખની સોપારી આપી

## પતિના નર્સ સાથે પ્રેમસંબંધથી નારાજ મહિલાને રસ્તામાંથી હટાવવા માંગતી હતી

**મહેસાણા**

ઉંઝાની પ્રિન્સિપાલ કાજલ પટેલે પતિની ડોક્ટર પ્રેમિકાની હત્યા કરવા 15 લાખની સોપારી આપી હતી. તેણે આ કાવતરું ઓસ્ટ્રેલિયામાં રચ્યું હતું. પતિના એક નર્સ સાથે પ્રેમસંબંધથી નારાજ મહિલા કોઈપણ ભોગે તેને રસ્તામાંથી હટાવવા માંગતી હતી.

અનેક વખત સમજાવવા છતાં પતિએ મહિલા નર્સ સાથે સંબંધ ન તોડતાં કાજલે હત્યાનું કાવતરું રચ્યું હતું. તે છ મહિના પહેલા પતિ સાથે ઓસ્ટ્રેલિયા ફરવા ગઈ હતી. આ દરમિયાન તેની ઓળખ ગુજરાતના એક વ્યક્તિ સાથે થઈ હતી. તેણે ખુદને સીઆઈડી અધિકારી ગણાવ્યો હતો.

વાતચીત દરમિયા કાજલે તેની વાત કરી હતી. અહીં જ તેણે 15 લાખ રૂપિયામાં સોપારી આપી હતી. તે વ્યક્તિએ ભારતમાં કોલ કરીને વડોદરાના એક ટ્રાન્સપોર્ટર ગોપાલ શર્માને આમાં સામેલ કર્યો હતો. જે બાદ હત્યાના ષડયંત્ર અને અન્ય જવાબદારી ટ્રાન્સપોર્ટરને ત્યાં કામ કરતાં રાજસ્થાનના ઝૂંઝનું અનુજ શર્માને સોંપવામાં આવી હતી.

મહિલા પ્રિન્સિપાલે ઓસ્ટ્રેલિયામાં જે વ્યક્તિને મહિલા ડોક્ટરની હત્યા કરવાની સોપારી આપી હતી, તે વ્યક્તિ પણ ગુજરાતનો રહેવાસી છે. પોલીસ આરોપીની ખૂબ જ નજીક પહોંચી ગઈ છે અને ટૂંક સમયમાં જ આ મામલે ખુલાસો કરશે. હવે પોલીસ પોતાને અધિકારી ગણાવનાર વ્યક્તિ અને ગોપાલ શર્માની શોધખોળ કરી રહી છે.

# દાહોદમાં અથડામણ : જૂની અદાવતમાં 5 રાઉન્ડ ફાયરિંગ, 2 લોકો ઈજાગ્રસ્ત

**દાહોદ**

દાહોદના કસ્બા વિસ્તારમાં મંગળવારે બે જૂથો વચ્ચે થયેલી હિંસક અથડામણે સમગ્ર પંથકમાં ચકચાર જગાવી હતી. જૂની અદાવતને કારણે સામાન્ય બોલાચાલીથી શરૂ થયેલો મામલો જોતજોતામાં ઉગ્ર બની ગયો હતો અને જાહેરમાં ફાયરિંગ થતા ભયનો માહોલ સર્જાયો હતો.

કસ્બા વિસ્તારમાં બે જૂથો આમને-સામને આવી ગયા હતા. મામલો એટલો બીચક્યો હતો કે લગભગ 5 રાઉન્ડ જેટલું ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આ ફાયરિંગની ઘટનામાં બે વ્યક્તિઓને ગોળી વાગતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે ઘટનાની ગંભીરતાને જોતા જિલ્લા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાની સાથે જ ડીવાયએસપી (DySP), લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB), સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને ડિવિઝન પોલીસ સહિતનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. વિસ્તાર કોર્ડન કરાયો કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે તાત્કાલિક અસરથી સમગ્ર કસ્બા વિસ્તારને કોર્ડન કરી લીધો છે અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# હરણી લેક દુર્ઘટનાના પીડિત પરિવારોને ન્યાય અપાવવા માટે આપ દ્વારા દેખાવો

## આપ દ્વારા પ્લે કાર્ડ અને બેનર સાથે કચેરીમાં સૂત્રોચ્ચાર

**વડોદરા**

વડોદરા શહેરમાં હરણી લેક ઝોન ખાતે બે વર્ષ અગાઉની ગોઝારી દુર્ઘટનામાં 12 બાળકો સહિત 14 વ્યક્તિના થયેલા કરુણ મોત અંગે પીડિત પરિવારોને સુધી ન્યાય નહીં મળતા શહેર આમ આદમી પાર્ટીના દ્વારા પાલિકાની વડી કચેરી ખાતે પ્લે કાર્ડ, બેનર સાથે ભારે સૂત્રોચાર કરીને જવાબદાર વ્યક્તિનું નામ એફઆઈઆરમાં દાખલ કરવાની માંગ કરી હતી. અન્યથા ‘આપ’ દ્વારા અદાલત સમક્ષ પીઆઈએલ દાખલ કરશે.

આ અંગે આમ આદમી પાર્ટીના અનેક કાર્યકરોએ આજે પ્લે કાર્ડ અને બેનર સાથે પાલિકા કચેરીએ જઈને ભારે સૂત્રોચાર કરી કસુરવારનું નામ એફઆઈઆરમાં અને ચાર્જશીટમાં દાખલ કરવા માંગ કરી હતી. જો પાલિકા તંત્ર દ્વારા આવી કાર્યવાહી કરવામાં નહીં આવે તો આમ આદમી પાર્ટી દ્વારા જે તે વ્યક્તિ સામે ચાર્જશીટમાં અને એફઆઈઆરમાં નામ દાખલ કરવા અંગે પીઆઈએલ દાખલ કરશે.


# વડોદરામાં વૃદ્ધ સાથે 1.11 કરોડનું સાયબર ફ્રોડ

## ઠગોએ વિશ્વાસમાં લેવા સેબી દ્વારા મંજુરીના ખોટા દસ્તાવેજ અને સર્ટીફિકેટ મોકલ્યા હતા

**વડોદરા**

ગુજરાતમાં સતત સાયબર ફ્રોડના કેસ વધી રહ્યા છે. જેમાં પણ મ્યુલ એકાઉન્ટનો ઉપયોગ કરીને ફ્રોડ કરતા લોકો પર સરકારે કડક એક્શન લેવાનું શરુ કર્યું છે. ત્યારે વડોદરાના 80 વર્ષના વૃદ્ધ સાયબર ફ્રોડનો શિકાર બન્યા છે. જેમાં ફ્રોડ કરનારાઓએ વૃદ્ધને 840 ટકા નફા લાલચ આપીને 1.11 કરોડ પડાવી લીધા છે. આ અંગે વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

ગોત્રીના વૃદ્ધને સાયબર ગુનેગારોએ પૂર્વાયોજીત કાવતરૂ રચી એક લિન્ક મોકલી હતી. જેમા વૃદ્ધને એપ્લિકેશન



ઈન્સ્ટોલ કરવા જણાવ્યું હતું. તેમજ એપમાં રજિસ્ટ્રેશન કરાવીને વૃદ્ધને વિવિધ વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યાં હતાં.

તેમજ આ વૃદ્ધને વિશ્વાસમાં લેવા માટે સેબી દ્વારા મંજુરીના ખોટા દસ્તાવેજ અને સર્ટીફિકેટ મોકલ્યા હતા. તેમજ સાયબર ફ્રોડ કરનારાઓ તેમની ખોટી ઓળખ આપી હતી. તેમજ વૃદ્ધને રોકાણ પર 850 ટકા નફો આપવાનો વાયદો કર્યો હતો. જેની બાદ વૃદ્ધ પાસે અલગ અલગ ખાતામાં 1.20 કરોડ ટ્રાન્સફર કરાવ્યા હતા. જેમાંથી તેમણે માત્ર 9 લાખ રૂપિયા ખાતામાં જમા કરાવ્યા હતા. આ અંગે ત્રણ દિવસ અગાઉ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ગુજરાત પોલીસે સાયબર ગઠિયાઓ પાસેથી રૂ. 33 કરોડ પાછા મેળવ્યા છે. આ મહિનામાં પાંચ દિવસો એવા ગયા જેમાં 3000થી વધુ લોકોએ હેલ્પલાઈન 1930 પર કૉલ કરતાં તેમને સાયબર ગઠિયાઓથી બચાવી લેવાયા છે.

# વાપીમાં પત્નીની ઘાતકી હત્યા કરવાના કેસમાં આરોપી પતિને ફાંસીની સજા

## પત્નીના અન્ય યુવક સાથે આડા સંબંધ હોવાની શંકાથી ઉશ્કેરાઈ ઘટનાને અંજામ આપ્યો

**વાપી**

વાપીના ડુંગરા ડુંગરી ફળિયામાં વર્ષ 2021માં પત્નીના આડા સંબંધનો વહેમ રાખી પત્નીની ઘાતકી હત્યા કર્યાના ગુનામાં વાપી કોર્ટે આરોપી પતિને ફાંસીની સજા ફટકારતો મહત્વનો ચૂકાદો આપ્યો છે. સાથે કોર્ટે રૂ.૫ હજારનો દંડની જોગવાઈ કરી છે.

કેસની વિગત એવી છે કે વાપીના ડુંગરા ગામે ડુંગરી ફળિયામાં ચંદ્રકેશ યાદવની ચાલીમાં રહેતા લક્ષ્મીકાંત ઉર્ફે ભોલા મુચકુંદલાલ વિશ્વકર્માને પત્ની સાધનાદેવીનો અન્ય સાથે આડા સંબંધ હોવાની શંકા ગઈ હતી. પત્નીના આડા સંબંધનો વહેમ રાખી અવર નવર ઝઘડો કરી ત્રાસ ગુજારતો હતો. પત્ની પર શંકા રાખી ઉશ્કેરાયેલા લક્ષ્મીકાંતે ગત તા.16-9-21ના રોજ નિંદ્રામાં પોઢી રહેલી પત્ની સાધનાદેવી પર છરા વડે ઘાતકી હુમલો કરી ઢીમ ઢાળી દીધું હતું.

પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી પતિ લક્ષ્મીકાંત વિશ્વકર્માની ધરપકડ કરી જેલભેગો કર્યા બાદ ચાર્જશીટ પણ દાખલ કરી દીધી હતી. વાપી એડિશનલ સેશન્સ કોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણી દરમિયાન સરકારી વકીલ રાકેશ ચાંપાનેરીયાએ પીએમ રિપોર્ટ, અનેક લોકોની જુબાની સહિત સજ્જડ પુરાવા સાથે અનેક પાસાઓ પર દલીલો કરી હતી. કોર્ટના જજ પુષ્પા સૈનીએ આરોપી લક્ષ્મીકાંત વિશ્વકર્માને તકસીરવાર ઠેરવી ફાંસી (મૃત્યુદંડ)ની સજા ફટકારતો મહત્વનો ચૂકાદો આપ્યો છે.

# સુરતમાં 7 વર્ષની દીકરીની દીક્ષા પર પ્રતિબંધ પિતા દ્વારા કરાયેલી અરજી કોર્ટે માન્ય રાખી

**સુરત**

સુરત શહેરમાં રહેતા અને શેરબજારનું કામકાજ કરતા એક પિતાએ પોતાની સાત વર્ષની દીકરીને અપાનારી દીક્ષા અટકાવવા ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. સાત વર્ષની દીકરીને દીક્ષા અપાવવા માટે માતા અડગ હતી, જ્યારે પિતાનો વિરોધ હતો. જેથી માતા પોતાની દીકરીને લઈને છ મહિનાથી અલગ રહેવા લાગી હતી. માતાએ તેની 7 વર્ષીય દીકરીને આગામી 8મી ફેબ્રુઆરીએ મુંબઈમાં યોજનારા સામૂહિક દીક્ષા મહોત્સવમાં દીક્ષા અપાવવાનો નિર્ણય કર્યો હતો. જે રોકવા માટે પિતાએ સુરતની ફેમિલી કોર્ટમાં પત્ની વિરુદ્ધ અરજી દાખલ કરી હતી. આ અંગે દીકરીના પિતાએ જણાવ્યું કે, મારી પત્ની સમજી ગઈ હોત તો આ બાબત કોર્ટમાં આવત નહીં. અમે દીકરી મોટી થાય પછી દીક્ષા અપાવવા તૈયાર હતા. છેલ્લા 7 મહિનાથી આ ઘટનાની શરૂઆત થઈ છે. વેકેશન પડ્યું એટલે મારી પત્નીએ દીકરીને મહારાજ સાહેબ પાસે રહેવા મોકલી દીધી હતી. બાદમાં તે પિયર ચાલી ગઈ હતી. તેણે એક શરત રાખી હતી કે, દીકરીને જો દીક્ષા માટે હા પાડો તો જ ઘરે પાછી આવીશ.

# સુરતમાં રીસોર્ટમાં ચાલતું હાઈ પ્રોફાઈલ સેક્સ રેકેટ પકડાયું, 8 થાઈ યુવતી મળી

## રિસોર્ટમાં રૂમ ભાડે આપી યુવતીઓ પાસે દેહ વ્યાપાર કરાવાતો

**સુરત**

શહેરમાં ફાર્મહાઉસ-રીસોર્ટમાં ચાલતું હાઈ પ્રોફાઈલ સેક્સ રેકેટ પકડાયું હતું. રેઈડ દરમિયાન 8 થાઈ યુવતી મળી આવી હતી. મહેસાણા, વિસાવદર, બાબરાના કસ્ટમર ઝડપાયા હતા. પોલીસને રીસોર્ટના ટોપ ફ્લોર પર રૂમ ભાડે આપીને વિદેશી યુવતીઓ પાસે દેહ વ્યાપાર કરાવાય છે તેવી બાતમી મળી હતી. બાદમાં સુરત શહેરથી ઓલપાડના આ રિસોર્ટમાં લાવવામાં આવતી હતી. મોટી રકમ વસૂલ કર્યા બાદ યુવતીઓને ખૂબ ઓછી રકમ આપવામાં આવતી હતી. કાર્યવાહી પહેલા પોલીસે વેરિફિકેશન માટે ડમી કસ્ટમર મોકલ્યો હતો. જે બાદ એલસીબી, એસઓજી ટીમે સંયુક્ત દરોડો પાડ્યો હતો આ દરમિયાન રીસોર્ટમાં વિદેશી યુવતીઓ સાથે અનેક પુરુષો પણ મળી આવ્યા હતા. ધરપકડ કરાયેલા લોકોમાં રીસોર્ટ માલિક અક્ષય ભંડારી, મેનેજર રવિસિંહ રાજપૂત અને અક્ષય ઉર્ફે ગોલ્ડી સામેલ છે. પોલીસ મુજબ, રીસોર્ટ માલિક સમગ્ર નેટવર્કમાં સીધી રીતે સંકળાયેલો હતો.

# ચૈતર વસાવા પહેલાં માહિતી માગે, પછી તોડપાણી કરે : સાંસદ મનસુખ વસાવાના ગંભીર આક્ષેપ

## ચૈતર વસાવાએ 75 લાખ રુપિયા માંગ્યાનો દાવો થતાં રાજકારણમાં ખળભળાટ મચ્યો

**ભરૂચ**

દક્ષિણ ગુજરાતના આદિવાસી સમાજના બે મોટા નેતાઓ મનસુખ વસાવા અને ચૈતર વસાવાનો વિવાદ ફરી ઉકળ્યો છે. ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ ધારાસભ્ય ચૈતર વસાવાએ અધિકારી પાસેથી 75 લાખ રુપિયા માંગ્યાનો દાવો કરતાં રાજકારણમાં ખળભળાટ મચ્યો છે. 17 દિવસ પહેલા મનસુખ વસાવા કોઈ આધાર પુરાવા વગર આરોપોની વણઝાર કરી હતી.

બાદમાં આજે સોમવારે મનસુખ વસાવાએ કયા વિભાગના અધિકારી પાસે ચૈતર વસાવાએ તોડપાણી માટે રુપિયા માગ્યા તેનો ઉલ્લેખ કર્યો હતો, અને કલેકટરે તેમને ફરિયાદ કરી હોવાનો દાવો માંડતા કહ્યું કે માર્ગ અને મકાન વિભાગના અધિકારી પાસેથી ચૈતર વસાવાએ 75 લાખની માંગણી કરી હતી. જેમને કલેકટરને રજૂઆત કરી હતી, સાથે જ આરોપ કર્યો હતો કે ચૈતર વસાવાને ટેવ પડી ગઈ છે કે પહેલા મુદ્દો ઉછાળવાનો બાદમાં તોડપાણી કરી લેવાના! મહત્ત્વનું છે કે રાજપીપળા સર્કિટ હાઉસ ખાતે આપ ધારાસભ્ય ચૈતર વસાવાએ વડાપ્રધાનના કાર્યક્રમના ખર્ચ અંગે સવાલો ઉઠાવ્યા હતા તેના જવાબમાં સાંસદ મનસુખ વસાવાએ ચૈતર વસાવા પર અધિકારીઓ પર દબાણ બનાવતા હોવાની વાત કરી હતી અને કહ્યું હતું કે ચૈતર વસાવાએ માર્ગ અને મકાન વિભાગના અધિકારી પાસે સરકારી કામો અને ગ્રાન્ટની માહિતીની માંગણી કરી હતી જે માહિતી આપી દેવાતા બાદમાં અધિકારીઓને ડરાવી તોડપાણીનો પ્રયાસ કર્યો હતો.

# સુરત : ધર્મ પરિવર્તન કેસમાં સરકારી શિક્ષક અને ખેડૂત સહિત ચાર આરોપી જેલભેગા

## આરોપીઓને માંડવી સિવિલ કોર્ટમાં રજૂ કરવામાં આવતા 4 દિવસના રિમાન્ડ

**સુરત**

જિલ્લાના માંડવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કથિત રીતે દબાણપૂર્વક ધર્મ પરિવર્તન કરાવવાના મામલામાં પોલીસે વધુ બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી અને આ સાથે જ આ કેસમાં પકડાયેલા આરોપીઓનો આંકડો હવે ૪ પર પહોંચી ગયો છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં ડેડિયાપાડાના રેલવા મિશન ફળિયાના પ્રાથમિક શિક્ષક ગુરજી કોટિયા વસાવા અને માંડવીના લુહારવાડ નિશાળ ફળિયાના ખેડૂત નવીન ચુનીલાલ ચૌધરીનો સમાવેશ થાય છે. આ બંને આરોપીઓને માંડવી સિવિલ કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે તેમના ૨૨ ડિસેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કરાયા હતા.

આ સમગ્ર મામલો એક મહિલાની ફરિયાદ બાદ પ્રકાશમાં આવ્યો હતો, જેમાં તેણે આક્ષેપ કર્યો હતો કે તેને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા માટે મજબૂર કરવામાં આવી હતી. પોલીસ ફરિયાદ મુજબ, મુખ્ય આરોપી ડો. અંકિત ચૌધરીએ લગ્નની લાલચ આપી મહિલાનું શારીરિક શોષણ કર્યું હતું. ડો. અંકિત અને તેના પિતા રામજી ચૌધરીએ મહિલાને શરત આપી હતી કે જો તે ખ્રિસ્તી ધર્મ અપનાવશે તો જ લગ્ન શક્ય બનશે. નોંધનીય છે કે રામજી ચૌધરી માંડવી તાલુકાના પીપલવાડા ગામની સરકારી પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે અને ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા એક ખાનગી ટ્રસ્ટમાં પણ સક્રિય છે.

# ડાભેલમાં ગૌહત્યા રોકવા ગયેલા યુવકની કસાઈઓએ હત્યા કરી

**નવસારી**

એક ચોંકાવનારી ઘટના બની હતી. ડાભેલામાં ગૌહત્યા રોકવા ગયેલા યુવકની કસાઈઓએ હત્યા કરી હતી. જેથી લોકોમાં આક્રોશ ફેલાયો હતો. મળતી વિગત પ્રમાણે, ડાભેલ ગામમાં પશુ કતલની પ્રવૃત્તિમાં જોડાવાનો ઇનકાર કરવા બદલ કસાઈઓ દ્વારા એક વ્યક્તિ પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. ઇજાગ્રસ્ત દીપક હળપતિનું નવસારી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

ભોગ બનનારના પરિવારના જણાવ્યા અનુસાર, આ ઘટના આશરે ચાર-પાંચ દિવસ પહેલા બની હતી. દીપકે ગાયની કતલ કરવા માટે આરોપીઓ સાથે જવાનો ઇનકાર કર્યો હતો. આ ઇનકારને કારણે બોલાચાલી થઈ હતી, ત્યારબાદ તેના પર કથિત રીતે હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં ગંભીર હાલતમાં રહેલા દીપકનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેનાથી આ મામલો લોકોના ધ્યાને આવ્યો હતો. તેની પત્ની સુનીતાબેન હળપતિએ આક્ષેપ કર્યો હતો કે તેના પતિને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો અને ગંભીર રીતે ઇજાગ્રસ્ત હાલતમાં છોડી દેવામાં આવ્યા હતા.

# સુરતના RFO સોનલ સોલંકીનું સારવાર દરમિયાન મોત, પતિએ ઘડ્યું હતું હત્યાનું કાવતરું

**અમરેલી**


સુરત જિલ્લાના કામરેજ નજીક ગત 6 નવેમ્બરે પતિએ કાવતરું રચી પોતાની જ પત્ની મહિલા RFO સોનલ સોલંકી પર હુમલો કરી મોતને ઘાટ ઉતારવાનું કાવતરું રચ્યું હતું. આ ઘટનામાં મહિલા આરએફઓને ગોળી વાગતાં તાત્કાલિક સારવાર અર્થે સુરતની હોસ્પિટલમાં ખસેડાયા હતા, ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં મંગળવારે સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે પારિવારિક વિખવાદના કારણે પતિ નિકુંજ ગોસ્વામીએ પોતાની જ પત્નીની હત્યા માટે મિત્રને સોપારી આપી હતી. ઘટના સમયે આરોપી પતિ ઘટનાસ્થળથી માત્ર 5 કિમી દૂર હાજર હતો.

# સુરત એરપોર્ટ પરથી 6 કરોડનો હાઈડ્રો વીડ ગાંજો પકડાયો

## 17 કિલો 658 ગ્રામ ગાંજો મળ્યો, મહિલા સહિત 3ની ધરપકડ, 2 મુખ્ય સુત્રધાર વોન્ટેડ જાહેર

**સુરત**

રાજ્યમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટનો મોટો પર્દાફાશ થયો છે. સુરત એરપોર્ટ પર બેંગકોકથી આવેલો 6 કરોડની કિંમતનો ગાંજો ઝડપાયો છે. જે મામલે પોલીસે હાલ એક મહિલા સહિત 3 આરોપીઓ ઝડપી પાડ્યા છે. જ્યારે 2 ફરાર મુખ્ય સૂત્રધારને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે.



સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચના ડીસીપીને અગાઉ એક બાતમી મળી હતી કે, ચેન્નઈના રહેવાસી મોહમ્મદ ઈકબાલ અહેમદ અને મહિલા ખાનરાસીયા અબ્દુલ કપુર કરોડોનો નશીલો પદાર્થ લઈ બેંગકોકથી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ નંબર આઈએક્સ-263 દ્વારા સુરત આવવાના છે. આ બાતમીના આધારે સુરત ક્રાઈમ બ્રાન્ચ, ડુમસ પોલીસ, સીઆઈએસએફ, ડીઆરઆઈ અને એઆઈયુની વિવિધ ટીમો દ્વારા સાંજના સમયે સુરત એરપોર્ટ પર સંયુક્ત ઓપરેશન હાથ ધરાયું હતું. સાંજના 7:40 વાગ્યાની આસપાસ બાતમીવાળી ફ્લાઈટ સુરત એરપોર્ટ પર ઉતરતા જ શંકાસ્પદ મુસાફરોને અટકાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. જે બાદ તેમની ચેક-ઈન ટ્રોલી બેગ ચેક કરતા તેના ઉપર અને નીચે બનાવેલા ખાસ ગુપ્ત ખાનામાંથી અધધ 17 કિલો 658 ગ્રામ 'હાઈડ્રો વીડ' મળી આવ્યો હતો.


આ ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજિત કિંમત રૂ. 6,18,03,000/- છે. આ સિવાય પોલીસે બંને આરોપીઓ પાસેથી 2 મોબાઈલ ફોન, ટ્રોલી બેગ, સ્કૂલબેગ, પાસપોર્ટ, આઈડી કાર્ડ સહિત અન્ય સામગ્રી પણ જપ્ત કરી હતી. પકડાયેલા બન્ને આરોપીઓની પૂછપરછ દરમિયાન ખુલાસો થયો કે, સુરત શહેર ખાતે આ ડ્રગ્સ લેવા માટે તમિમ ઈબ્રાહિમ અન્સારી (ઉ.વ. 42) હાજર હતો. તેને પણ પકડી લેવામાં આવ્યો હતો.

# બાપુનગરમાં હત્યા-આપઘાતની ચોંકાવનારી ઘટના પતિ અને પત્નીના ઘરકંકાસનો લોહિયાળ અંત

## ઉગ્ર બોલાચાલી થતા પતિએ પત્નીના ગળા હાથ પર તીક્ષ્ણ હથિયારથી ઘા માર્યા

**અમદાવાદ**

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા બાપુનગરમાં રવિવારે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેતા એક દંપતી વચ્ચે થયેલા ઝઘડાએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ઉશ્કેરાયેલા પતિએ પોતાની પત્નીની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કર્યા બાદ પોતે પણ ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, બાપુનગરના ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેતા આ દંપતીના લગ્નને ચાર વર્ષ થયા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, કોઈ પારિવારિક કારણોસર દંપતી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વાત વણસતા પતિએ આવેશમાં આવી પત્નીના ગળા અને ડાબા હાથના ભાગે તીક્ષ્ણ હથિયારથી ઉપરાછાપરી ઘા ઝીંક્યા હતા. ગંભીર ઈજાઓને કારણે પત્નીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પત્નીની હત્યા કર્યા બાદ ગભરાયેલા અથવા પસ્તાવો અનુભવતા પતિએ પણ ઘરમાં જ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

મૃતક મહિલા આસપાસની સોસાયટીઓમાં ઘરકામ (કચરા-પોતા) કરીને પરિવારને આર્થિક મદદ કરતી હતી. બનાવની જાણ થતા જ બાપુનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે બંને મૃતદેહોને કબજે કરી પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા છે.

પોલીસ હાલમાં તપાસ કરી રહી છે કે શું પતિએ આત્મહત્યા કરતા પહેલા કોઈ ચિઠ્ઠી લખી છે કે કેમ, છેલ્લા કેટલાક સમયથી દંપતી વચ્ચે કોઈ ગંભીર વિવાદ ચાલતો હતો કે કેમ? એફએસએલ (FSL) ની મદદથી મકાનમાંથી લોહીવાળું હથિયાર અને અન્ય પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે.

# ભાજપ કાર્યકરની હત્યા કેસમાં ચુકાદો મોન્ટુ નામદાર સહિત 4ને આજીવન કેદ

## પ્રેમલગ્ન કરવા બાબતનો વિવાદ હત્યા સુધી પહોંચ્યો

**અમદાવાદ**

અમદાવાદની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટે વર્ષ 2022માં શહેરના ખાડિયા વિસ્તારમાં થયેલી ભાજપ કાર્યકર રાકેશ ઉર્ફે બોબીની હત્યાના કેસમાં આજે ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો છે. કોર્ટે કુખ્યાત આરોપી મોન્ટુ નામદાર સહિત ચાર આરોપીઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. આ ચુકાદાથી ગુનાખોરી આચરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. કોર્ટે તમામ પુરાવાઓ, સાક્ષીઓની જુબાની અને સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખીને ચાર આરોપીઓને કડક સજા સંભળાવી છે. આ હત્યાકાંડ પાછળના મૂળિયા 30 વર્ષ જૂના પારિવારિક ઝઘડામાં રહેલા છે.

અંદાજે ત્રણ દાયકા પહેલા આરોપી મોન્ટુ નામદારે પોતાની પિતરાઈ બહેન નમ્રતા સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. નમ્રતાના પરિવારે આ લગ્નનો સ્વીકાર કર્યો નહોતો અને ત્યારથી જ બંને પક્ષો વચ્ચે કડવાશ હતી.

કૌટુંબિક ઝઘડાઓમાં બોબી હંમેશા નમ્રતાના ભાઈઓનો સાથ આપતો હતો. આ બાબત મોન્ટુ નામદારને ખટકતી હતી અને તેણે બોબી સાથે અદાવત રાખી હતી. વર્ષ 2022માં ખાડિયાની હજીરાની પોળમાં અદાવત રાખીને 5 શખ્સોએ હુમલો કર્યો હતો. ભાજપ કાર્યકર બોબી પર બેઝબોલના દંડા અને લાકડીઓ વડે ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ગંભીર ઈજાઓ થવાને કારણે બોબીનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે ખાડિયા જેવા શાંત વિસ્તારમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી અને પોલીસે તુરંત તપાસના ચક્રો ગતિમાન કરી આરોપીઓની ધરપકડ કરી હતી. મુખ્ય સુત્રધાર અને કુખ્યાત આરોપઓમાં મોન્ટુ નામદાર ઉપરાંત અન્ય આરોપીઓમાં વિશ્વ રામી, જયરાજ દેસાઈ, સુનિલ બજાણિયાનો સમાવેશ થાય છે.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

WWW.SWADESH.NEWS


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# 1500 કરોડના કૌભાંડમાં કલેક્ટર સહિતના અધિકારીઓ ઝપેટમાં

## સુરેન્દ્રનગર અને વઢવાણ પંથકમાં ગાંધીનગર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની ટીમોએ સપાટો બોલાવતા ભારે ખળભળાટ મચ્યો

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર અને વઢવાણ પંથકમાં આજે વહેલી સવારથી જ ગાંધીનગર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની ટીમોએ સપાટો બોલાવતા સરકારી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ગાંધીનગરથી આવેલી 10થી વધુ ટીમોએ જિલ્લા કલેક્ટર, નાયબ મામલતદાર અને વકીલ સહિતના લોકોના નિવાસસ્થાને દરોડા પાડી સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

ગાંધીનગર EDની અલગ અલગ ટીમોએ સુરેન્દ્રનગર અને વઢવાણના શહેરી વિસ્તારોમાં ધામા નાખ્યા હતા. જેમાં જિલ્લા કલેક્ટર ડૉ. રાજેન્દ્રકુમાર પટેલના નિવાસસ્થાને તપાસ હાથ ધરી હતી. સાથે જ વઢવાણ શહેરી વિસ્તારમાં રહેતા અને કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના નિવાસસ્થાને પણ વહેલી સવારથી જ સર્ચ ઓપરેશન શરૂ કરી



દેવામાં આવ્યું છે. આ સિવાય મયુરસિંહ ગોહિલ અને ચેતન કણઝરીયા સહિતના વ્યક્તિઓ પણ EDની રડારમાં આવ્યા છે. આ ઉપરાંત અન્ય 5 થી 6 સ્થળોએ પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ દરોડા પાછળનું મુખ્ય કારણ બેનામી સંપત્તિ અને મોટા પાયે થયેલું મની લોન્ડરિંગ હોવાનું મનાય છે. અંદાજે 1500 કરોડ રૂપિયાના કૌભાંડમાં સરકારી અધિકારીઓની કથિત સંડોવણી બહાર આવતા આ 'સરપ્રાઈઝ ચેકિંગ' હાથ ધરવામાં આવ્યું હોવાનું અનુમાન છે. જમીન સંપાદન વિભાગના અધિકારીઓના ઘરે તપાસ હોવાથી જમીન કૌભાંડની આશંકા પણ પ્રબળ બની છે. સવારથી સાંજ સુધી ચાલેલા આ મેગા સર્ચ ઓપરેશન દરમિયાન EDના અધિકારીઓએ મીડિયા સાથે વાત કરવાનો ઈન્કાર કર્યો હતો અને તમામ વિગતો ગુપ્ત રાખી હતી. જોકે, જિલ્લાના ઉચ્ચ અધિકારીના ઘરે જ ED ત્રાટકતા સમગ્ર વહીવટી તંત્ર અને અન્ય સરકારી બાબુઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. હાલમાં આ મામલે સત્તાવાર જાહેરાતની રાહ જોવાઈ રહી છે.

# કૉંગ્રેસના MLA ચુડાસમાએ પોલીસ કહ્યું, નોકરી કરો, ચમચાગીરી નહીં

**ગીર સોમનાથ**

કૉંગ્રેસની જનઆક્રોશ યાત્રા દરમિયાન વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ પોલીસના પટ્ટા ઉતારી દેવાની વાત કરી હતી, જે ઘણી જ વિવાદાસ્પદ રહી હતી. ત્યારે ફરી કૉંગ્રેસના ગીર સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા અને પોલીસકર્મી વચ્ચેની ગરમાગરમીનો વીડિયો વાયરલ થયો હતો, જેમાં ચુડાસમા પોલીસકર્મીને કથિત રીતે ધમકાવતા હોવાનું જણાઈ રહ્યું છે.

ગડુ ગામ પાસે રસ્તા પર એક ક્રશર મશીન પડ્યું હતું અને તેને અથડાઈને એક બાઈકચાલકનું કરૂણ મોત નિપજ્યું હતું. આ અંગે પોલીસકર્મીએ એમ લખ્યું હતું કે મૃતકની બેદરકારીને લીધે તેનું મોત નિપજ્યું હતું.તેમણે એવો દાવો પણ કર્યો હતો કે અકસ્માતના સમય બાદ પોલીસને સતત ફોન આવ્યા હતા, તેથી તેની તપાસ માટે પણ પોલીસ વડાને પત્ર લખી જણાવ્યું હતું. તેમણે પોલીસકર્મીએ ધમકાવતા એમ કહ્યું હતું કે નોકરી કરો ચમચાગીરી નહીં, મશીનવાળો કોન્ટ્રાક્ટર તારા કાકાનો દીકરો થાય છે, ખબર નહીં પડે ક્યા મૂકી દઈશ. પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર તેઓ આ અંગે જરૂરી કાર્યવાહી કરશે.

# તમને સત્તા આપનારા અમે જ છીએ... ઉનાના લોકો પાકિસ્તાનમાં કેદ માછીમારો મુદ્દે ભડક્યા

## મુક્ત કરાવવા માટે ગાંધીનગર ગયેલા માછીમાર પરિવારો પરત રવાના કરી દીધા

**ગીર સોમનાથ**

પાલડી ગામના રહેવાસી લીલાબેને મીડિયા સમક્ષ રડતી આંખે જણાવ્યું હતું કે, "અમારા ગામના માછીમારો પાકિસ્તાનમાં પકડાયા છે. તે બાબતે રજૂઆત કરવા અમે 2000-2500 રૂપિયા ખર્ચીને અહીં ગાંધીનગર આવ્યા છીએ. પણ અહીં અમારા જેવા ગરીબ લોકોનું કોઈ સાંભળતું નથી. મોટા માણસો અને નેતાઓને સાહેબોને મળવાનો સમય મળે છે, પણ અમને ઓફિસમાં પ્રવેશવા પણ દેવામાં આવતા નથી. સરકાર સામે સીધો સવાલ ઉઠાવતા તેમણે કહ્યું હતું કે, 'જ્યારે મત લેવાના હોય ત્યારે સરકાર ગરીબોના ઘર સુધી લાંબી થાય છે. તમને સત્તા પર બેસાડનારા અમે ગરીબો જ છીએ. જિલ્લા કક્ષાએ અમારી કોઈ સુનાવણી ન થઈ એટલે અમે છેક ગાંધીનગર આવ્યા, છતાં અહીં પણ કોઈ સાંભળતું નથી. ત્યાં પાકિસ્તાનમાં અમારા માછીમારો જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.'

લીલાબેને વધુમાં જણાવ્યું હતું કે, અમે જીતુ વાઘાણીને મળ્યા હતા. તેમણે માત્ર આશ્વાસન આપ્યું કે તેઓ આ બાબતને ધ્યાનમાં લેશે અને પછી અમને રવાના કરી દીધા.

અમે આવેદનપત્ર આપી દીધું છે, હવે સરકાર ઈચ્છે તો ઉકેલ લાવે. પણ અમે આ લડાઈ લડવા માટે મક્કમ છીએ. આ ઘટનાએ ફરી એકવાર સચિવાલયમાં સામાન્ય જનતા અને ખાસ કરીને છેવાડાના માનવીની રજૂઆતો સાંભળવામાં આવતી ઉદાસીનતા પર સવાલો ઉભા કર્યા છે.

# ચલાલામાં નગરપાલિકામાં આંતરિક વિખવાદ બાદ મહિલા પ્રમુખે કલેક્ટરને રાજીનામું આપ્યું

**ચલાલા**

અમરેલી જિલ્લાના રાજકારણમાં નવાજૂનીના એંધાણ દેખાઈ રહ્યા છે. જિલ્લાના ચલાલા (દાન ભગત)માં ભાજપ શાસિત નગરપાલિકામાં પાલિકા પ્રમુખ નયનાબેન વાળાએ સભ્યોના ભારે વિરોધ અને અસંતોષ બાદ અંતે કલેક્ટરને પોતાનું રાજીનામું સોંપી દીધું છે.

ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયાના વતન ચલાલાની ભાજપ શાસિત નગરપાલિકામાં લાંબા સમયથી ચાલતો આંતરિક વિખવાદ હવે સપાટી પર આવ્યો છે. પાલિકાના સભ્યોના



ભારે વિરોધ, અસંતોષ અને ખેંચતાણ બાદ અંતે પાલિકા પ્રમુખ નયનાબેન વાળાએ જિલ્લા કલેક્ટરને પોતાનું રાજીનામું સોંપી દીધું છે. સત્તાવાર રીતે કૌટુંબિક કારણો આગળ ધરવામાં આવ્યા હોવા છતાં, આ રાજીનામા પાછળ પક્ષનો આંતરિક જૂથવાદ મુખ્ય કારણ હોવાનું મનાઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે ચલાલા નગરપાલિકામાં તમામ 24 બેઠકો પર ભાજપનું એકહથ્થુ શાસન હોવા છતાં, છેલ્લા કેટલાક સમયથી પ્રમુખ અને સભ્યો વચ્ચે ગંભીર મતભેદો સર્જાયા હતા. વિરોધ કરી રહેલા સભ્યોનો આક્ષેપ હતો કે પ્રમુખ દ્વારા મનસ્વી રીતે વહીવટ કરવામાં આવતો હતો અને સભ્યોને વિશ્વાસમાં લીધા વિના જ નિર્ણયો લેવાતા હતા, જેના કારણે શહેરના વિકાસના કામો રૂંધાયા હતા.

ઉલ્લેખનીય છે કે, થોડા સમય પૂર્વે જ બહુમતી સભ્યોએ પ્રમુખ વિરુદ્ધ મોરચો માંડ્યો હતો, જેના દબાણ હેઠળ અંતે આ રાજીનામું પડ્યું હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

# કચ્છના ભચાઉમાં ટ્રેક્ટર અને કાર વચ્ચે અકસ્માત, બાળક-ટ્રેઈલર ચાલક ભૂંજાયા

**ભુજ**

કચ્છના ભચાઉ ખાતેના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર જાણે કાળ સવાર થયો હોય તેમ એક સાથે ચાર વાહનો વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માત બાદ, બુકડો બોલી ગયેલી કારમાં બ્લાસ્ટ બાદ વાહનોમાં આગ લાગી હતી. જેમાં એક વર્ષનું માસુમ બાળક અને એક ટ્રેઈલર ચાલકના જીવતા ભૂંજાઈ જવાથી મોત નીપજ્યાં હતાં,વ્હાલસોયા બાળકના મોતથી બેખબર ગંભીર રીતે ઘાયલ દંપતીને સારવાર તળે ભુજની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું.

આ ગોઝારા અકસ્માત અંગે ભચાઉ પોલીસ અને ફાયર શાખા પાસેથી મળી રહેલી પ્રાથમિક વિગતો મુજબ, રવિવારે મોડી રાત્રે ભચાઉ નજીક આવેલા કેસરી ગઢ રિસોર્ટ સામે એક ટાટા નેનો કાર અને આઈસર ટેમ્પોની સામસામી ટક્કર થયા બાદ બંને વાહનોમાં આગ ફાટી નીકળી હતી. કારમાં ફસાઈ ગયેલાં દંપતીનું બાળક વિકરાળ આગમાં જીવતું ભૂંજાઈ ગયું હતું જયારે બ્લાસ્ટ બાદ અગનગોળો બની ગયેલાં આઈસર ટ્રેઈલરના ચાલકનું પણ જીવતા ભૂંજાઈ જવાથી ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. કંઈ સમજે તે પહેલા જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું,

# હિન્દુઓ પર થતા અત્યાચારને હવે નજરઅંદાજ કરી શકાય તેમ નથી : મોરારિબાપુ

**અમરેલી**

આંધ્રપ્રદેશના તિરુપતિમાં ચાલી રહેલી રામકથા દરમિયાન શ્રોતાઓને સંબોધતા મોરારી બાપુએ બાંગ્લાદેશમાં હિન્દુઓ પરના અત્યાચાર પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, "ત્યાંની સ્થિતિ દિવસેને દિવસે અત્યંત નાજુક બની રહી છે અને હિન્દુઓ પર થતા અત્યાચારને હવે લાંબો સમય નજરઅંદાજ કરી શકાય તેમ નથી." તેમણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતની ચિંતાનો પણ ઉલ્લેખ કર્યો અને જણાવ્યું કે જ્યારે સમુદાય પર સંકટ હોય ત્યારે મૌન રહેવું યોગ્ય નથી. બાપુએ હિન્દુ ધર્મની સહનશીલતા અને ભવ્યતા પર ભાર મૂકતા એક મહત્વનો સવાલ ઉઠાવ્યો હતો. તેમણે ભાવુક થઈને પૂછ્યું કે, "આખરે હિન્દુ હોવું એ ગુનો કેમ ગણાય છે?

# કેશોદના મઢડા ગામમાં 'સોનલ બીજ'ની ઉજવણી, શોભાયાત્રા સહિત અનેક કાર્યક્રમો

**જૂનાગઢ**

સૌરાષ્ટ્ર સંત, શૂરા, સતી અને આઈ-દેવીઓની ભૂમિ રહ્યું છે. ત્યારે જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના મઢડા ગામ ખાતે ચારણ જગદંબા આઈ સોનબાઈ માની જન્મજયંતી પોષ સુદ બીજની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ વર્ષે આઈ સોનબાઈ માના 102માં પ્રાગટ્ય મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આજે સવારે માતાજીની મંગળા આરતી બાદ સાડા આઠ વાગ્યે માતાજીની ભવ્ય શોભાયાત્રામાં કાઢવામાં આવી હતી.



જેમાં મોટી સંખ્યામાં આઈના ભાવિક ભક્તો જોડાયા હતા. સોનલ ધામ ખાતે આરતી અને સમૂહ ભોજન (પ્રસાદ) ચારણ સમાજ તથા અઢારે વરણના લોકોએ તેનો લાભ લીધો હતો, બપોરે ત્રણ વાગ્યે સમાજના પરંપરાગત ચારણી રાસનો કાર્યક્રમ યોજાયો હતો.

# રાજકોટમાં ટ્રેનમાં નિવૃત્ત ASI પર હુમલો, લૂંટારુઓ રિવોલ્વર- ફોન લઈને ફરાર

**અમરેલી**

જામનગરના નિવૃત્ત ASI ધર્મેન્દ્રસિંહ જાડેજા ટ્રેન મારફતે અમદાવાદ જઈ રહ્યા હતા. ટ્રેન જ્યારે ધ્રોલ અને પડધરી વચ્ચેથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક ચાર હિન્દી ભાષી બુકાનીધારી શખ્સોએ તેમની સાથે બબાલ શરૂ કરી હતી. લૂંટારુઓએ ટ્રેનમાં રાખેલા 'ફાયર સેફ્ટી'ના બાટલા વડે ધર્મેન્દ્રસિંહ પર હિંસક હુમલો કર્યો હતો. હુમલાખોરો નિવૃત્ત ASIની પરવાનાવાળી રિવોલ્વર અને બે કિંમતી મોબાઈલ ફોન લૂંટીને ટ્રેનમાંથી ફરાર થઈ ગયા હતા. હુમલામાં ધર્મેન્દ્રસિંહને ગંભીર ઈજાઓ પહોંચતા ટ્રેનમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઈજાગ્રસ્ત નિવૃત્ત અધિકારીને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.



## ડોન થ્રીમાં ફરી જોડાવા માટે વિક્રાંત મેસ્સીને ઓફર

મુંબઇ : રણવીર સિંહની ‘ડોન થ્રી’ની ગાડી પાટા પર ફરી ચઢી ચુકી છે. હવે સર્જક ફરહાન અખ્તર આ ફિલ્મમાં વિલન તરીકે ફરી વિક્રાંત મૈસ્સીને લાવવા પ્રયાસ કરી રહ્યો છે. અગાઉ વિક્રાંતે સ્ક્રિપ્ટ તથા તારીખોનાં કારણે આ ફિલ્મ છોડી દીધી હતી. હવે ચર્ચા મુજબ ફરહાને ફરી તેને આ ભૂમિકા ઓફર કરી છે. વિક્રાંત હા પાડે તો સ્ક્રિપ્ટમાં કેટલાક ફેરફારો કરવા પણ ફરહાનની તૈયારી છે. ફરહાને રણવીર અને ક્રિતી સેનનને એક્શન દ્રશ્યો માટે તૈયારી શરુ કરવા જણાવી દીધું છે.

## બોલિવૂડ છોડી દેવાની અફવા પર ઉર્મીલાએ મૌન તોડ્યું, મેં ક્યારેય એક્ટિંગ નથી છોડી



90ના દાયકાની ફેમસ એક્ટ્રેસ ઉર્મિલા માતોંડકર છેલ્લા પાંચ વર્ષથી કોઈ ફિલ્મમાં નથી દેખાઈ, જેના કારણે સતત અફવાઓ ફેલાઈ રહી છે કે તેણે બોલિવૂડ છોડી દીધું છે. પરંતુ હવે આ મુદ્દે ઉર્મિલાએ મૌન તોડ્યું છે અને આ તમામ અફવાઓનો અંત લાવી દીધો છે. એક્ટ્રેસે કહ્યું કે, ‘મેં ક્યારેય એક્ટિંગ નથી છોડી, પરંતુ હું એવી ભૂમિકાની રાહ જોઈ રહી હતી જે મારા ટેલેન્ટ સાથે ન્યાય કરી શકે.’ ઉર્મિલાએ જણાવ્યું કે, ‘મને હવે ફરીથી સારી અને રોમાંચક ઓફરો મળી રહી છે. હું ટૂંક સમયમાં OTT પ્લેટફોર્મ પર પણ ડેબ્યૂ કરવા જઈ રહી છું. હવે ફરીથી સેટ પર પાછા ફરવાનો અને જોરદાર વાપસી કરવાનો સમય આવી ગયો છે.’ હવે ઉર્મિલાએ ખુલાસો કર્યો કે શું તેણે ખરેખર બોલિવૂડ છોડી દીધું હતું? “બ્લેકમેલ” પછી ઉર્મિલા 2022માં DID સુપર મોમ્સ સીઝન 3માં જજ તરીકે દેખાઈ હતી, પરંતુ તે કોઈ ફુલ-ફ્લેઝ્ડ પ્રોજેક્ટ નહોતો. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે, લોકોનું એવું કહેવું છે કે, તમે હવે કામ કરવા માંગતી નથી માગતા. ત્યારે ઉર્મિલાએ સ્પષ્ટ કહ્યું કે, હું હંમેશા મારા કામ માટે સિલેક્ટિવ રહી છું. જો લોકોને લાગે છે કે હું ફિલ્મો નથી કરી રહી, તો હું તેમને દોષ નથી આપી શકતી. પરંતુ સત્ય એ છે કે, મેં ક્યારેય એક્ટિંગ નથી છોડી. ઉર્મિલાએ આગળ કહ્યું કે, હું OTT પ્લેટફોર્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છું કારણ કે અહીં નવા પ્રકારના પાત્રો અને જોનર એક્સપ્લોર કરવાની તક મળે છે. OTTએ એક્ટર્સ માટે એક નવી દુનિયા ખોલી દીધી છે. એવા ઈમોસન્સ અને કેરેક્ટર છે જેને પહેલાં એક્સપ્લોર કરવામાં ન આવ્યા. હું એક OTT શોનું શૂટિંગ પૂર્ણ કરી ચૂકી છું, જે આવતા વર્ષે રિલીઝ થવાની શક્યતા છે. 1991માં “નરસિંહા”થી લીડ એક્ટ્રેસ તરીકે ડેબ્યૂ કરનારી ઉર્મિલાએ રંગીલા, જુદાઈ, સત્ય, કૌન, ભૂત અને પિંજર જેવી યાદગાર ફિલ્મો કરી છે. પોતાના કરિયરને યાદ કરતાં તેણે કહ્યું કે, મારી સૌથી મોટી સિદ્ધિ એ રહી છે કે હું ક્યારેય એક જ પ્રકારની ભૂમિકામાં ન ફસાઈ. મેં હંમેશા મારી જાતને તોડી અને એક નવી છબી બનાવી. ઉર્મિલાએ સ્વીકાર્યું કે 90ના દાયકાની તુલનામાં ઈન્ડસ્ટ્રીમાં પે સ્ટ્રક્ચરમાં સુધારો થયો છે, પરંતુ તેણે એમ પણ કહ્યું કે, મને ક્યારેય મારી ફી ને લઈને કોઈ ફરિયાદ નથી રહી. હું તે સમયની ‘હાઈએસ્ટ પેડ’ એક્ટ્રેસમાંથી એક હતી.

## ઈમરાન હાશ્મી શૂટિંગમાં ઘાયલ, પેટના ભાગે ઘા વાગતા સર્જરી કરાઈ





ઈમરાન હાશ્મી તાજેતરમાં ‘આવારાપન ટુ’નાં શૂટિંગ વખતે એક એક્શન દ્રશ્ય કરવા જતાં ઘાયલ થયો હતો. તેને પેટના ભાગે ઘા વાગતાં તત્કાળ તબીબી સારવારની જરુર પડી હતી અને એક નાની સર્જરી પણ કરવી પડી હતી. જોકે, તે આરામ માટે વધારે દિવસો વેડફ્યા વિના તત્કાળ સેટ પર પાછો હાજર થયો હતો. જોકે, તેની પરિસ્થિતિ વધારે ખરાબ ન થાય તે માટે હવે ફિલ્મનાં એક્શન દ્રશ્યોની કોરિયોગ્રાફીમાં ફેરફાર કરાયો છે. ઈમરાનના ભાગે એક્શન દ્રશ્યો ઘટાડવામાં આવ્યાં છે. તેના કારણે ફિલ્મનાં સમગ્ર શૂટિંગ શિડયૂલમાં પણ કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. વધુ ઈજા થાય અને વધારે દિવસો સુધી શૂટિંગ રખડી પડે તેને બદલે ભલે ઓછું કામ થાય પરંતુ શૂટિંગ સતત ચાલતું રહે તેમ નક્કી કરાયું છે.

## રાજામૌલીની ‘વારાણસી’ 1300 કરોડના બજેટમાં બની રહી છે

મુંબઈ : બોલિવૂડની દેશી ગર્લ પ્રિયંકા ચોપરા ફરી ભારતીય સિનેમામાં કમબેક કરવા જઈ રહી છે. લગ્ન પછી વિદેશમાં વસવાટ કરી રહેલી પ્રિયંકા હોલિવૂડમાં સક્રિય છે. હિન્દી ફિલ્મોમાં ભાગ્યે જ જોવા મળે છે. પરંતુ એસ.એસ. રાજામૌલીની ફિલ્મ વારાણસીના માધ્યમથી પ્રિયંકા બોલિવૂડમાં પાછી ફરી રહી છે. અભિનેત્રીએ કપિલ શર્મા શોમાં કહ્યું કે ફિલ્મનું બજેટ રૂપિયા ૧,૩૦૦ કરોડ છે. કપિલ શર્માએ મજાક કરતાં સવાલ કર્યો કે તે રકમમાં તમારા એકાઉન્ટનાં કેટલા પહોંચ્યા? પ્રિયંકાએ પણ મસ્તી કરતાં કહ્યું કે, ‘શું તમે એમ કહેવા માંગો છો કે બજેટનો અડધો ભાગ મારા બેન્ક ખાતામાં ગયો છે?’ કપિલે જવાબ આપી દીધો કે અર્થ તો એવો જ નીકળે છે . પ્રિયંકાએ કહ્યું કે, ‘તમે ઊંધેથી નાક પકડવા પ્રયાસ કરી રહ્યા છો.’ અને તે પછી સૌ ખડખડાટ હસી પડયા. ફિલ્મની વાત કરવામાં આવે તો રાજામૌલી ફરી વારાણસી ફિલ્મના માધ્યમથી કાંઈક ગ્રાન્ડ લઈને આવી રહ્યા છે. ફિલ્મમાં મહેશબાબુ લીડ રોલમાં છે. પ્રિયંકા ચોપરા પણ તેની સાથે મહત્ત્વની ભૂમિકા નિભાવી રહી છે.

## નોરાની કાર સાથે બીજી કાર અથડાતાં માથામાં ઈજા





મુંબઈ: નોરા ફતેહી શનિવારે મુંબઈમાં સન બર્ન ફેસ્ટિવલમાં પરફોર્મ કરવા જઈ રહી હતી ત્યારે આંબોલી વિસ્તારમાં દારુ પીને કાર ચલાવતા એક કાર ચાલકે તેની કારને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં નોરા કારમાં આમથી તેમ ફંગોળાઈ હતી અને તેનું માથું બારી સાથે જોરથી અફળાયું હતું. નોરાની ટીમ તેને તરત જ નજીકની હોસ્પિટલે લઈ ગઈ હતી. જ્યાં તેને મસ્તિકમાં સામાન્ય ઈજા થઈ હોવાનું કન્ફર્મ થયું હતું. તબીબોએ નોરાને આરામ કરવાની સલાહ આપી હતી જોકે, તે આ સલાહને અવગણીને સાઉથ મુંબઈમાં સન બર્ન ફેસ્ટિવલમાં ડીજે ડેવિડ ગુએટા સાથે તેનાં નિર્ધારિત પરફોર્મન્સ માટે પહોંચી ગઈ હતી. નોરાએ બાદમાં એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેને સ્હેજ ઈજા, સોજા અને મસ્તિકમાં ઈજા થઈ છે પરંતુ પોતે બચી ગઈ એ જ મોટી વાત છે. આ મારી જિંદગીનો સૌથી ડરામણો અનુભવ હતો. તેણે કહ્યું હતું કે પોતે આ જ કારણોસર ડ્રિંક એન્ડ ડ્રાઈવની હંમેશાં વિરોધી રહી છે.


## હૈદરાબાદમાં સામંથા ભીડ વચ્ચે ફસાઈ જતાં ધક્કામુકી થઈ



સાઉથ એક્ટ્રેસ સામંથા પ્રભુ સાથે હૈદરાબાદમાં એક ડરામણી ઘટનાનો ભોગ બની હતી. સાડીના શોરૂમના ઉદ્ઘાટન કરવા માટે પહોંચેલી સામંથાને જોવા માટે કેપિસિટી કરતા વધારે ભીડ જમા થઈ ગઈ હતી. કારમાંથી ઉતર્યા બાદ ભીડ બેકાબૂ થઈ જતાં સામંથા હજારો લોકોની વચ્ચે ફસાઈ ગઈ હતી. કોઈ ગંભીર ઘટના બને તે પહેલા બને તે પહેલા સિક્યુરિટી ગાર્ડે મહામહેનતે સામંથાને સ્ટેજ સુધી પહોંચી હતી. આ ઘટનાના કેટલાક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. જેમાં સામંથા ભીડ વચ્ચે ફસાયેલી જોવા મળે છે. ધક્કા-મુક્કી અને ખેંચતાણ વચ્ચે સામંથા અનકમ્ફર્ટેબલ જોવા મળી હતી. કાર્યક્રમમાં વધારે રોકાવાના બદલે સામંથા સીધા જ એરપોર્ટ પર જવા નિકળી ગઈ હતી. હૈદરાબાદથી મુંબઈ આવેલા સામંથાને એરપોર્ટ પીકઅપ કરવા માટે તેનો પતિ રાજ નિદિમોરુ જાતે ડ્રાઈવ કરીને પહોચ્યો હતો.


## 35 વર્ષીય અભિનેત્રી એલી એવરામ કૃષ્ણ ભક્ત બની

બોલિવૂડની ગ્લેમરસ દુનિયામાં પોતાની ઓળખ બનાવનાર 35 વર્ષીય અભિનેત્રી એલી અવરામ હાલમાં પોતાની આધ્યાત્મિક સફરને લઈને ચર્ચામાં છે. એલી હવે સંપૂર્ણપણે કૃષ્ણ ભક્તિમાં લીન થઈ ગઈ છે અને ઈસ્કોન મંદિર તેના માટે શાંતિનું ધામ બની ગયું છે. એલીએ તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં ખુલાસો કર્યો હતો કે તેનો ભગવાન કૃષ્ણ સાથેનો સંબંધ ઘણો ઊંડો અને અંગત છે. તેણે જણાવ્યું કે, ‘જ્યારથી હું ભારત આવી છું ત્યારથી હું આધ્યાત્મિકતા વિશે ઘણું શીખી રહી છું. મારા અંકલે મને ‘કૃષ્ણા’ નામ આપ્યું છે અને ત્યાંથી જ મારી આ સુંદર સફરની શરૂઆત થઈ છે.’ એલી માટે મંદિર જવું



એ માત્ર દર્શન પૂરતું મર્યાદિત નથી, પરંતુ એક આત્મિક અનુભવ છે. તે કલાકો સુધી ઈસ્કોન મંદિરમાં બેસીને ભગવાનની ભક્તિમાં મગ્ન રહે છે. તે કહે છે કે તેને ત્યાંના શાંત વાતાવરણમાં જે એનર્જી મળે છે, તે તેને પ્રોફેશનલ લાઈફના તણાવમાંથી મુક્તિ અપાવે છે. એલીના મતે, ‘કૃષ્ણ કોન્શિયસનેસ’માં તેને અતૂટ શ્રદ્ધા છે. મૂળ સ્વીડનની એલી અવરામે 2013માં ફિલ્મ ‘મિક્કી વાયરસ’થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યારબાદ તે ‘બિગ બોસ’ અને ઘણી ફિલ્મોમાં જોવા મળી છે. છેલ્લા 12 વર્ષથી ભારતમાં રહેતી એલી હવે ભારતીય સંસ્કૃતિ અને ભક્તિના રંગમાં સંપૂર્ણપણે રંગાઈ ગઈ છે.




હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

### દેવભાષા થકી ટેકનોલોજીની દુનિયામાં ક્રાંતિના અણસાર

# કમ્પ્યૂટરોને સંસ્કૃત-પાણિનીના સૂત્રોને આધારે ચલાવવા મથામણ

**ઓફબીટ**
ધવલ શુક્લ

કમ્પ્યૂટરની શોધ થઈ ત્યારથી ડિજિટલ યુગમાં માણસોનો પ્રવેશ થવા લાગ્યો હતો. તેમાંય છેલ્લાં એક દાયકામાં જે ડિજિટલ ક્રાંતિ થઈ છે તે અકલ્પનીય છે. આ સંજોગોમાં કમ્પ્યૂટરની ભાષાનો વિવાદ જે વર્ષોથી ચાલ્યો આવે છે તે હજી પણ અકબંધ છે. એક સમયે કમ્પ્યૂટરનો જ પ્રભાવ હતો ત્યારે તેની કમાન્ડ લેન્ગવેજ અને કોડિંગ અંગે એવું માનવામાં આવતું હતું કે, અંગ્રેજી અને ગણિતને આધિન જ કામ કરશે. તેના કારણે હિન્દી ભાષામાં કે અન્ય પ્રાદેશિક ભાષામાં કામ કરવામાં મુશ્કેલી સર્જાતી હતી. આ મુશ્કેલી આજના સમયે પણ ઠેરની ઠેર છે. ઘણા સમય પહેલાં ફોર્બ્ઝ મેગેઝિનના અહેવાલમાં ઉલ્લેખ હતો કે, સંસ્કૃત કમ્પ્યૂટર માટે સૌથી વધારે યોગ્ય ભાષા છે. કમ્પ્યૂટરની રચના અને કમાન્ડિંગ તથા કોડિંગમાં જો સંસ્કૃત ભાષાનો ઉપયોગ કરવામાં આવે તો કામ વધારે સરળતાથી થઈ શકે તેમ છે.

સંશોધકોના મતે સંસ્કૃત સૌથી વધારે તર્કસંગત અને વ્યાકરણની દ્રષ્ટિએ વૈજ્ઞાનિક ભાષા છે. તેનો સૌથી મોટો ફાયદો એ છે કે, આ ભાષાને હિન્દી, મૈથિલી, ઊર્દુ, ઓડિયા, બાંગ્લા, મરાઠી, ગુજરાતી, સિંધી, પંજાબી, બુંદેલી, અવધી, બ્રિજ અને અન્ય આધુનિક ભાષાઓની તથા બોલીઓની જનની ગણવામાં આવે છે. સંસ્કૃતની ભાષાકિય સચોટતા અને તાર્કિકતાના કારણે જ રોબોટિક્સ, એડવાન્સ કમ્પ્યૂટિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા ક્ષેત્રોમાં તેના ઉપયોગની શક્યતા વધુ છે.

હાલમાં નાસા અને મુંગેર ખાતે આવેલી યોગ યુનિવર્સિટી દ્વારા સંસ્કૃતિને કમ્પ્યૂટરની ભાષા બનાવવા માટે ભરપૂર પ્રયાસ કરાઈ રહ્યો છે. સંસ્કૃતની જે વ્યાકરણ પ્રણાલી છે, તે ત્રણ હજારથી પણ વધારે વર્ષ જૂની છે. તે સમયે મહર્ષિ પાણિની દ્વારા તેને રચનાબદ્ધ કરાઈ હતી. વૈજ્ઞાનિકો સ્પષ્ટ રીતે આ ભાષાને ભાષા વિજ્ઞાનનું અદ્વિતિય અને ઉત્તમ ઉદાહરણ માને છે. પાણિનીનું વ્યાકરણ સંસ્કૃત ભાષા માટે લખાયેલા અષ્ટાધ્યાયી નામના ગ્રંથ ઉપર આધારિત છે. જેમાં લગભગ ચાર હજાર જેટલા સૂત્રો છે. આ વ્યાકરણ અત્યંત વૈજ્ઞાનિક પદ્ધતિથી લખાયેલું છે. તેના દ્વારા જ સંસ્કૃત ખૂબ જ આયોજનબદ્ધ ભાષા લાગે છે.



પાણિની દ્વારા અપનાવાયેલી આ ભાષાકીય પદ્ધતિને દુનિયાની પહેલી ઔપચારિક ભાષા વિધિ પણ માનવામાં આવે છે. તેમાં સહાયક પ્રતિકો એટલે કે પ્રત્યયનું જે માળખું છે તેણે કમ્પ્યૂટર પ્રોગ્રામિંગ લેન્ગવેજ ડેવલપમેન્ટમાં ખૂબ જ મોટી ભૂમિકા ભજવી છે. હાલમાં ભારત, અમેરિકા અને જર્મનીના સંશોધકો દ્વારા તથા કમ્પ્યૂટર ટેકનોલોજી અને કોડિંગ લેન્ગવેજના એક્સપર્ટ દ્વારા પાણિનીના સંસ્કૃત સૂત્રોને એક ગાણિતિક મોડલમાં ગોઠવવામાં આવી રહ્યા છે. તેના દ્વારા કમ્પ્યૂટરને સમજાય તેવી સચોટ ભાષાનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં સંસ્કૃત ભાષાનો ઉપયોગ કરવાના પ્રયોગો ચાલી રહ્યા છે.

એક વખત આ ભાષાનું સર્જન થઈ જશે તો પાણિનીના સૂત્રો દ્વારા કમ્પ્યૂટર માટેની પહેલી આર્ટિફિશિયલ ભાષાનું સર્જન થઈ જશે, જેનો ઉપયોગ નાસાની પ્રયોગશાળાથી માંડીને દુનિયાભરની મોટાભાગની પ્રયોગશાળાઓમાં પણ થશે. તેની અસર એવી થશે કે હાલમાં કમ્પ્યૂટરમાં ભાષાની જે સમસ્યા છે તેનો લગભગ ઉકેલ મળી જશે. પાણિનીના સૂત્રોનો અભ્યાસ કરીને દુનિયાભરના વૈજ્ઞાનિકો આશ્ચર્યચકિત છે. વ્યાકરણના આ સૂત્રો કમ્પ્યૂટરની ભાષા કોબોલ અને ફોરટ્રાનને સમાંતર ભાષા જેવા લાગી રહ્યા છે. કોબોલ એટલે કે કોમન બિઝનેસ ઓરિએન્ટેડ લેન્ગવેજ છે. આ એક અંગ્રેજી જેવી પ્રોગ્રામિંગ ભાષા છે, જેનો વ્યાવસાયિક ઉપયોગ માટે જ વિકાસ કરાયો હતો. ફોરટ્રોન એટલે કે ફોર્મ્યુલા ટ્રાન્સલેશન કહેવાય છે. આ પહેલી ઉચ્ચ સ્તરીય પ્રોગ્રામિંગ ભાષા છે જાન બેક્સ અને તેમના સાથીઓ દ્વારા ૧૯૫૭માં આઈબીએમ માટે વિકસાવવામાં આવી હતી. તેનો મુખ્ય ટાર્ગેટ ગણિતિય સૂત્રોને કમ્પ્યૂટર કોડમાં બદલવાના હતા, જે જેને વૈજ્ઞાનિક અને એન્જિનિયરિંગ ગણતરીઓ માટે યોગ્ય બનાવે છે. અંગ્રેજીમાં મોટી સંખ્યામાં શબ્દોનું ઉચ્ચારણ અને અર્થ અસ્પષ્ટ અને અલગ અલગ થાય છે.

સ્થિતિ એવી આવે છે કે, મામા, કાકા, ફુઆ, માસા માટે માત્ર અંકલ શબ્દ વપરાય છે, તેવી જ રીતે માસી, કાકી, મામી, ફોઈ માટે આન્ટી શબ્દનો ઉપયોગ થાય છે. બીજી તરફ નદીના કિનારાને બેન્ક કહેવાય છે અને આર્થિક લેવડદેવડ સાથે સંકળાયલી સંસ્થાને પણ બેન્ક કહેવાય છે. આવા શબ્દો કોડિંગમાં ભ્રમ ઊભો કરતા હોય છે. કમ્પ્યૂટર સાયન્સ સાથે સંકળાયેલા સંશોધકો એ ભાષાને જ કમ્પ્યૂટર માટે કુદરતી ભાષા કે સૌથી વધારે યોગ્ય ભાષા માને છે, જેમાં ભ્રમ ઊભો થતો નથી. જે ભાષાઓમાં સમસ્યા થતી હોય હોય, તેને કૃત્રિમ ભાષા કહેવાય છે. પાણિનીના વ્યાકરણમાં સંસ્કૃતને પૂર્ણ, સ્પષ્ટ અને સંક્ષિપ્ત તથા સૂત્રબદ્ધ કરવામાં આવ્યું છે. અમેરિકા, જર્મની અને ભારતના સંશોધકો દ્વારા પાણિનીના સંસ્કૃત સૂત્રોને એક ગણિતિય સૂત્રની જેમ તૈયાર કરીને તેના થકી કોડિંગનો પ્રયાસ થઈ રહ્યો છે.

સંશોધકો દ્વારા જે દિવસે આ કોડિંગ લેન્ગવેજમાં સફળતા મેળવવામાં આવે તે દિવસે કમ્પ્યૂટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને પોતાના નેચરલ લેન્ગવેજ મળી જશે. જાણકારો માને છે કે, સંસ્કૃતની વાક્યરચના ગાણિતિક રીતે એટલી સુસંગત છે કે તેને એક કમ્પ્યૂટર માટે સૌથી અનુકુળ ભાષા માનવામાં આવી રહી છે. તેની મદદથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સમાં ઘણા કામ થયા છે. ભારતમાં ટેકનિકલ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં તથા કમ્પ્યૂટિંગ અને એઆઈના અભ્યાસક્રમો ચાલી રહ્યા છે. આવી તમામ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં સંસ્કૃતનો ઉપયોગ કરવા માટે કામગીરી ચાલી રહી છે. અગત્યની વાત એ છે કે, એક વખત આ કામગીરી પૂરી થઈ ગઈ ત્યારબાદ ટેકનોલોજી ફિલ્ડમાં પણ સંસ્કૃતના જાણકારો માટે રોજગારીની ઉજળી તકો હશે. વર્તમાન સમયમાં શિક્ષણનું સ્વરૂપ પણ બદલાઈ રહ્યું છે. ખાસ કરીને રોજગારીના અવસરો વધે તે પ્રકારે શિક્ષણ અને તેના અભ્યાસક્રમ વિકસાવવામાં આવી રહ્યા છે. તેનાથી ફાયદો એ થયો છે કે, હવે યુનિવર્સિટીઓમાં પણ એવી જ ભાષાનો અભ્યાસ કરાવાઈ રહ્યો છે જેનાથી વિદ્યાર્થીઓને રોજગારી મળી રહે. સંસ્કૃત કમ્પ્યૂટિંગની ભાષા સાબિત થઈ જશે તો ડિજિટલ ભારતની ભાષા પણ સંસ્કૃત જ બની જશે. તેના થકી ભારતીય ભાષાઓને ડિજિટલ ભાષા બનતા સમય નહીં લાગે. સંસ્કૃત જ્ઞાન, મૂલ્ય અને વિજ્ઞાનને એકસૂત્ર કરતી ભાષા માનવામાં આવે છે. બાઈનરી કોડિંગને કમ્પ્યૂટરનું ભવિષ્ય માનવામાં આવી રહ્યું છે. પારંપરિક કમ્પ્યૂટર બિટ ઉપર કામ કરે છે અને ક્વોન્ટમ કમ્પ્યૂટર ક્યૂબિટ ઉપર કામ કરતું હોય છે. તેનું કોડિંગ તે રીતે થાય છે. પારંપરિક કમ્પ્યૂટરમાં દરેક બિટનું મૂળ શૂન્ય અથવા એક હોય છે. દરેક કમ્પ્ટૂર શૂન્ય અને એકની ભાષામાં જ ઈનપુટ ડિવાઈસ થકી અપાતા કમાન્ડને સમજે છે અને તે પ્રમાણે કામ કરે છે. બીજી તરફ ક્વોન્ટમ કમ્પ્યૂટરની એકસાથે જ શૂન્ય અને એકને ગ્રહણ કરી લે છે. તેના કારણે તેની ઝડપ અત્યંત વધારે હોય છે અને સુપર કમ્પ્યૂટરમાં મલ્ટિ ટાસ્કિંગ એકદમ સરળ છે. તેમાં ડેટા સ્ટોરેજ અને કામગીરીને પણ કોઈ મુશ્કેલી આવતી નથી. હવે આ તમામ કમ્પ્યૂટરોમાં સંસ્કૃતનો ઉપયોગ કરીને તેને વધારે ક્રિયાશિલ અને પરિણાલક્ષી બનાવવાનું લક્ષ્ય છે.

**સંશોધકોના મતે ત્રણ હજારથી વધુ વર્ષ જૂની વ્યાકરણ પ્રણાલી ધરાવતી સંસ્કૃતમાં ભાષાકિય સચોટતા અને તાર્કિકતા છે. તેથી AI માટે લેન્ગવેજ પ્રોગ્રામ થાય તો ભાષાકીય સમસ્યાનો અંત આવી જશે, હાલ રોબોટિક્સ, એડવાન્સ કમ્પ્યૂટિંગ, AIમાં ઉપયોગની શક્યતા વધી છે**

# પ્રભુ ઈસુનો જન્મ દિવસ "નાતાલ"

Gujarati Church of Canada

**''સુણો દૂતો ગાય છે,'' ધન્ય બાળક શયને,**
**ભૂલોક શાંતતા દયા, માનવ દેવ સન્નિધ થયા''**
**હે સહુ પ્રજા ઉમંગે, ગાઓ સ્વર્ગી સેન સંગે,**
**દૂતો સાથે જણાવો, ''બેથલેહેમ ખ્રિસ્ત જનમ્યા''**
**પ્રભુના દૂતની વાણી ઘેટાંપાલકોને સંભળાઈ**
**''બીહો મા, કેમ કે જુઓ, હું મોટા આનંદની સુવાર્તા**
**તમને કહું છું અને તે સર્વ લોકોને માટે થશે**
**કેમ કે આજ દાઉદના શહેરમાં તમારે સારૂ એક**
**તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યો છે.''**

''પ્રભુ ઈસુનો જન્મદિવસ, એટલે આનંદનો દિવસ. જે ડિસેમ્બર 25મી તારીખે સમસ્ત દુનિયામાં ખુબ જ આનંદથી ઉજવવામાં આવે છે. કારણ કે, આપણે સારૂ, એટલે આખી દુનિયાની માનવજાત માટે, પાપોની માફીને માટે, એક તારણહારનો જન્મ થયો. દૂતો દ્વારા માતા મરીયમને આગાહી કરવામાં આવી કે, તેનું નામ ''ઈમાનુએલ'' અર્થાત દેવ આપણી સાથે'' પાડવામાં આવ્યું. ઈસુનો જન્મ એક યરૂશાલેમ શહેરમાં એક ઘેટા-બકરાની ગભાણમાં થયો હતો, પ્રભુને આ દુનિયામાં આવવાને માટે કોઈ જ જગ્યા નહોતી.

''સાચે જ એક કવિએ લખ્યું છે,

**''પૃથ્વી જનમવા દેવે નિહાળી, લાગી ગભાણ એક સારી,**
**પ્રાણી પંખીઓ માટે કોતરમાળા, છાપરી મળેય નહિ તારી**
**હદ તો પ્રીતિએ તુજવાળી, પ્રભુજી મારા''**
**પરંતુ આનંદની વાત તો એ છે, કે જે ઘાસની પરાળમાં**
**પ્રભુએ જન્મ લીધો, તે સમસ્ય જગતના તારણહાર બન્યા.''**
**''મોટા આનંદની સુવાર્તા પ્રથમ ઘેટાપાલકોને કે જેઓ શતનાં સમયમાં ખુલ્લા મેદાનમાં ઘેટાને સાચવતા હતા, ત્યારે પ્રભુના**
**દૂત દ્વારા જણાવવામાં આવ્યું. પ્રભુ ઇસુનાં જન્મથી વધામણી**
**આપી છે. ''બીહો માં, કેમકે જુઓ હું મોટા આનંદની સુવાર્તા''**




તમને કહું છું, અને તે સર્વ લોકોને માટે થશે, કેમકે આજ દાઉદના શહેરમાં તમારે સારૂ એક તારનાર એટલે ખ્રિસ્ત ઈસુ જન્મ્યો છે, તમારે સારૂ એ નિશાની છે કે તમે એક બાળકને ગભાણમાં સૂતેલો જોશો.'' (લુકની સુવાર્તા 2:10, 11 કલમ)

કેટલો બધો એ આનંદનો દિવસ, ફક્ત ખ્રિસ્તી લોકો જ નહીં, પરંતુ સમસ્ત વિશ્વ આ દિવસ ઉજવે છે. આ દિવસોમાં ઉજવણી સાથે ક્રિસમસ ટ્રીને શણગારવામાં આવે છે, બાળકોને માટે ભેટ મુકવામાં આવે છે અને ઘરોમાં પ્રાર્થના દ્વારા બાયબલના વચનો દ્વારા જન્મદિવસનો આભાર માનવામાં આવે છે. રંગબેરંગી લાઈટ્સથી દરેક જગ્યાને શણગારવામાં આવે છે.

પરંતુ ખરો આનંદ તો એ છે કે, મહાનપિતાએ આપણે સર્વ માનવજાત ઉપર પુષ્કળ પ્રેમ કર્યો ને તે તેના અકના એક પુત્ર ઈશુ ખ્રિસ્ત દ્વારા પ્રગટ કરવામાં આવ્યો. નવા કરારમાં યોહાનની લખેલી સુવાર્તામાં અધ્યાય 3:16 કલમના કહેલું છે કે,

કેમ કે, દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાંકીજનિત દીકરો આપ્યો, એ સારૂ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે, તેનો નાશ ન થાય પણ તે અનંતજીવન પામે.

પ્રભુ ઈસુ આ દુનિયામાં આવ્યા કે, જેથી જગતમાં લોકોને પાપોની માફી મળે, નવુ જીવન મળે અને અજ્ઞાનતામાં જીવતા લોકોને અજવાળુ એટલે સાચુ જ્ઞાન મળે, તેના માટે આવ્યા. શાંતિ અને પ્રેમનો સંદેશ એકબીજાને માફી આપવાનો સંદેશ, નિરાધાન અને ગરીબોને મદદગાર થવાનો સંદેશ, એજ પ્રભુ ઈસુના જન્મની સાચી રીતે ઉજવણી કરી કહેવાય.

જેઓ પ્રભુ ઈસુમાં વિશ્વાસ કરે છે, તેઓ અને અન્ય લોકો આ દિવસે પ્રભુ મહિરમાં જાય છે. ગીતો, પ્રાર્થના અને બાયબલના જીવનદાયક વચનો દ્વારા પ્રભુની સ્તુતિ, આરાધના કરે છે.

પ્રભુ ઈસુનો આપણા સર્વ પરનો નિઃસ્વાર્થ પ્રેમ આપણને અજવાળાનાં માર્ગ પર લઈ જાય છે, તે જ પ્રેમ આપણે એકબીજા સાથે વહેંચીએ તે જ નાતાલનો ખરેખર આનંદ છે.

**સર્વને નાતાલની પ્રેમી સલામ**
**ગુજરાતી ચર્ચ ઓફ કેનેડા.**
**website : www. gujaratichurchofcanada.com**

Gujarati Church of Canada

Gujarati Church of Canada
CHRISTMAS 2025
EVER SUNDAY WORSHIP SERVICE 12:30
Dec 24 th Christmas eve English service
united with
NBUC 7:00 PM

December 25 Christmas Service
11:00AM Meet & Greet ,after Church service
Lunch & Garba& Celebration
(Food $25 Per person , $5 International Students
Upto age 12 Free)


January 1st New Year Service
11:00AM Meet & Greet ,after Church service
Lunch & Garba& Celebration
(Food $25 Per person , $5 International Students &
Upto age 12 Free)

363 Howden Blvd, Brampton, ON L6S 4L6
Rev Mahendra Christi

Gujarati Church of Canada

In Him (Jesus), We have redemption through His Blood, the forgiveness of Sins - Ephesians: 1:7

All are welcome to attend the worship services prayerfully and be blessed



PLEASE CONTACT
Rev. Mahendra Christi-Pastor
416-948- 1757
Veena Navgiri - Secretary
Emmanuel Innocent-Treasurer
Email: mahendrachristi@hotmail.com
363 Howden Blvd., Brampton
ON, L6S 4L6.

# કેનેડામાં ફેલાતાં ફ્લૂથી હોસ્પિટલાઈઝ થવાના દરમાં ઉછાળો

## 13 ડિસેમ્બર સુધીના અઠવાડિયામાં ફ્લૂના 11,646 નવા કેસ : સંખ્યાની દ્રષ્ટિએ દર્દીઓ વધવાનો દર 91થી વધીને 186 થઈ ગઈ ગયો

**ટોરોન્ટો**

હેલ્થ કેનેડાના તાજેતરના આંકડા દર્શાવે છે કે, કેનેડામાં ઈન્ફ્લ્યુએન્ઝાથી હોસ્પિટલમાં દાખલ થવાનો દર ઉપલબ્ધ ડેટાના પાછલા અઠવાડિયાની તુલનામાં લગભગ બમણો થઈ ગયો છે. ચેપ હવે લગભગ 30 ટકા વધી ગયો છે. 13 ડિસેમ્બરના રોજ પૂરા થયેલા અઠવાડિયામાં કેનેડામાં ફ્લૂના 11,646 નવા કેસ જોવા મળ્યા હતા, જેનો અર્થ એ થયો કે દેશમાં હાથ ધરવામાં આવેલા તમામ પરીક્ષણોમાંથી 27.7 ટકા પોઝિટિવ આવ્યા હતા. આ અગાઉના અઠવાડિયાની તુલનામાં 71 ટકાનો વધારો હતો, જેમાં 6,799 નવા કેસ અને 20.2 ટકાનો પોઝિટિવિટી દર જોવા મળ્યો હતો. ફ્લૂના કારણે વધુ કેનેડિયનો હોસ્પિટલમાં દાખલ થઈ રહ્યા છે, જેમાં 100,00 વસ્તી દીઠ 6.2 લોકો હોસ્પિટલમાં દાખલ થયા છે. જે અગાઉના અઠવાડિયા 3.9થી વધુ છે. ડેટા દર્શાવે છે કે, કેનેડામાં સંખ્યાની દ્રષ્ટિએ ડિસેમ્બરના પહેલા




અઠવાડિયામાં દર્દીઓ વધવાનો દર 91થી વધીને 186 થઈ ગઈ ગયો છે. આ અઠવાડિયા દરમિયાન ૧૧ પ્રાંતો અને પ્રદેશોના ૪૪ પ્રદેશોમાં ઈન્ફ્લ્યુએન્ઝા પ્રવૃત્તિ નોંધાઈ છે. બ્રિટિશ કોલંબિયા, આલ્બર્ટા, સાસ્કાચેવાન, ઓન્ટેરિયો અને ક્યુબેકના ૧૧ પ્રદેશોમાં "વ્યાપક" ફ્લૂ પ્રવૃત્તિ નોંધાઈ છે. સૌથી નાના અને વૃદ્ધ કેનેડિયનો સૌથી વધુ અસરગ્રસ્ત થઈ રહ્યા છે. સાપ્તાહિક હોસ્પિટલમાં દાખલ થવાનો સૌથી વધુ દર ૬૫ વર્ષ અને તેથી વધુ ઉંમરના પુખ્ત વયના લોકો અને ચાર વર્ષ અને તેથી ઓછી ઉંમરના બાળકોમાં હતો. ઓટાવામાં, પાંચથી નવ વર્ષની વયના ત્રણ બાળકો ઈન્ફ્લ્યુએન્ઝા A-સંબંધિત ગૂંચવણોથી મૃત્યુ પામ્યા છે, શહેરના આરોગ્ય અધિકારીઓએ છ મહિનાથી વધુ ઉંમરના કોઈપણ વ્યક્તિને રસી અપાવવા વિનંતી કરી છે. નવેમ્બરમાં પૂર્વી ઓન્ટેરિયોની ચિલ્ડ્રન્સ હોસ્પિટલમાં ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીમાં આઠ ગણા વધુ બાળકો પોઝિટિવ જોવા મળ્યા અને હોસ્પિટલમાં દાખલ થવા માંગતા બાળકોની સંખ્યા બમણી થઈ ગઈ હતી. આલ્બર્ટામાં, ઈમરજન્સી રૂમમાં ઈન્ફ્લ્યુએન્ઝા દર્દીઓનો પૂર જોવા મળી રહ્યો છે કારણ કે પ્રાંતમાં એક અઠવાડિયામાં કેસ 70 ટકા વધી ગયા છે.

# નાતાલની રજાઓ છતાં કેનેડાના લોકોમાં ખર્ચમાં ઘટાડાનું વલણ હજી યથાવત રહ્યું

### ટેરિફને કારણે અનેક લોકોએ યુએસ ઉત્પાદનની ખરીદી ટાળી

**ઓન્ટેરિયો**

રજાની મોસમ વચ્ચે કેનેડિયન લોકો ખર્ચમાં કાપ મુકી રહ્યા છે. ઘણા કેનેડિયનોએ આ વર્ષે યુએસ સાથે ચાલી રહેલી ટ્રેડ વૉર દરમિયાન અમેરિકન ઉત્પાદનોનો બહિષ્કાર કરવા માટે તેમની ખરીદીની આદતો બદલી છે, ત્યારે અહેવાલો દર્શાવે છે કે, લોકો રજાઓની ખરીદીના સમયગાળા દરમિયાન મૂલ્ય પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. હેલિફેક્સ-એરિયાના બિઝનેસ પ્રોફેસર એડ મેકહ્યુગે જણાવ્યું હતું કે, આ સ્થિતિ ત્યારે આવી છે જ્યારે તમામ કદના વ્યવસાયો ગુજરાન ચલાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. હજી આશા છે કે, રજાઓનો ખર્ચ નફામાં વધારો કરશે. આપણામાંથી ત્રીસ ટકા લોકો કેનેડિયન ખરીદી કરવા માંગે છે અને તેમાના ૫૬ ટકા લોકો સ્થાનિક ચીજવસ્તુની ખરીદી કરવા જ ઈચ્છે છે. સમસ્યા એ છે કે, ઓનલાઈન શોપિંગ વિશ્વ ઝડપથી વધી રહ્યું છે. મેકહ્યુગે કહ્યું કે તેઓ અપેક્ષા રાખે છે કે, લોકો ફૂડ બાસ્કેટ, ઘરે બનાવેલી ભેટો અને સેકન્ડ હેન્ડ રમકડાં અને કપડાં જેવી વધુ વિચારશીલ ભેટો ખરીદશે. તેમણે ડેલોઈટના એક અહેવાલ તરફ ધ્યાન દોર્યું હતુ, જે દર્શાવે છે કે, ગ્રાહકો અન્ય વિવેકાધીન શ્રેણીઓમાં આઠ ટકાનો ઘટાડો કરી રહ્યા છે. કેપ બ્રેટોનમાં, સ્થાનિક ચેમ્બર ઓફ કોમર્સ આર્થિક અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને ખરીદદારોને તેમના પૈસા સમુદાયમાં રાખવા માટે દબાણ કરી રહ્યું છે.

મેકહ્યુગે કહ્યું કે, તેમને આશ્ચર્ય થયું છે કે, ફેડરલ સરકારે 2024ની રજાઓની મોસમ દરમિયાન ખરીદદારોને ટેકો આપવા માટે રચાયેલ GST રજા પાછી લાવી નથી. રમકડાં, રેસ્ટોરન્ટ ભોજન, બીયર અને બાળકોના કપડાં જેવી પસંદગીની વસ્તુઓ GST-મુક્ત વેચાઈ હતી.

# ઓટાવામાં સિંગલ-યુઝ પ્લાસ્ટિક નિકાસ પર પ્રતિબંધ મૂકવાની યોજના સ્થગિત

### નિકાસ પ્રતિબંધ 20 ડિસેમ્બરથી અમલમાં આવવાનો હતો

**ઓટ્ટાવા**

ફેડરલ સરકાર સિંગલ-યુઝ પ્લાસ્ટિક પરના આયોજિત નિકાસ પ્રતિબંધને સ્થગિત કરી રહી છે કારણ કે ટેરિફ અને સપ્લાય ચેઈનના મુદ્દાઓ "ઘરેલું અર્થતંત્ર પર નોંધપાત્ર દબાણ" બનાવી રહ્યા છે. સરકારે શનિવારે કેનેડા ગેઝેટ દ્વારા સિંગલ-યુઝ પ્લાસ્ટિક નિકાસ પ્રતિબંધ સાથે આગળ ન વધવા અંગે 70-દિવસની પરામર્શ શરૂ કરી હતી. સરકાર કહે છે કે નિકાસ પ્રતિબંધથી અપેક્ષિત પર્યાવરણીય લાભ પર પ્રગતિ આર્થિક અસરના પ્રમાણસર નથી. ગેઝેટમાં પ્રકાશિત નોટિસ મુજબ,




પ્લાસ્ટિક ક્ષેત્રે 2023 માં સિંગલ યુઝ પ્લાસ્ટિકના શિપિંગમાંથી $35 બિલિયનની આવક ઉભી કરી હતી. કરિયાણાની થેલીઓ, સ્ટ્રો, કટલરી અને કેન માટે રિંગ કેરિયર જેવા સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સ્થાનિક પ્રતિબંધ યથાવત છે. નિકાસ પ્રતિબંધ 20 ડિસેમ્બરથી અમલમાં આવવાનો હતો.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room, Located in downtown Huntsville. Absentee owner, Employees run for last 3 years.
Owner operator can make more money

- 78 Room Hotel Ramada Inn – SOLD
- 12 Room Motel and Restaurant in Manitulin Island – SOLD
- 17 Room Motel near Chattham – SOLD
- 12 Room Motel in Blind River – Sold Conditional
- 21 Room Motel with Restaurant in Muskoka – Sold Conditional
- 54 Room Resort in 1000 Islands on 7 acres land – Sold Conditional

43 Room Motel with 241 Pizza Restaurant with Building in Cochrane – $4.5M
Renovated Rooms, Situalted on 6 Acres of the commercial land right on Trans Canada Hwy 11. Access land can be used for further development or many more uses
Plus 2 Apartments for manager and staff - Both businesses are money making and running through the staff. Absentee Owner – ideal for owner operator.

15 Room Motel + 1 Apt – Nr Sudbury - $999K
All Rooms recently renovated + Restaurant & Bar (closed) renovated. Indoor corridor. Easy one man opeation. Money making motel with NO competition. Year round business

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel in Sault Ste Mari - $1.8M
Renovated Rooms, Spent thousands of dollar
Owners retiering

Now licensed to work in ALBERTA as well
Motels coming up for Sale in 2026
65 Room Hotel near Calgary - $5.5M
22 Room Motel, 4 BR House near Edmonton - $799,000

Motel Jobs AND Working Partner Opporunity
(min $200,000 to invest) Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

Web : www.swadesh.news
E-mail : info@swadesh.news


# 1,500 કરોડના બોગસ બિલિંગ કૌભાંડમાં ડિરેક્ટરની ધરપકડ

## અમદાવાદ સ્થિત 'ટેકનો વાયર ડેટા સાયન્સ લિમિટેડ' નામની કંપનીના ઠેકાણાઓ પર ડીજીજીઆઈ દ્વારા સર્ચ ઓપરેશન

**અમદાવાદ**

અમદાવાદમાં કરચોરીના એક મસમોટા નેટવર્કનો પર્દાફાશ થતા વેપારી આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ ઈન્ટેલિજન્સ (DGGI) દ્વારા હાથ ધરવામાં આવેલા એક ગુપ્ત ઓપરેશનમાં અંદાજે 1500 કરોડ રૂપિયાની જંગી કરચોરી શોધી કાઢવામાં આવી છે. આ કૌભાંડમાં શહેરની એક જાણીતી ટેકનો વાયર કંપનીનું નામ બહાર આવ્યું છે, જેના કારણે સરકારી તિજોરીને મોટું નુકસાન પહોંચ્યું છે.

DGGIની તપાસના કેન્દ્રમાં અમદાવાદ સ્થિત 'ટેકનો વાયર ડેટા સાયન્સ લિમિટેડ' નામની કંપની હતી. એજન્સીએ બાતમીના આધારે કંપનીના ઠેકાણાઓ પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં કરોડો રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો મળ્યા હતા. તપાસમાં ગંભીર ગેરરીતિઓ જણાતા એજન્સીએ કંપનીના ડિરેક્ટર પ્રભાત સોમાણીની ધરપકડ કરી છે. આરોપ છે કે ડેટા સાયન્સના




વ્યવસાયના ઓથા હેઠળ મોટા પાયે આર્થિક છેતરપિંડી આચરવામાં આવી રહી હતી.

પ્રભાત સોમાણીએ માત્ર કાગળ પર જ નાણાકીય વ્યવહારો બતાવીને કરોડો રૂપિયાના બોગસ બિલિંગ કર્યા હતા. આ ખોટા બિલના આધારે ગેરકાયદે ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) મેળવવામાં આવતી હતી. ટેકનોલોજી અને ડેટા સર્વિસના નામે આચરવામાં આવેલું આ કૌભાંડ એટલું વ્યવસ્થિત હતું કે તે લાંબા સમય સુધી વહીવટી તંત્રની નજરમાં આવ્યું નહોતું, પરંતુ DGGIની સતર્કતાએ આ સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

હાલમાં આરોપી પ્રભાત સોમાણીને કોર્ટમાં રજૂ કરી તેના રિમાન્ડ મેળવવાની તજવીજ ચાલી રહી છે. તપાસ એજન્સીને આશંકા છે કે 1,500 કરોડ જેવી માતબર રકમની કરચોરીમાં માત્ર એક વ્યક્તિનો હાથ ન હોઈ શકે. આ કૌભાંડના તાર અન્ય કયા વ્યવસાયીઓ કે રાજકીય વગ ધરાવતા લોકો સાથે જોડાયેલા છે તેની ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ કેસમાં વધુ કેટલાક ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે.

# અમદાવાદ દેશનું સૌથી સસ્તું રિયલ એસ્ટેટ માર્કેટ : રિપોર્ટ

**અમદાવાદ**

રિયલ એસ્ટેટ માર્કેટમાં મંદીના માહોલ વચ્ચે એક સારા સમાચાર આવ્યા છે. રિપોર્ટ પ્રમાણે, અમદાવાદ દેશનું સૌથી વધુ પરવડે તેવું રિયલ એસ્ટેટ માર્કેટ છે. દેશના 8 મુખ્ય શહેરો - મુંબઈ, એનસીઆર, બેંગલુરુ, પુણે, ચેન્નાઈ, હૈદરાબાદ, કોલકાતા અને અમદાવાદમાં એક સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં આ વાત સામે આવી હતી.

અહેવાલ મુજબ, અમદાવાદનો EMI-ટુ-ઈન્કમ રેશિયો 18 ટકા છે. જ્યારે પુણે અને કોલકાતા 22 ટકા સાથે બીજા ક્રમે છે. જ્યારે મુંબઈનો EMI-ટુ-ઈન્કમ રેશિયો 47 ટકા છે. આ ઈન્ડેક્સ દર્શાવે છે કે કોઈ ચોક્કસ શહેરમાં ઘર ખરીદવા માટે પરિવારને તેમની આવકનો કેટલો હિસ્સો માસિક હપ્તા (EMI) પાછળ ખર્ચવો પડે છે. જો કોઈ શહેરનો એફોર્ડેબિલિટી ઈન્ડેક્સ 40 ટકા હોય, તો તેનો અર્થ એ છે કે તે શહેરના પરિવારોએ સરેરાશ તેમની આવકના 40 ટકા હિસ્સો હોમ લોનના EMI ભરવા માટે વાપરવો પડે છે. 50 ટકાથી વધુનો રેશિયો 'બહારની મર્યાદા' ગણાય છે, કારણ કે સામાન્ય રીતે બેંકો આ મર્યાદાથી વધુ રકમ પર લોન આપવાનું ટાળતી હોય છે.

# જેલવાસ બાદ જયરાજસિંહ અને રાજુ સોલંકી વચ્ચે સમાધાન, વિવાદનું ઠીકરું અનિરુદ્ધસિંહ પર ફોડાયું

**ગોંડલ**

ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ અને હાલના ધારાસભ્ય ગીતાબાના પુત્ર ગણેશ ગોંડલ અને જૂનાગઢના દલિત આગેવાન રાજુ સોલંકીના પુત્ર સંજય સોલંકીએ વાહન અથડાવવા બાબતે થયેલી બબાલમાં અંતે સમાધાન કરી લીધું છે.

જયરાજસિંહ જાડેજાના પુત્ર ગણેશ ગોંડલ અને જૂનાગઢના દલિત આગેવાન રાજુ સોલંકીના પુત્ર સંજય સોલંકી વચ્ચે ગત મે મહિનામાં માથાકુટ થઈ હતી. આ બનાવ બાદ, જયરાજસિંહ તેમના પુત્રને બચાવવા અને રાજુ સોલંકી તેમના પુત્રને બચાવવા મેદાને પડ્યા હતા. બન્નેએ એકબીજા ઉપર આરોપ પ્રતિઆરોપ કર્યાં હતા. ગણેશ ગોંડલ મારામારી અને એટ્રોસિટી કેસમાં જેલમાં ગયો હતો તો બીજી તરફ રાજુ સોલંકી અને તેમના ટેકેદારો સામે ઓગસ્ટ 2025માં ગુજસીટોકનો ગુનો દાખલ કરીને સુરતની જેલમાં ધકેલવામાં આવ્યા હતા. જો કે હવે બન્ને વચ્ચે સમાધાન થયું છે. મે મહિના અને ઓગસ્ટમાં કરેલ જેલયાત્રાને ભૂલીને બન્ને જૂથે હસતા મોઢે એક બીજાને ગળે લગાવી વિવાદનો અંત લાવ્યા છે.

ગોંડલમાં જયરાજસિંહના બંગલે સમાધાનની બેઠક યોજાઈ હતી, જેમાં રાજુ સોલંકી પોતાના પુત્ર એટલે કે આ કેસમાં ભોગ બનનાર સંજય સોલંકી અને પોતાના સમર્થક દલિત આગેવાનોને ભેગા કરી પહોંચ્યા હતા. જ્યાં બંને પક્ષ શાંતિની અપીલ કરી સમાધાનનું સોગઠું ગોઠવી દીધું હતું. આ વચ્ચે રાજુ સોલંકીએ પૈસા લઈને સમાધાન કર્યું હોવાનો પણ દાવો થઈ રહ્યો છે.

# ભાજપનું ટેન્શન વધ્યું : ગાંધીનગરમાં હજારો ખેડૂતો દેખાવો કરશે, કિસાન સંઘે બાંયો ચડાવી

## પાકના અપૂરતા ભાવ, સમયસર લોન ન મળવી સહિતના અનેક મુદ્દા અંગે ખેડૂતો નારાજ

**ગાંધીનગર**

સરકાર એકબાજુ એવો દાવો કરે છે કે, કૃષિ રાહત સહાય સહિત અન્ય ખેતલક્ષી યોજના મદદરૂપ થતાં ખેડૂતો રાજી છે. જ્યારે ખુદ કિસાન સંઘનું કહેવું છે કે, ધરાર અવગણના થતાં ખેડૂતોમાં ભારોભાર અસંતોષ ભભૂક્યો છે. આ કારણોસર કિસાન સંઘે સરકાર સામે બાંયો ચઢાવી છે. એટલું જ નહીં, 12 જાન્યુઆરીએ પાટનગર ગાંધીનગરમાં રાજ્યભરના ખેડૂતોને ભેગા કરી વિરોધ પ્રદર્શનનું એલાન કર્યું છે.

રાજ્ય સરકાર ભલે મોટા ઉપાડે જાહેરાત કરે કે, ગુજરાતમાં પૂરતા પ્રમાણમાં ખાતરનો જથ્થો ઉપલબ્ધ છે. પણ કિસાન સંઘનું કહેવું છે કે, રાજ્યમાં ખાતરનો પ્રશ્ન વધુ પેચિદો બન્યો છે. ખાતર મેળવવા માટે ખેડૂતોને કલાકો સુધી લાંબી કતારોમાં ઊભા રહેવુ પડે છે. કમોસમી વરસાદને કારણે ચોમાસું પાક તો લગભગ નિષ્ફળ ગયો છે ત્યારે શિયાળુ પાક વખતે પણ ખેડૂતોને ખાતર માટે ફાંફા મારવા પડી રહ્યાં છે.

ખાતર વિના પાક ઉત્પાદન પર અસર થઈ રહી છે. ખેડૂતોને બેન્કમાંથી સમયસર લોન મળતી નથી. અથાગ મહેનત પછી પણ પાકના પૂરતાં ભાવ મળતાં નથી. એપીએમસી-માર્કેટયાર્ડની બહાર માલ વેચવા માટે રાતના ઉજાગરા કરવા પડે છે.

જો ટેકાના ભાવે પાક ન ખરીદાય તો મૂડીમાં નુકશાન કરીને પણ ખેડૂતોને માલ વેચવા મજબૂર થવુ પડે છે. આ બધીય સમસ્યાને લઈ અનેકવાર રજૂઆત કર્યા પછી પણ સરકારના પેટનું પાણી હલતુ નથી.

# મહેસાણામાં પિતાની ભૂલથી દીકરાનું કરૂણ મોત, ટ્રક રિવર્સ લેતા કચડાયો

**મહેસાણા**

મૂળ રાજસ્થાનના બાડમેર જિલ્લાના વતની અને ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા દેવારામ ચૌધરી ટ્રક ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમનો 19 વર્ષીય પુત્ર મુકનારામ પણ પિતાને કામમાં મદદ કરવા તેમની સાથે જ રહેતો હતો. આ બાપ-દીકરો તારીખ 23 ડિસેમ્બર, 2025ના રોજ રાજસ્થાનના જેસલમેરથી ટ્રક (નંબર RJ-19-GE-3165)માં માલસામાન ભરીને કડી તાલુકાના ઈન્દ્રાડ ગામની સીમમાં આવેલી 'ગ્રીનફિલ્ડ ડેરિવેટિવ્ઝ પ્રાઈવેટ લિમિટેડ' કંપનીમાં અનલોડિંગ માટે આવ્યા હતા.

ઘટના સવારના આશરે સાત વાગ્યાની આસપાસ બની હતી, જ્યારે કંપનીમાં ટ્રકમાંથી માલ ખાલી કરવાની પ્રક્રિયા ચાલી રહી હતી. ટ્રક ચાલક પિતા દેવારામભાઈ ટ્રકને રિવર્સ લઈ રહ્યા હતા, જ્યારે તેમનો પુત્ર મુકનારામ પાછળ ઉભો રહીને ટ્રકને સાઈડ આપી રહ્યો હતો. આ દરમિયાન દીવાલ અને અનલોડિંગ સ્ટેન્ડની વચ્ચે એક લોખંડનું સ્ટેન્ડ પડ્યું હતું, જેને ખસેડવા માટે મુકનારામ ત્યાં ગયો હતો. આ સમયે પિતા દેવારામભાઈનું ધ્યાન ન રહેતા તેમણે ટ્રક રિવર્સ લેવાનું ચાલુ રાખ્યું હતું.

# 26 IAS અધિકારીઓની બદલી, સંજીવ કુમાર CMના પ્રિન્સિપાલ સેક્રેટરી નિમાયા

**અમરેલી**


ગુજરાત સરકારે 26 સિનિયર IAS અધિકારીઓની બદલી કરી દીધી છે. સંજીવ કુમારની CMOમાં પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે નિમણૂક કરાઈ છે તો તેઓ મુખ્ય સેક્રેટરી એમ. કે. દાસને રિલિવ કરશે. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા 23 ડિસેમ્બર, 2025ના રોજ 26 IAS અધિકારીઓની બદલી અંગે નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. સંજીવ કુમાર, IAS ગુજરાત કેડરના 1998 બેચના અધિકારી છે. અત્યારે ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. હવે તેમની બદલી કરીને મુખ્યમંત્રી પ્રિન્સિપલ સેક્રેટરી બનાવવામાં આવ્યા છે.

# ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં મહારાષ્ટ્ર મોખરે, ગુજરાત બીજા ક્રમે

## અર્ધ-શહેરી અને ગ્રામીણ વિસ્તારોનો યુવાવર્ગ રોકાણકારો તરફથી વધુ ઈન્વેસ્ટ કરવામાં આવ્યું

**ગાંધીનગર**

ગુજરાતીઓ શેરબજારમાં રોકાણ કરવા જાણીતા છે. નાના શહેરોમાં SIPના ક્રેઝને કારણે ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં ગુજરાત દેશમાં બીજા ક્રમે છે, જ્યારે મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા દ્વારા નવેમ્બર 2025ના જાહેર કરવામાં આવેલા તાજેતરના ડેટા અનુસાર, ગુજરાતનું ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ એસેટ અંડર મેનેજમેન્ટ (AUM) રૂ. 3.66 લાખ કરોડ નોંધાયું છે, જે કર્ણાટકના રૂ. 3.64 લાખ કરોડ કરતાં સહેજ આગળ છે. આ સેગમેન્ટમાં મહારાષ્ટ્ર રૂ. 12.9 લાખ કરોડના ઈક્વિટી AUM સાથે હજુ પણ મોખરે છે.




ગુજરાત કુલ મ્યુચ્યુઅલ ફંડ AUM (રૂ. 5.58 લાખ કરોડ)માં મહારાષ્ટ્ર, દિલ્હી અને કર્ણાટક પછી ચોથા ક્રમે છે, પરંતુ ઈક્વિટીમાં બીજા સ્થાને આવવું તે ખૂબ મહત્વનું છે. બજારના નિષ્ણાતો આ તફાવતનું કારણ રોકાણકારોનો ઈક્વિટી સ્કીમ્સ તરફનો ઝુકાવ ગણાવે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ગુજરાતના કુલ મ્યુચ્યુઅલ ફંડ AUMના લગભગ 59% હિસ્સો હવે ઈક્વિટી સ્કીમ્સમાં છે, જે દર્શાવે છે કે રોકાણકારો ડેટ ફંડ્સ કરતાં ગ્રોથ-ઓરિએન્ટેડ એસેટ્સને વધુ પસંદ કરી રહ્યા છે. હવે મ્યુચ્યુઅલ ફંડમાં સહભાગિતા માત્ર મહાનગરો પૂરતી મર્યાદિત નથી રહી, અર્ધ-શહેરી અને ગ્રામીણ વિસ્તારો તેમજ નવા શહેરી સ્થળાંતરિતો અને યુવા રોકાણકારો તરફથી પણ મજબૂત રોકાણ આવી રહ્યું છે. ફિનટેક પ્લેટફોર્મ્સ અને નાના રોકાણની સગવડને કારણે રાજ્ય હવે ટ્રેડિંગ-ઓરિએન્ટેડ માનસિકતામાંથી બહાર નીકળીને લાંબા ગાળાની SIP તરફ વળી રહ્યું છે.

# બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યા : ભારતમાં ઉગ્ર રોષ - આંદોલનો

## દિલ્હી, જમ્મુ કાશ્મીર, પશ્ચિમ બંગાળમાં લોકો રસ્તા પર ઉતર્યા, બાંગ્લાદેશ હાઇ કમિશન, ડેપ્યુટી હાઇ કમિશન સામે હજારો લોકો એકઠા થયા

**નવી દિલ્હી/ઢાકા**

બાંગ્લાદેશમાં હિન્દુ યુવકની ઢોર માર મારીને હત્યા કરાઈ અને બાદમાં ટોળાએ મૃતદેહને ઝાડ સાથે લટકાવીને આગ લગાવી દીધી હતી. આ ઉપરાંત અન્ય હિન્દુઓ પર અત્યાચારને લઈને હવે બાંગ્લાદેશમાં વધી રહેલા કટ્ટરવાદ સામે ભારતમાં ગુસ્સો ફાટી નીકળ્યો છે. દિલ્હી સ્થિત બાંગ્લાદેશ હાઈ કમિશન સામે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યા હતા. આ પ્રદર્શનમાં હિન્દુ સંગઠનોના અનેક સમર્થકો કે કાર્યકર્તાઓ જોડાયા હતા અને હિન્દુઓની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

દિલ્હીના ચાણક્યપુરીમાં બાંગ્લાદેશનું હાઈ કમિશન આવેલું છે જેની બહાર બહુ જ મોટી સંખ્યામાં સાધુ સંતો, હિન્દુ સંગઠનો સાથે સંકળાયેલા લોકો એકઠા થયા હતા અને બાંગ્લાદેશમાં હિન્દુ યુવકના મોબ લિન્ચિંગનો વિરોધ કર્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં ગાઝિયાબાદ, નોઈડા, હરિયાણા સહિત અન્ય રાજ્યોમાંથી અનેક



લોકો જોડાયા હતા. પ્રદર્શનકારીઓને રોકવા માટે મોટી સંખ્યામાં પોલીસ જવાનો તૈનાત કરાયા હતા સાથે જ બાંગ્લાદેશ હાઈ કમિશન આગળ બેરિકેડ્સ લગાવવામાં આવ્યા હતા.

પ્રદર્શનકારીઓએ બાંગ્લાદેશની વર્તમાન સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસની તસવીરોને ઝોડાનો હાર પહેરાવ્યો હતો, સાથે જ જે હિન્દુ યુવકની હત્યા કરીને મૃતદેહ સળગાવાયો તે સળગતા મૃતદેહનો પોસ્ટરમાં સમાવેશ કરીને સુત્રોચ્ચાર કર્યા હતા. એક અધિકારીએ જણાવ્યું હતું કે બાંગ્લાદેશ હાઈ કમિશનની સુરક્ષા માટે ૧૫૦૦થી વધુ પોલીસકર્મી તૈનાત કરાયા હતા. લોકો જે પ્લેકાર્ડ સાથે પ્રદર્શન કરી રહ્યા હતા તેમાં બાંગ્લાદેશ સરકારની ભારે ટિકા કરાઈ હતી, એક પ્લેકાર્ડમાં લખ્યું હતું કે હિન્દુ રક્ત કી એક એક બૂંદ કા હિસાબ ચાહીયે (હિન્દુ લોહીના એક એક ટીપાનો હિસાબ જોઈએ). કેટલાકે બાંગ્લાદેશની જેહાદી માનસિકતા સામે સુત્રોચ્ચાર કર્યા હતા. સાથે જ ચેતવણી આપી હતી કે જો હિન્દુઓ પર અત્યાચાર રોકવા યોગ્ય પગલા લેવામાં ના આવ્યા તો આગામી દિવસોમાં આ વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. દિલ્હી ઉપરાંત દેશના અન્ય રાજ્યોમાં પણ હિન્દુઓની સુરક્ષા મુદ્દે પ્રદર્શન યોજાયા હતા, જમ્મુ કાશ્મીરના રાજૌરીમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા, હાઈકોર્ટ બાર એસોસિએશન દ્વારા પણ વિરોધ કરાયો હતો.

# ભારતમાં લોકશાહી પર હુમલો, ઇડી તેમજ સીબીઆઇ સરકારનું શસ્ત્ર

## જર્મનીમાં રાહુલ ગાંધીનું વિવાદાસ્પદ નિવેદન આપ્યું

**નવી દિલ્હી**

કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીએભારતમાં ચૂંટણીની નિષ્પક્ષતાને લઈને ફરીથી સવાલ ઉઠાવ્યા છે. તેણે દાવો કર્યો છે કે સંસ્થાકીય માળખા પર સંપૂર્ણપણે ભાજપનો કબ્જો થઈ ગયો છે, પરંતુ વિપક્ષે તેનો સામનો કરવા માટે કોઈ રસ્તો કાઢવો પડશે.

જર્મનીની રાજધાની બર્લિનની હાર્ટી સ્કૂલમાં આયોજિત સંવાદન કાર્યક્રમમાં તેમણે આક્ષેપ કર્યો હતો કે જાસૂસી સંસ્થાઓ, સીબીઆઈ અને ઈડીનું શસ્ત્રોમાં રૂપાંતર કરવામાં આવ્યું છે. રાહુલ ગાંધીએ બર્લિનમાં આયોજિત કાર્યક્રમ પોલિટિક્સ ઈઝ ધ આર્ટ ઓફ લિસનિંગનો એક વિડીયો સોમવારે પોતાની યુ ટયુબ ચેનલ પર અપલોડ કર્યો. તેમણે જણાવ્યું હતું કે ભારતમાં ચૂંટણીની નિષ્પક્ષતાને લઈને સવાલ ઉઠી રહ્યા છે. આપણા દેશના લોકતાંત્રિક માળખા પર ચારેય બાજુથી હુમલો થઈ રહ્યા છે. તેમણે તે વાતનો ઉલ્લેખ કર્યો કે હરિયાણાની મતદારયાદીમાં બ્રાઝિલની મોડેલનું નામ ૨૨ જગ્યા પર હતું.

# ISRO એ રચ્યો ઈતિહાસ, નેક્સ્ટ જનરેશન કમ્યુનિકેશન સેટેલાઈટ બ્લૂબર્ડ બ્લૉક-2 લોન્ચ

**શ્રીહરિકોટા**

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) એ આજે ઈતિહાસ રચી દીધો છે. બુધવારે સવારે 8:54 વાગ્યે શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્રના બીજા લોન્ચ પેડ પરથી બ્લૂબર્ડ બ્લોક-2નું સફળ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ એક નેક્સ્ટ જનરેશન કમ્યુનિશકેશન સેટેલાઈટ છે.

ઈસરોએ તેના સૌથી શક્તિશાળી રોકેટ LVM3 ની મદદથી અમેરિકન કંપની AST સ્પેસમોબાઈલના બ્લૂબર્ડ બ્લૉક-2 કમ્યુનિકેશન સેટેલાઈટને સફળતાપૂર્વક લોન્ચ કર્યો હતો. આ રોકેટની છટ્ઠી ઓપરેશનલ ઉડાન (LVM3-M6) છે. આ મિશન ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL) અને AST સ્પેસ મોબાઈલ વચ્ચે




સમજૂતી હેઠળ કરાયું છે. આ મિશન હેઠળ લૉ અર્થ ઓર્બિટ (LEO) માં દુનિયાનું સૌથી મોટું કોમર્શિયલ કમ્યુનિકેશન સેટેલાઈટ તરતું મૂકાશે જે સામાન્ય સ્માર્ટફોનને સીધા સ્પેસમાંથી હાઈ સ્પીડ ઈન્ટરનેટ પૂરું પાડશે.

# મધ્ય પ્રદેશમાં 42.74 લાખ, છત્તીસગઢમાં 27.34 લાખ, કેરળમાં 24 લાખ મતદારોના નામ રદ કરાયા

## ચૂંટણી પંચની SIR કામગીરી પૂર્ણ; મધ્ય પ્રદેશમાં સૌથી વધુ નામો યાદીમાંથી હટાવાયા

**નવી દિલ્હી**

ચૂંટણી પંચ દ્વારા સમગ્ર દેશમાં તબક્કાવાર સ્પેશિયલ ઈન્ટેસિવ રિવિઝન(SIR)ની કામગીરી ચાલી રહી છે. તાજેતરમાં મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, કેરળ તથા અંદમાન અને નિકોબારની SIR કામગીરી પૂરી થઈ ગઈ છે.

SIRની કામગીરી બાદ મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને કેરળમાંથી લાખોની સંખ્યામાં મતદારોના નામ કમી થયા છે. મધ્ય પ્રદેશમાં 42.74 લાખ, છત્તીસગઢમાં 27.34 લાખ અને



કેરળમાં 24 લાખ મતદારોના નામ કમી કરવામાં આવ્યા છે.

મધ્ય પ્રદેશના પાટનગર ભોપાલમાંથી કુલ 4.38 લાખ મતદારોના નામ કમી થયા છે. 31.51 લાખ મતદારો શિફ્ટેટ અથવા ગેરહાજર માલૂમ પડ્યા છે. આ ઉપરાંત 2.77 લાખ મતદારોના નામ એકથી વધુ જગ્યાએ મળી આવ્યા છે.

છત્તીસગઢમાં 19 લાખ મતદારોએ પોતાનું સરનામું બદલાવ્યું છે. 6.42 લાખ મતદારોનું મૃત્યુ થઈ ચૂક્યું છે. એકથી વધુ જગ્યાએ નામ ધરાવતા 1.79 લાખ મતદારોનું નામ કમી કરવામાં આવ્યું છે. જોકે, એકથી વધુ જગ્યાની મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો કેરળમાં વધુ પ્રમાણમાં મળી આવ્યા છે.

# મ્યુઝિક એપ સ્પોટિફાઈની 300 ટીબીની મ્યુઝિક ફાઇલ્સની ચોરી, કલાકારોમાં ચિંતા

**નવી દિલ્હી**

સુપ્રસિદ્ધ મ્યુઝિક એપ સ્પોટીફાઈ બહુ મોટી ચોરીનો શિકાર થઈ છે. આ ચોરી પાછી જેવી તેવી નથી, ૩૦૦ ટીબી મ્યુઝિક ફાઈલ્સની ચોરી છે. અન્ના આર્કાઈવ નામના ગુરપે આટલા જંગી પ્રમાણમાં ગીતોની ચોરી કરીને તેને ટોરેન્ટ પર નાખી દીધી છે, જે ફ્રી મોબાઈલ એપ છે. ૩૦૦ ટીબીમાં કુલ ૮.૬ કરોડ મ્યુઝિક ફાઈલ્સની ચોરી કરવામાં આવી હોવાનું કહેવાય છે.

આ બાબતની તપાસ કરી રહી છે. જ્યારે આ સુરક્ષા ભંગ કરનારા ગુરપનું કહેવું છે કે આવું તેઓએ ગીતોને સંગીત શોખીનો સુધી પહોંચાડવા કર્યુ છે. હવે તેને ગેરકાયદેસર રીતે ટોરેન્ટ દ્વારા ફેલાવવામાં આવી રહ્યા છે. આ કેસ ફક્ત મ્યુઝિક ચોરી પૂરતો જ સીમિત નથી. તેણે મ્યુઝિકની જાળવણી, કલાકારોની કમાણી અને ડિજિટલ પ્લેટફોર્મ પર સલામતી જેવા અનેક સવાલ ઊભા કર્યા છે. આ મામલે આ મ્યુઝિક ફાઈલ્સની ચોરી કરનારા અન્ના આર્કાઈવ્સનું કહેવું છે કે તેઓ ફક્ત સંગીતને સહજ રીતે વહેવા દેવા માંગે છે. તેના આધારે કંઈ નફો કમાવવા માંગતા નથી. અહેવાલ મુજબ અન્ના આર્કાઈવે સ્પોટિફાઈમાંથી લગભગ ૩૦૦ ટીબી મ્યુઝિક ફાઈલ્સ ડાઉનલોડ કરી લીધી છે.

# છત્તીસગઢના પ્રથમ જ્ઞાનપીઠ વિજેતા વિનોદ કુમાર શુક્લનું નિધન

**રાયપુર**

જ્ઞાનપીઠ પુરસ્કાર 2024ના વિજેતા અને જાણીતા હિંદી સાહિત્યકાર વિનોદ કુમાર શુક્લનું બુધવારે નિધન થયું હતું. છેલ્લા કેટલાક મહિનાઓથી નાદુરસ્ત તબિયતના કારણે વિનોદ કુમાર શુક્લને રાયપુર ખાતેની એઈમ્સ હોસ્પિટલના ક્રિટિકલ કેર યુનિટમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમણે છેલ્લો શ્વાસ લીધો હતો. તેમના અવસાનથી સમગ્ર હિન્દી સાહિત્યજગતમાં શોકનું મોજું ફરી વળ્યું છે. 1 જાન્યુઆરી 1937ના રોજ જન્મેલા વિનોદ કુમાર શુક્લે પોતાના જીવનકાળ દરમિયાન અનેક પુસ્તકો અને કાવ્યસંગ્રહો આપ્યા છે.

# વારાણસીનો કિસ્સો : મૃત માની પરિવારને પેન્શન શરૂ કરાયું, કર્મચારી 12 વર્ષ બાદ જીવિત નીકળ્યો

**વારાણસી**

બનારસ હિન્દુ યુનિવર્સિટી એટલે કે બીએચયુમાં એક જીવિત કર્મચારીને મૃત માનીને પરિવારને પેન્શન આપવાનું શરૂ કરી દેવાયું હતું. જોકે ૧૨ વર્ષ બાદ આ કર્મચારી અચાનક યુનિ. પ્રશાસન સમક્ષ હાજર થયો અને પરિવારને મળતું પેન્શન અટકાવવાની માગ કરી હતી. જેને પગલે આ મામલામાં આગામી પગલું શું લેવુ તેને લઈને પ્રશાસન મુંજવણમાં મુકાયુ છે.

રમાશંકર રામ ટાઈપિસ્ટ અને કેશબુક વગેરેનું કામ કરી ચુક્યા હતા બાદમાં તેમને હોસ્ટેલમાં વરીષ્ઠ સહાયક તરીકે નિમવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૩માં રમાશંકર અચાનક જ ગૂમ થઈ ગયા હતા. જેને પગલે બાદમાં પરિવાર દ્વારા પણ તેમના ગૂમ થવાની પોલીસમાં ફરિયાદ આપી હતી. બાદમાં નવેમ્બર ૨૦૨૫ના રોજ એટલે કે ૧૨ વર્ષ બાદ રમાશંકર રામ અચાનક જ પરત ફર્યા હતા. રમાશંકરે યુનિ. પ્રશાસનને જણાવ્યું હતું કે ૨૦૦૭ બાદ મારુ માનસિક સંતુલન ખરાબ થઈ ગયું હતું. સાથે જ લકવો પણ થયો હતો. તે આ સમયગાળા દરમિયાન યાદશક્તિ ગુમાવી બેઠા હતા, જોકે બાદમાં અચાનક જ યાદશક્તિ પાછી આવી હતી. જેને પગલે તેને બધુ યાદ આવ્યું. આ દરમિયાન પરિવારને તેમના નામનું પેન્શન મળી રહ્યું છે તેવી જાણ થતા જ તેઓ યુનિ. પ્રશાસન પાસે પહોંચી ગયા હતા અને આ પેંશન અટકાવવાની માગ કરી હતી. જ્યારે કોઈ કર્મચારી ગૂમ થઈ જાય ત્યારે ગૂમ થવા અંગેના નિયમો શું છે તેની ચકાસણી કરાઈ રહી છે.

# દિલ્હીમાં એઆઈ એજન્ટ 'એઈલા' વૈજ્ઞાનિકોની જેમ લેબમાં પ્રયોગ કરશે

**નવી દિલ્હી**

આઈઆઈટી દિલ્હીના સંશોધકોએ એક એઆઈ એજન્ટ બનાવ્યું છે, જે જાતે લેબમાં પ્રયોગ કરી શકે છે અને પરિણામ પણ જોઈ શકે છે. આ એઆઈ એજન્ટનું નામ એઈલા રખાયું છે. એઈલાએ એટોમિક માઈક્રોસ્કોપ ચલાવવાનું શીખી લીધું છે. આઈઆઈટી દિલ્હીના સંશોધકોએ ડેનમાર્ક અને જર્મની સાથેના સહયોગમાં માનવીય દખલગીરી વિના ખરા વૈજ્ઞાનિક પ્રયોગો યોજવા સક્ષમ ઓટોનોમસ એઆઈ સીસ્ટમ વિકસાવીને મહત્વનું બ્રેકથુર હાંસલ કર્યું છે. નેચર કોમ્યુનિકેશન્સ પેપરમાં એક અભ્યાસમાં રજૂ કરાયો છે.

# આસામમાં હિંસા, 2ના મોત, પોલીસ કર્મીઓ સહિત 45 ઘાયલ

પોલીસે લાઠીચાર્જ કરીને ટીયર ગેસના શેલ છોડ્યા, કાર્બી આંગલોંગ અને પશ્ચિમ કાર્બી આંગલોંગમાં 2 જિલ્લામાં ઇન્ટરનેટ સેવા બંધ

**ઇમ્ફાલ**

આસામના પહાડી જિલ્લા કાર્બી આંગલોંગ અને પશ્ચિમ કાર્બી આંગલોંગમાં દબાણ ખાલી કરાવવાના મામલે ફરી એકવાર તણાવ વધ્યો છે. અશાંત કાર્બી આંગલોંગ જિલ્લામાં વિરોધીઓના બે જૂથો વચ્ચે અથડામણ બાદ હિંસા ફાટી નીકળી હતી, જેમાં ઓછામાં ઓછા બે લોકોના મોત થયા હતા. જ્યારે 38 પોલીસકર્મીઓ સહિત 45 અન્ય ઘાયલ થયા હતા. હિંસક અથડામણો બાદ આસામ સરકારે સુરક્ષા કારણોસર બંને જિલ્લામાં ઇન્ટરનેટ સેવાઓ અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ખાલી કરાવવાના મુદ્દાને લઈને બંને જિલ્લામાં ફરી હિંસા ફાટી નીકળી હોવાથી સરકારે આ પગલું ભર્યું છે.

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે, 'હું પશ્ચિમ કાર્બી આંગલોંગમાં પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છું. આજની અશાંતિમાં બે લોકોના મોત ખૂબ જ દુઃખદ છે. શાંતિ



જાળવવા માટે આવતીકાલે ખેરાનીમાં વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવશે. પરિસ્થિતિ સામાન્ય થાય અને વાતચીત દ્વારા મુદ્દાઓનું નિરાકરણ આવે તે સુનિશ્ચિત કરવા માટે અમે તમામ સંબંધિત પક્ષો સાથે સતત સંપર્કમાં છીએ. મારી ઊંડાણપૂર્વકની સંવેદના શોકગ્રસ્ત પરિવારો સાથે છે. સરકાર તમામ અસરગ્રસ્ત પરિવારો સાથે ઉભી રહેશે અને તેમને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડશે.' ઘટના ત્યારે શરૂ થઈ જ્યારે બે જૂથ જે દબાણ ખાલી કરાવવાના સમર્થનમાં અને વિરુદ્ધ હતા, એકબીજા સામે આવ્યા. વિવાદ ઝડપથી વકર્યો, જેના કારણે પથ્થરમારો અને શારીરિક હિંસા થઈ. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે બળનો ઉપયોગ કરવો પડ્યો. ગુસ્સે ભરાયેલા ટોળાને વિખેરવા માટે તેઓએ લાઠીચાર્જ અને આંસુ ગેસના શેલનો આશરો લીધો.

અફવાઓ ફેલાતી અટકાવવા અને હિંસા બાદ શાંતિ જાળવવા માટે રાજ્યના ગૃહ અને રાજકીય વિભાગે તાત્કાલિક અસરથી ઇન્ટરનેટ સેવાઓ બંધ કરવાનો આદેશ જારી કર્યો છે. સત્તાવાર આદેશમાં જણાવાયું છે કે સોશિયલ મીડિયા દ્વારા અસામાજિક તત્વો પરિસ્થિતિને વધુ ખરાબ કરી શકે છે, તેથી જાહેર શાંતિ જાળવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. આ ઇન્ટરનેટ સસ્પેન્શનનો આદેશ આગામી સૂચના સુધી અમલમાં રહેશે.

# બુલંદશહેર હાઈવે પર માતા-પુત્રી સાથે ગેંગરેપના કેસમાં 5ને આજીવન કેદ

**બુલદ શહેર**

ઉત્તર પ્રદેશના બુલંદ શહેરમાં 28 જુલાઈ 2016ની રાત્રે નેશનલ હાઈવે-91 પર ગાઝિયાબાદના એક પરિવાર સાથે બનેલી અત્યંત શરમજનક ઘટનાના કેસમાં કોર્ટે મહત્ત્વનો ચુકાદો સંભળાવ્યો છે. વિશેષ પોક્સો ન્યાયાધીશ ઓ.પી. વર્માએ આ કેસના તમામ પાંચ દોષિતોને આજીવન કેદની સજા ફટકારી પીડિત પરિવારને 9 વર્ષે ન્યાય આપ્યો છે. આ સાથે કોર્ટે પ્રત્યેક દોષિત પર 1.81 લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે, જેમાંથી અડધી રકમ પીડિત માતા અને પુત્રીને આપવામાં આવશે.શાહજહાંપુર ખાતે પોતાના વતનમાં તેરમાની વિધિમાં હાજરી આપવા જઈ રહ્યો હતો. ત્યારે દોસ્તપુર ફ્લાયઓવર પાસે અજાણ્યા બદમાશોએ કાર પર લોખંડની વસ્તુ ફેંકી તેને અટકાવી હતી. ત્યારબાદ આરોપીઓએ પરિવારના છ સભ્યોને બંધક બનાવી ખેતરમાં લઈ ગયા હતા. ત્યાં પુરુષોના હાથ-પગ બાંધી દઈને 14 વર્ષની સગીરા અને તેની માતા સાથે સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. રિપોર્ટ મુજબ, હેવાનોએ પહેલા 14 વર્ષની સગીરાને હવસનો શિકાર બનાવી હતી. સગીરાએ પપ્પા... પપ્પા.ની ચીસ પાડતા નરાધમોએ પિતાને માર માર્યો હતો.

# હરિયાણામાં હોટેલમાંથી પાંચ લોકોનાં મૃતદેહ મળ્યા, ઝેરી ગેસથી મોત થયું હોવાની સંભાવના

**કુરુક્ષેત્ર**

હરિયાણાના કુરુક્ષેત્ર ખાતેની એક હોટેલમાં સોમવારે રોજ ઉત્તર પ્રદેશના સહારનપુરના 5 લોકો રોકાયા હતા. જે પૈકી ચાર મજૂર તથા એક તેમનો કોન્ટ્રાક્ટર હતો, પરંતુ આજે સવારે તેઓ રૂમની બહાર આવ્યા નહોતા, જેથી હોટેલના કર્મચારીઓએ રૂમનો દરવાજો ખખડાવ્યો હતો. પરંતુ અંદરથી કોઈ જવાબ આવ્યો નહોતો.

હોટેલના મેનેજરે સ્થાનિક પોલીસને જાણ કરી હતી. પોલીસે હોટલ પહોંચીને રૂમનો દરવાજો ખોલ્યો હતો, જ્યાં



પાંચેય વ્યક્તિઓ બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. જેમને પાછળથી મૃત જાહેર કરવામાં આવ્યા હતા અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા. હોટેલના બંધ રૂમમાં આ પાંચેય વ્યક્તિના મૃત્યુ કેવી રીતે થયા? આ અંગે પોલીસે તપાસ હાથ ધરી હતી. હોટેલના રૂમની તપાસમાં પોલીસને એક ચિમની મળી આવી હતી, જેમાં સળગેલા કોલસા પણ હતા. તેથી પાંચેય લોકોનું ચિમનીના ધુમાડામાંથી નીકળતા ઝેરી ગેસના કારણે શ્વાસ રૂંધાવવાથી મોત થયા હોવાનું પોલીસે શક્યતા વ્યક્ત કરી હતી. બીજી તરફ ઓડિશાના ઢેંકનાલ જિલ્લામાં પણ સામે આવ્યો છે. કંટાબણિયા પોલીસ સ્ટેશનના વિસ્તારમાં આવેલા એક ઘરમાં પણ એક બંધ ઘરમાં ત્રણ લોકોના મોત થયા હતા.


# તમિલનાડુમાં ટાયર ફાટતા સરકારી બસ કાર સાથે ટકરાઈ, 7 લોકોના કમકમાટીભર્યા મોત

બસ ડ્રાઈવરે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં ઘટના બની, મૃતકોને ઓળખવા તજવીજ

**હૈદરાબાદ**

24 ડિસેમ્બરની રાત્રે સરકારી બસ સાથ બે વાહનોની ટક્કર થતાં સાત લોકોના મોત થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર બસનું ટાયર ફાટતાં આ ભીષણ અકસ્માત સર્જાયો હતો. ટાયરમાં બ્લાસ્ટ થતાં જ બસ રોડની વિરુદ્ધ દિશામાં જતી રહી હતી જ્યાં બે વાહનો એક SUV અને એક કાર સાથે અથડાઈ ગઈ હતી. જેમાં સાત લોકોના કાળને ભેટ્યા છે જ્યારે અન્ય ઈજાગ્રસ્તોની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ટાયર ફાટવાને કારણે સરકારી બસના ડ્રાઈવરે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. પોલીસે અકસ્માતે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે, મૃતકોની ઓળખ કરવાની પણ તજવીજ હાથ ધરવામાં આવી



છે. પોલીસ અને રાહદારીઓએ ઘટનાસ્થળે ઝડપથી બચાવ કામગીરી હાથ ધરી હતી, અને ટ્રાફિકને થોડા સમય માટે ડાયવર્ટ કરવામાં આવ્યો હતો.

# રાજસ્થાનમાં પંચાયતનો નિર્ણય : મહિલાઓ માટે મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ

**ઝાલોર**

રાજસ્થાનના ઝાલોર જિલ્લામાં એક સામાજિક પંચાયતના નિર્ણયના કારણે વિવાદ છંછેડાઈ ગયો છે. ઝાલોરના ચૌધરી સમાજની પંચાયતે એક મોટો નિર્ણય લેતા 15 ગામોમાં તમામ યુવતીઓ માટે સ્માર્ટફોન (કેમેરાવાળા ફોન) વાપરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો છે. આ આદેશ મુજબ, કોઈ પણ મહિલા 26 જાન્યુઆરી પછી ફક્ત બેઝિક મોબાઈલ ફોનનો જ ઉપયોગ કરી શકશે.

ગાઝીપુર ગામમાં રવિવારે સુજનરામ ચૌધરીના અધ્યક્ષસ્થાને સમાજની બેઠક મળી હતી. જેમાં સર્વાનુમતે નક્કી કરાયું કે આગામી 26મી જાન્યુઆરીથી સમાજની દીકરીઓ અને પુત્રવધૂઓ સ્માર્ટફોનનો ઉપયોગ નહીં કરી શકે. આ નિયમ ઝાલોરના ગાઝીપુરા, પાવલી, કાલડા, મનોજિયાવાસ સહિત કુલ 15 ગામને લાગુ પડશે. મહિલાઓ લગ્ન પ્રસંગો, સામાજિક કાર્યક્રમો કે પડોશીના ઘરે જતી વખતે પણ સાથે મોબાઈલ ફોન લઈ જઈ શકશે નહીં. જો કોઈ મહિલાને વાત કરવી હોય તો તેને માત્ર બેઝિક કિ પેડ મોબાઈલ ફોન રાખવાની જ મંજૂરી મળશે. જો કે, અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ ઘરમાં અભ્યાસ માટે સ્માર્ટફોન વાપરી શકશે, પરંતુ ઘરની બહાર લઈ જઈ શકશે નહીં.

# ટ્રેક પરથી પસાર થતી વેળા ટ્રેન આવી જતાં દંપતી સહિત પાંચના કરૂણ મોત

**લખનઉ**

ઉત્તર પ્રદેશના શાહજહાંપુરમાં બુધવારની સાંજે દર્દનાક દુર્ઘટના સર્જાઈ છે. રોજા રેલવે સ્ટેશન પાસે આવેલા માનવ રહિત રેલવે ક્રોસિંગને પાર કરતી વેળાએ બાઈક સવાર લોકો ગરીબ રથ એક્સપ્રેસની ચપેટમાં આવી ગયા હતા. રેલવેની ટક્કર એટલી ભીષણ હતી કે બે બાળકો સહિત પાંચ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યાં છે.

અકસ્માત એટલો ભયાવહ હતો કે હાજર લોકોના કાળજા કંપી ઉઠ્યા હતા. મૃતકોના શરીરના ટુકડાઓ રેલવે ટ્રેક પર પડ્યા હતા. સૂચના મળતા જે સ્થાનિક પોલીસ અને રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતકોની ઓળખ 40 વર્ષીય હરિઓમ, તેમના સાળા સેઠ પાલ, વિકન્ના નિગોહી (શાહજહાંપુર) ના રહેવાસી, સેઠ પાલના 35 વર્ષીય પત્ની પૂજા અને તેમના બે બાળકો તરીકે થઈ છે. તેમણે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર આ બધા લોકો શાહજહાંપુરના બુધ બજારમાં ખરીદી માટે ગયા હતા. જ્યાંથી લખીમપુર પરત ફરતા હતા ત્યારે સાંજે 6:18 વાગ્યે માનવરહિત રેલવે ક્રોસિંગ પર ગરીબ રથ એક્સપ્રેસની અડફેટે આવી ગયા હતા. મૃતકોની ઓળખ માટે હરિઓમના પિતા લાલારામ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમના દીકરા અને સંબંધીઓના મૃતદેહો જોઈ પડી ભાગ્યા હતા. પરિવાર હાલ શોક મગ્ન થઈ ગયો છે.

# 8 કરોડનો સાયબર ફ્રોડનો ભોગ બનનાર પંજાબના પૂર્વ IGએ પોતાને જ મારી ગોળી

**પટિયાલા**

પંજાબ પોલીસના પૂર્વ ઈન્સ્પેક્ટર જનરલ (IG) અમર સિંહ ચહલે પટિયાલા સ્થિત પોતાના નિવાસસ્થાને સુરક્ષાકર્મીની રિવોલ્વરથી પેટના ભાગે ગોળી મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. હાલ તેમને ગંભીર હાલતમાં પટિયાલાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં સર્જરી બાદ તેમની સ્થિતિમાં સુધારો હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાસ્થળેથી પોલીસને 12 પાનાની સુસાઈડ નોટ મળી આવી છે. નોટમાં તેમણે પંજાબના DGP ગૌરવ યાદવનો ઉલ્લેખ કરીને લખ્યું છે કે, તેમની સાથે આશરે 8.10 કરોડ રૂપિયાની સાયબર ઠગાઈ થઈ છે. આ છેતરપિંડીને કારણે તેઓ ભારે માનસિક તણાવ અને ડિપ્રેશનમાં હતા. તેમણે જણાવ્યું કે સાયબર ઠગોએ પોતાને 'વેલ્થ ઈક્વિટી એડવાઈઝર' અને DBS બેંકના પ્રતિનિધિ ગણાવીને તેમને લલચાવ્યા હતા. પૂર્વ IGએ પત્રમાં ખુલાસો કર્યો છે કે, વોટ્સએપ અને ટેલિગ્રામ ગ્રુપ દ્વારા તેમને શેરબજાર, IPO અને ટ્રેડિંગમાં રોકાણ કરી મોટો નફો મેળવવાની લાલચ આપવામાં આવી હતી. એક વ્યક્તિએ પોતાને બેંકનો CEO ગણાવી વિશ્વાસ જીત્યો હતો અને નકલી ઓનલાઈન ડેશબોર્ડ બતાવીને રોકાણ કરાવ્યું હતું. જ્યારે ચહલે પોતાના પૈસા પાછા કાઢવાનો પ્રયત્ન કર્યો, ત્યારે સર્વિસ ટેક્સ અને પ્રીમિયમ મેમ્બરશિપના નામે તેમની પાસેથી વધુ પૈસા પડાવવામાં આવ્યા હતા. લગભગ 7 કરોડ રૂપિયા તેમણે અન્ય લોકો પાસેથી ઉધાર લીધા હતા.

# તુર્કીયેમાં વિમાન દુર્ઘટના : લિબિયાના સૈન્ય વડા સહિત 7 લોકોના મોત, ઘટનાનું કારણ અકબંધ

**અંકારા**

મંગળવારે તુર્કીએમાં એક ગંભીર વિમાન દુર્ઘટના સર્જાઈ, જેમાં લિબિયાની સેનાના વડા મુહમ્મદ અલી અહેમદ અલ-હદ્દાદ સહિત સાત લોકોના મોત નીપજ્યા છે. લિબિયાના વડા પ્રધાન અબ્દુલ-હામિદ દબેબેહે પુષ્ટિ કરી છે.

અહેવાલ મુજબ લિબિયા અને તુર્કીયે વચ્ચે લશ્કરી અને સુરક્ષા સહયોગને વધુ મજબૂત બનાવવા વાટાઘાટો માટે લિબિયાનું પ્રતિનિધિમંડળ તુર્કીયે પહોંચ્યું હતું. તુર્કીની રાજધાની અંકારાની મુલાકાત



બાદ પ્રતિનિધિમંડળ બિઝનેસ જેટ ફાલ્કન-50 વિમાનમાં સવાર થઈને લિબિયાની રાજધાની ત્રિપોલી પરત ફરી રહ્યું હતું, ત્યારે આ ઘટના બની હતી.

તુર્કીયેના ગૃહ પ્રધાન અલી યેરલિકાયાએ X પર એક પોસ્ટ કરીને જણાવ્યું કે સ્થાનિક સમય મુજબ 20:52 વાગ્યે અંકારાના એરપોર્ટથી ટેક ઓફ કર્યા બાદ 42 મિનિટે બિઝનેસ જેટ તરફથી સિગ્નલ મળવાનું બંધ થઈ ગયું હતું.

અહેવાલ મુજબ વિમાન અંકારાના દક્ષિણ-પશ્ચિમમાં હેમાના જિલ્લાના કેસિકાવાક ગામ નજીક ક્રેશ થયું હતું, બાદમાં પોલીસે વિમાનનો કાટમાળ મળી આવ્યો હતો. ક્રેશ થયા પહેલા વિમાનના પાયલોટે ઇમરજન્સી લેન્ડિંગ માટે રીક્વેસ્ટ કરી હતી, વિમાન ક્રેશ થવાનું કારણ હાલ જાણી શકાયું નથી, અધિકારીઓ તપાસ કરી રહ્યા છે.

# નેધરલેન્ડમાં ક્રિસમસ પરેડ દરમિયાન દુર્ઘટના, ભીડમાં કાર ઘુસતા 9 ઘાયલ

**નનસ્પીટ**

નેધરલેન્ડમાં સોમવારે ક્રિસમસ પરેડ દરમિયાન દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં ક્રિસમસ પરેડ જોવા ઉભેલા લોકોની ભીડમાં એક કાર ઘુસી ગઈ હતી. જેના લીધે નવ લોકો ઘાયલ થયા છે. જેમાં ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ અંગે ગેલ્ડરેન્ડ પોલીસે જણાવ્યું હતું આ ઘટના કેવી રીતે બની તેની તપાસ કરવામાં આવી રહી છે. જોકે, આ દુર્ઘટનાની જાણ થતા જ પોલીસ અને ઈમરજન્સી સેવાના લોકો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

જોકે, આ ઘટના બાદનો વીડિયો પ્રકાશમાં આવ્યો છે. આ વીડિયોમાં એક નાની કાર ખેતરમાં જોવા મળે છે. જેમાં કારને નુકસાન થયું હતું અને તેને બોનેટ ખુલ્લું હતું. જ્યારે નજીકમાં લોકોની ભીડ જોઈ શકાય છે. તેમજ કેટલાક લોકો ઘટનાસ્થળની તપાસ કરી રહ્યા છે. આ દુર્ઘટના એમ્સ્ટરડેમથી લગભગ 80 કિલોમીટર પૂર્વમાં આવેલા નનસ્પીટ શહેરમાં લોકો ક્રિસમસ લાઈટ્સથી શણગારેલા વાહનોની પરેડ જોવા માટે રાહ જોઈ રહ્યા હતા. ત્યારે એક કાર ભીડમાં ઘુસી ગઈ હતી. આ ઘટના બાદ, એલબર્ગ શહેર વહીવટીતંત્રે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી કે પરેડ બંધ કરી દેવામાં આવી છે.

# ટ્રમ્પે વધુ 20 દેશોના નાગરિકોના પ્રવેશ ઉપર પ્રતિબંધ લગાવી દીધો

**વોશિંગ્ટન**

ટ્રમ્પ પ્રશાસને અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર સલામતિના નામે પ્રવાસ પ્રતિબંધોનો વ્યાપ વધારીને વીસ નવા દેશો તેમજ પેલેસ્ટાઈન ઓથોરિટી સાથે સંકળાયેલ દસ્તાવેજ ધારકો પર કડક નિયંત્રણો લગાવ્યા છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક નવું ઘોષણાપત્ર જારી કરીને જણાવ્યું છે કે જે દેશોમાં સુરક્ષા, ઓળખ અને સૂચનાઓના આદાન-પ્રદાનની વ્યવસ્થા સતત નબળી અને અપર્યાપ્ત હોય તેના નાગરિકોને અમેરિકામાં પ્રવેશ પર નિયંત્રણ લગાવવા જરૂરી છે. આ તર્કના આધારે અંગોલા, એન્ટીગા અને બારબુડા, બેનિન, કોટ ડી'આઈવોર, ડોમિનિકા, ગૈબોન, મલાબી,માર્ટિટાનિયા, નાઈજિરીયા, સેનેગલ, ટાન્ઝાનિયા, ટોંગા, ઝામ્બિયા અને ઝિમ્બાબવે બુર્કિના ફાસો, માલી, નાઈજર, દક્ષિણ સુદાન અને સીરિયાના નાગરિકો પર પૂર્ણ પ્રતિબંધ લાગુ કરાયા છે. પેલેસ્ટાઈન ઓથોરિટી દ્વારા જારી દસ્તાવેજો પર પણ પૂર્ણ પ્રતિબંધ લગાવતા દલીલ કરાઈ છે કે વેસ્ટ બેન્ક અને ગાઝા પટ્ટીમાં સક્રિય અનેક અમેરિકી સૂચીબદ્ધ આતંકવાદી સંગઠનોએ અમેરિકી નાગરિકોની હત્યા કરી છે, અને તાજેતરના યુદ્ધને કારણે ત્યાં સ્ક્રીનિંગ તેમજ ચકાસણી વધુ નબળી પડી છે.

# યુકેની રાજનીતિમાં 4 ભારતીય મૂળનો દબદબો હાઉસ ઓફ લોર્ડ્સમાં સામેલ થયા નવા સદસ્ય

**લંડન**

બ્રિટેનમાં આવતા વર્ષે હાઉસ ઓફ લોર્ડ્સમાં ભારતીય મૂળના ચાર નવા સભ્યો સામેલ થશે. ચારેયને વડાપ્રધાન કિયર સ્ટાર્મરે લેબર પાર્ટી તરફથી સભ્યપદ માટે નામાંકિત કર્યા છે. તેમની નિમણૂકની ઔપચારિક પુષ્ટિ કિંગ ચાર્લ્સ ત્રીજાએ કરી છે . આવો, ચારેય ભારતીય મૂળના સભ્યો વિશે જાણીએ. પ્રોફેસર ગીતા નર્ગુન્ડ ક્રિએટ ફર્ટિલિટીની સ્થાપિકા છે અને તેઓ મહિલાઓના આરોગ્યની નિષ્ણાત છે. તેમણે વૈશ્વિક સ્તરે આરોગ્યમાં રહેલી અસમાનતાઓ ઘટાડવા અને પ્રજનન આરોગ્ય સુધી વધુ સારી પહોંચ સુનિશ્ચિત કરવા માટે પોતાનું સમગ્ર કારકિર્દીને સમર્પિત કર્યું છે.

ઉદય નાગરાજુ ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના નિષ્ણાત છે. તેમણે AI નીતિ લેબોરેટરીઝની સ્થાપના કરી છે અને બ્રિટિશ-ભારતીય યુવાઓ માટે મહાત્મા ગાંધી ફ્યુચર લીડર્સ કાર્યક્રમ શરૂ કર્યો હતો. આ ઉપરાંત લુધિયાણામાં જન્મેલી પૂર્વ યુરોપિયન સંસદ સભ્ય નીના ગિલ 10 વર્ષની ઉંમરે બ્રિટન આવી હતી. બ્રિટેનમાં સામાજિક સેવાઓ માટે તેમને CBE સન્માન મળ્યું છે. યુરોપિયન સંસદમાં તેમણે નાણાકીય નિયમો અને ડિજિટલ કન્ટેન્ટ સંબંધિત અનેક કાયદાઓને આગળ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

ચોથા સભ્ય તરીકે સામેલ થયેલી શમા ટેટલર લેબર પાર્ટીમાં યુવા બ્રિટિશ-ભારતીય નેતાઓમાં ઉભરતી સ્ટાર તરીકે ઓળખાય છે. તેઓ લેબર ઇન્ડિયન ડાયસ્પોરા ગ્રુપની ઉપાધ્યક્ષ છે અને બ્રિટિશ સંસદમાં સેવા આપનાર પ્રથમ જૈન મહિલા બનશે.

# એપસ્ટિન ફાઈલો અંગે વિવાદો વચ્ચે વધુ 30,000 દસ્તાવેજો અને સેંકડો વીડિયો ક્લિપ જાહેર કરાયા

## ફાઈલમાં અનેક એવી સેલિબ્રિટીઓના પણ નામ જે કેટલાક વીડિયો જેલના હતા

**વોશિંગ્ટન**

અમેરિકામાં સગીરાઓ અને મહિલાઓને વેશ્યાલયમાં ધકેલવાના ગુનાઓ બદલ દોષિત જેફરી એપસ્ટિનના કેસો સાથે સંકળાયેલી ફાઈલોના સંદર્ભમાં ન્યાય વિભાગે મંગળવારે વધુ ૩૦,૦૦૦ પાનાના દસ્તાવેજો અને સેંકડો વીડિયો ક્લિપ જાહેર કરી હતી, જેમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જેફરી એપસ્ટિનના ખાનગી વિમાનના રેકોર્ડ પણ સામે આવ્યા છે. જોકે, અધિકારીઓએ પ્રમુખ ટ્રમ્પ સામે જેફરી એપસ્ટિનના કોઈપણ ગુનાઓમાં સંડોવણીના આક્ષેપો કર્યા નથી.

અમેરિકામાં જેફરી એપસ્ટિનની ફાઈલો જાહેર કરવા અંગે લાંબા સમય સુધી વિવાદ ચાલ્યા પછી અંતે ન્યાય વિભાગે શુક્રવારે એપસ્ટિન ફાઈલોનો સાત સેટનો ૩ લાખથી વધુ દસ્તાવેજોનો પહેલો જથ્થો જાહેર કર્યો હતો અને આગામી સમયમાં વધુ દસ્તાવેજો જાહેર કરાશે તેમ કહ્યું હતું.

આ સંદર્ભમાં ન્યાય મંત્રાલયે મંગળવારે વધુ ૩૦,૦૦૦ ફાઈલો જાહેર કરી છે, જેમાં મોટા પ્રમાણમાં ખાનગી માહિતીને બ્લેકઆઉટ કરાઈ છે. અનેક વીડિયો કથિત રીતે જેલની અંદર શૂટ કરાયા હતા.

ન્યાય વિભાગે જાહેર કરેલા આ દસ્તાવેજોમાં સામેલ એક ઈ-મેલ જેની તારીખ ૭ જાન્યુઆરી ૨૦૨૦ છે, તેમાં દાવો કરાયો છે કે ડોનાલ્ડ ટ્રમ્પે એપસ્ટિનના ખાનગી જેટમાં ૧૯૯૩થી ૧૯૯૬ વચ્ચે આઠ વખત પ્રવાસ કર્યો હતો. જોકે, ઈમેલ મોકલનાર અને મેળવનારનું નામ ગુપ્ત રખાયું છે.

# ન્યૂઝીલેન્ડમાં શીખ સમુદાય-સ્થાનિકો સામસામે પંજાબ CM ભગવંત માને કેન્દ્ર પાસે મદદ માંગી

**ઓકલેન્ડ**


ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડમાં શીખ સમુદાયના નગર કીર્તન પર સ્થાનિક લોકોએ ભારે વિરોધ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. 'આ ભારત નથી ન્યૂઝીલેન્ડને ન્યૂઝીલેન્ડ જ રહેવા દો' જેવા નારા લગાવીને સ્થાનિકોએ વિરોધ કર્યો હતો. સ્થાનિક લોકોએ શીખ સમુદાયના નગર કીર્તનનો રસ્તો અટકાવ્યો હતો. આ ઘટના સાઉથ ઓકલેન્ડના મુનરેવા વિસ્તારમાં બની હોવાનું જાણવા મળ્યું છે. અહીં સ્થાનિકોએ માઓરી સંસ્કૃતિના પરંપરાગત 'હાકા' પ્રદર્શન પણ કર્યું હતું. જોકે, પંજાબના મુખ્ય પ્રધાને આ ઘટનાને વખોડી નાખી હતી. શનિવારે ગુરુદ્વારા નામકસર ઠાઠ ઈશર દરબારથી શરૂ થયેલું નગર કીર્તન વિસ્તારમાં ફરીને પાછું ફરતું હતું. ત્યારે અચાનક સ્થાનિક લોકોએ એકઠા થઈને રસ્તો બંધ કરી દીધો હતો. આ લોકોના હાથમાં બેનર હતા, જેમાં'આ અમારી જમીન છે, આ અમારો અડગ અભિગમ છે' જેવા નારાએ લખવામાં આવ્યાં હતાં. શીખ સમુદાયના લોકોએ આ દરમિયાન સંયમ રાખ્યો, જેના કારણે કોઈ ભારે બબાલ થઈ નહોતી. એટલું જ નહીં પરંતુ પોલીસે સમયસર પહોંચીને પ્રદર્શનકારીઓને હટાવી દીધા હતાં. પરંતુ આ ચિંતાનો વિષય છે.

# દ. આફ્રિકાના પબમાં શકમંદોનો ગોળીબાર, 9નાં મોત, 10 ઘાયલ

**એજન્સી**

દક્ષિણ આફ્રિકાના એક પબમાં શનિવારે થયેલા અંધાધૂંધ ગોળીબારની ઘટનામાં 9 લોકોનાં મોત થયા છે અને ઓછામાં ઓછા 10 અન્ય લોકો ઘાયલ થયા છે. દક્ષિણ આફ્રિકામાં છેલ્લા ત્રણ અઠવાડિયામાં થયેલી આ બીજી સામૂહિક ગોળીબારની ઘટના છે.

પોલીસના જણાવ્યા મુજબ કારમાં આવેલા આશરે 12 અજાણ્યા શંકમંદોએ બેકર્સડેલના ટેમ્બો વિસ્તારમાં આવેલા ક્વા નોકસોલો ટેવર્નમાં હાજર પબના ગ્રાહકો



પર ગોળીબાર શરૂ કર્યો હતો. ઘટનાસ્થળેથી ભાગતી વખતે પણ આરોપીઓએ અંધાધૂંધ ગોળીબાર ચાલુ રાખ્યો હતો.

# મેક્સિકોમાં નેવીનું એરક્રાફ્ટ ક્રેશ, પાંચના મોત



**મેક્સિકો સિટી**

મેક્સિકોમાં એરક્રાફ્ટ ક્રેશ થવાની ગંભીર દુર્ઘટના બની છે. રિપોર્ટ મુજબ નેવીનું મેડિકલ વિમાન ક્રેશ થયું છે, જેમાં દર્દી સહિત પાંચ લોકોના મોત થયા છે. આ એરક્રાફ્ટ મેડિકલ મિશન માટે જતું હતું ત્યારે દુર્ઘટના સર્જાઈ છે.

ટેક્સાસ રાજ્યના ગેલ્વેસ્ટનના કૉજવેના બેઝ પાસે ક્રેશ થયું હોવાની માહિતી મળતા જ નેવીની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન પાંચ લોકોના મોત થયા હોવાની પુષ્ટી થઈ છે. પ્રાથમિક તપાસ મુજબ એરક્રાફ્ટના એન્જિનમાં કોઈ કામી થઈ હોવાનું સામે આવ્યું છે.

નેવીના એક અધિકારીએ કહ્યું કે, ગેલ્વેસ્ટન હ્યૂસ્ટનથી લગભગ 80 કિલોમીટર દૂર દક્ષિણ-પૂર્વમાં આવેલું છે. અગાઉ પણ મેક્સિકોમાં આવી દુર્ઘટના થઈ ચુકી છે. ઘટનાની જાણ થતાં જ મરજીવાની ટીમ, ક્રાઈમ સીન યુનિટ, ડ્રોન યુનિટ અને પેટ્રોલિંગ ટીમો સ્થળ પર પહોંચી ગઈ છે.



# સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટન દ્વારા ક્રિસમસની ઉજવણી સાથે ફેશન શો

## પ્રાર્થના અને કસરત બાદ 2026ની મીટિંગ ગોરમેડો લાયબ્રેરી ખાતે યોજવા જાહેરાત, ફિલ્મી ગીતો અને ડાન્સની ધમાકેદાર પ્રસ્તિતિથી રંગત જામી

બ્રામ્પ્ટન : ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પટનની મીટિંગ ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ શીનગર બેંકવેટ હોલમાં રાખવામાં આવી હતી. શરૂઆતમાં 'ॐ तत् श्री नारायण' પ્રાર્થના થયા બાદ સુમનભાઈ-કુસુમબેન પટેલે તેમની 80મી વર્ષગાંઠની ખુશીમાં સ્પોન્સર કરેલું સ્વાદિષ્ટ ખીચુ અને ચા પીરસવામાં આવ્યા હતા. આ મહિનાની થીમ ક્રિસ પાર્ટી હોવાથી થીમને અનુરૂપ ગીત "નાતાલના ગીતો સાથે હળવી કસરત આશાબેન વશીએ કરાવી હતી. ત્યારબાદ ભાનુભાઈ મિસ્ત્રી એન્ડ ગ્રુપે પ્રસંગને અંતર્ગત આતા હે સાંતા ગીત પર ઉત્સાહજનક પરફોર્મન્સ આપ્યું હતુ. દક્ષાબેન રાજાએ "Happy Merry Christmas" સંબોધન સાથે સૌને અંતઃકરણ પૂર્વક સૌને શુભેચ્છા આપી હતી. મંડળના પાયોનિયર સભ્ય સ્વ. કલાબેન ટેઈલરને શ્રદ્ધાંજલિ અર્પિત કરતા"મંગલ મંદિર ખોલો" ગીતનું સમૂહગાન કરાયું હતુ.



**વિવિધ વસ્ત્રાભૂષણ સાથે દરેક કલાકારે કેટવોક કર્યું ।** ક્રિસમસ ટ્રી, એફિલ ટાવર સાથેનું સ્ટેજ ડેકોરેશન ખૂબ જ આકર્ષક હતું. વિવિધ વસ્ત્રાભૂષણ સાથે દરેક કલાકારે પોતાની આગવી છટામાં કેટ વોક કરી પોતાની કલા પ્રદર્શિત કરી હતી. વિશેષમાં કેટવોકની શરુઆત ગોલ્ડન ગર્લસ દક્ષાબેન રાજા, શિલાબેન ને ગાંધી અને જ્યોતિબેન શાહે કરી હતી. રંજનબેન હર્ષદભાઈ પટેલે પણ સુંદર દીવા સાથે નૃત્ય-મુદ્રા કૃતિની પ્રસ્તુતિ કરી હતી.

હર્ષદભાઈ પટેલે સ્પોન્સર્સની જાહેરાત સાથે ૨૦૨૬ જાન્યુઆરીથી ઓગષ્ટ સુધીની મીટીંગ ગોરમેડો લાયબ્રેરી ખાતે રાખવામાં આવી હોવાનું જણાવ્યુ હતુ. ત્યારબાદ મેમ્બર્સની બર્થ ડે અને એનેવસરીની ઉજવણી કરાઈ હતી. સુમનભાઈ પટેલની ખાસ 80મી બર્થ ડે હોવાથઈ દક્ષાબેન રાજા અને હર્ષદભાઈ પટેલે તેમને ઉપરણું ઓઢાડી શુભેચ્છા પાઠવી હતી. સૂર્યકાંતભાઈ- સુસ્મિતાબેનને પણ ઉપરણું ઓઢાડી તેમની 55મી લગ્નતિથિની સૌએ શુભેચ્છા પાઠવી હતી. જગદીશભાઈ પટેલ એન્ડ ગ્રુપે " હેપ્પી હેપ્પી ક્રિસમસ ગીત ઉપર જોરદાર ડાન્સ પ્રસ્તુત કર્યો હતો.

આમંત્રિત મહેમાનોમાં મનીન્દર સિંધુ, તેની પુત્રી તથા અશોકભાઈ શર્મા, લલીતભાઈ અને શીલાબેન ઠાકર, કાઉન્સેલર રોડ પોવર તથા શ્રાજી, મનીજી તથા શર્મા (મેનેજિંગ ડાયરેકટર ઓફ જગન્નાથ મંદિર) પધાર્યા હતા. દક્ષાબેન રાજાએ સૌ મહેમાનોનું સ્વાગત કરી ઉપરણું આઢાડી સર્ટિફિકેટ એનાયત કરી તેઓનું બહુમાન કર્યું હતુ. જે બાદ અરૂણભાઈ દવેએ બે ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા. આ સાથે theme મુજબ આગળના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. પદમાબેન કંસારા - ચારુબેન દવે એન્ડ ગ્રુપે રિમિક્સ ગીતો જંગલ બેલ અને આયા મસીહા અંગે જોરદાર ડાન્સ કર્યો હતો. કૌશિકભાઈ પંડ્યા એન્ડ ગ્રુપે , 'નેતા બને સાન્તા'ફની ગીત ઉપર ફની ડાન્સ કરી સૌને ખૂબ હસાવ્યા હતા. દેવયાનીબેન પટેલ-દક્ષાબેન પટેલ એન્ડ ગ્રુપે એક સુંદર ફેશન શો પ્રસ્તુત કર્યો હતો. દક્ષાબેન રાજાએ આમંત્રિત મહેમાનો, કમિટી, કીચન કમિટી, અનીલભાઈ જેઠવા, શિલાબેન નેગાંધી, જ્યોતિબેન શાહ, દક્ષાબેન એમ.પટેલ , દેવયાનીબેન પટેલ અને સુંદર ફોટોગ્રાફી- વિડીયોગ્રાફી માટે અનીલભાઈ પટેલ, તમામ સ્પોન્સર્સ તેમજ કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારોનો તથા સર્વ મેમ્બર્સનો આભાર વ્યક્ત કર્યો હતો. અંતે ભોજનમાં શિખંડ, પૂરી, કચોરી, કઢી-ભાત, સુરતી ઉધીયુ, ભરેલા ભીંડા અને પાપડ-પાપડીની મજા માણી સૌ છૂટા પડ્યા હતા.

# જરૂરિયાતમંદોને મદદનો અનોખો કિમીયો, સાન્તાના પહેરવેશમાં મોન્ટ્રીયલની કરિયાણાની દુકાનમાં લૂંટ

**ઓન્ટેરિયો**

લાલ સૂટ અને માસ્ક પહેરેલા તેમજ ઝનુની હોય તેવા જણાતા સાન્તાનો એક જૂથે મોન્ટ્રીયલ સુપર માર્કેટમાં કૂચ કરી તેમની બેગમાં હજારો ડોલરનો કરિયાણાનો સામાન ભરીને લૂંટી લીધો હતો. સાન્તાના વેશમાં પાછળથી એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ ખોરાક જરૂરિયાતમંદોને વહેંચવામાં આવશે અને રોબિન હૂડ-શૈલીનો સ્ટંટ જીવન નિર્વાહના વધતા જતા ખર્ચ અને તેને કારણે આમજનતાને પડી રહેલી તકલીફને ઉજાગર કરવાનો હતો. રોબિન્સ ડેસ રુએલ્સ- રોબિન્સ ઓફ ધ એલીઝ નામના જૂથના આશરે 40 સભ્યોએ સોમવારે મોડી રાત્રે લૂંટમાં ભાગ લીધો હતો.

મેટ્રો, જે ઓન્ટેરિયો અને ક્વિબેકમાં આઠ મુખ્ય કરિયાણા બ્રાન્ડ્સ ધરાવે છે, તેણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, દુકાનમાંથી ચોરી એક ગુનાહિત કૃત્ય છે અને તે અસ્વીકાર્ય છે. પ્રવક્તા, જીનીવીવ ગ્રેગોઈરે જણાવ્યું હતું કે, ભાવમાં વધારો વૈશ્વિક પુરવઠા શૃંખલામાં વિક્ષેપો, કોમોડિટીના ભાવમાં અસ્થિરતા, આંતરરાષ્ટ્રીય વેપારની સ્થિતિમાં ફેરફાર અને છૂટક ગુના જેવા પરિબળોથી પ્રભાવિત છે. કેનેડાની રિટેલ કાઉન્સિલ અનુસાર છૂટક ગુના વધી રહ્યા છે અને 2024માં $9 બિલિયનથી વધુના વેચાણમાં ઘટાડો થયો છે. ગ્રેગોઈરેએ પણ નોંધ્યું હતું કે, 2025માં મેટ્રોએ $1.15 મિલિયનનું દાન આપ્યું હતું અને ફૂડ બેંકોને $81 મિલિયનથી વધુ ખાદ્ય ઉત્પાદનો પૂરા પાડ્યા હતા. ત્રણ કંપનીઓ કેનેડાના મોટાભાગના કરિયાણાની દુકાનો પર નિયંત્રણ રાખે છે અને તાજેતરના વર્ષોમાં રેકોર્ડ કમાણીનો આનંદ માણી છે. રોબિન્સે મંગળવારે સાંજે ક્રિસમસ ટ્રીની નીચે જાહેર ચોકમાં કરિયાણાનો જથ્થો જમા કરાવ્યો હતો. જે બાદ તેણે ઉમેર્યું હતું કે, બાકીની કમ્યુનિટી ફૂડ બેંકો દ્વારા વહેંચવામાં આવશે.

# ઉત્તરી ઓન્ટેરિયોમાં અકસ્માતમાં બે બાળકો સહિત ત્રણના મોત

» ઓપાસાટિકા નજીક ટ્રેક્ટર-ટ્રેલર અને એક પિકઅપ ટ્રક અથડાયા



**ઓન્ટેરિયો**

ઉત્તરી ઓન્ટેરિયોમાં અકસ્માતમાં બે બાળકો અને એક પુરુષનું મોત થયું હતુ. ઓન્ટેરિયો પ્રાંતીય પોલીસનું કહેવું છે કે, ઓન્ટેરિયોના ઓપાસાટિકા નજીક ટ્રાન્સ-કેનેડા હાઈવેના એક દૂરના ભાગમાં મધ્યરાત્રિ પછી એક ટ્રેક્ટર-ટ્રેલર અને એક પિકઅપ ટ્રક અથડાયા હતા.

આ અકસ્માતને કારણે લોંગલેક અને કોક્રેન વચ્ચેનો 500 કિલોમીટરનો હાઈવે કેટલાક કલાકો સુધી બંધ રાખવો પડ્યો હતો. પોલીસનું કહેવું છે કે, રવિવારે રાત્રે લગભગ 12:30 વાગ્યે તેમને ફોન કરવામાં આવ્યો હતો અને તેમણે પિકઅપમાં સવાર એક 41 વર્ષીય વ્યક્તિ તથા એક 15 વર્ષીય અને એક 12 વર્ષીય બાળકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હોવાનું જાણવા મળ્યું હતું.

ટ્રેક્ટર-ટ્રેલરના ડ્રાઈવર, એક 41 વર્ષીય વ્યક્તિને ઈજાઓ સાથે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. અથડામણનું કારણની તપાસ ચાલુ છે.

# કેનેડામાં ઈમિગ્રેશન પર પ્રતિબંધ મૂકાતા વસ્તીમાં ઘટાડો

## ઓટાવાએ કામચલાઉ રહેવાસીઓને મર્યાદીત કરવાનું લક્ષ્ય રાખ્યા બાદ અસર વર્તાઈ : 2026માં 3,85,000, 2027 અને 2028માં 370,000ને જ પ્રવેશ મળશે

**ટોરોન્ટો**

જુલાઈ અને ઓક્ટોબર દરમિયાન કેનેડાની વસ્તીમાં 76,068નો ઘટાડો થયો છે. જે મુખ્યત્વે ઈમિગ્રેશન પર મર્યાદાઓને કારણે થયો છે, એમ ફેડરલ સ્ટેટિસ્ટિક્સ એજન્સીએ જણાવ્યું છે. આ ઘટાડો મુખ્યત્વે બિન-કાયમી રહેવાસીઓમાં ઘટાડો થવાને કારણે થયો છે. ઓટ્ટાવાએ 2027 સુધીમાં 41.6 મિલિયન વસ્તીના 5% સુધી કામચલાઉ રહેવાસીઓને મર્યાદિત કરવાનું લક્ષ્ય રાખ્યું, તે પછી આ ઘટાડો આવ્યો છે.

### 2025ના ત્રીજા ક્વાર્ટરમાં દેશની વસ્તીમાં 0.2%નો ઘટાડો

બુધવારે જાહેર કરાયેલા સ્ટેટિસ્ટિક્સ કેનેડાના પ્રારંભિક આંકડા અનુસાર 2025ના ત્રીજા ક્વાર્ટરમાં દેશની વસ્તીમાં 0.2%નો ઘટાડો થયો છે. 2020માં કોવિડ રોગચાળા પછીનો આ પહેલો ઘટાડો છે. 2025ના ત્રીજા ક્વાર્ટરમાં બિન-કાયમી રહેવાસીઓ- મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તેમજ કામચલાઉ વિદેશી કામદારોમાં ઘટાડો થવાને કારણે આ ઘટાડો થયો હતો, જે 1971માં તુલનાત્મક રેકોર્ડ શરૂ થયા પછીનો સૌથી મોટો ઘટાડો છે. ઓક્ટોબરમાં કેનેડામાં 2.8 મિલિયનથી વધુ બિન-કાયમી રહેવાસીઓ હતા, જે કુલ વસ્તીના લગભગ 6.8% છે.ઓન્ટેરિયો અને બ્રિટિશ કોલંબિયા પ્રાંતોમાં વસ્તીમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ફક્ત આલ્બર્ટા અને નુનાવુત પ્રદેશમાં જ તેમની વસ્તીમાં વધારો જોવા મળ્યો હતો.

યુરોપની મુલાકાત દરમિયાન બર્લિનથી કેનેડાના નાણામંત્રી, ફ્રાન્કોઈસ-ફિલિપ શેમ્પેને કહ્યું કે, સરકારનો ધ્યેય "આપણી ઈમિગ્રેશન સિસ્ટમ પર ફરીથી નિયંત્રણ મેળવવાનો અને લોકોને આવકારવાની આપણી ક્ષમતા અને દેશમાં આવવા માંગતા લોકોની સંખ્યા વચ્ચે વધુ સારું સંતુલન શોધવાનો છે. ભૂતપૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ દેશમાં વધુ ઈમિગ્રન્ટ્સને આકર્ષવા માટે પ્રયાસો કર્યા હતા. જેમાં ૨૦૨૫ સુધીમાં દર વર્ષે અડધા મિલિયન ઈમિગ્રન્ટ્સને આવકારવાની યોજનાનો સમાવેશ થાય છે. ફેડરલ ડેટા અનુસાર ૨૦૨૩ સુધીમાં કેનેડાની વસ્તી વૃદ્ધિનો મોટોભાગ લગભગ ૯૭% ઈમિગ્રેશન દ્વારા પ્રેરિત હતો. પરંતુ નવા આવનારાઓમાં વધારો રહેવાના ખર્ચ, સામાજિક સેવાઓ પર તણાવ અને યુવા બેરોજગારી દર પર દબાણ લાવવા માટે જવાબદાર હતો.

વડાપ્રધાન માર્ક કાર્ને એ દિશામાં આગળ વધ્યા છે, ઓટ્ટાવા આગામી વર્ષે નવા કામચલાઉ રહેવાસીઓ માટેના લક્ષ્યાંકોને 673,650થી ઘટાડીને 385,000 અને 2027 અને 2028માં 370,000 કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# વિજય હજારે ટ્રોફી : કોહલીએ રચ્યો ઈતિહાસ, રોહિત શર્માની તોફાની બેટિંગ



ભારતની પ્રતિષ્ઠિત સ્થાનિક વન-ડે ટૂર્નામેન્ટ વિજય હજારે ટ્રોફીનો બુધવારથી શાનદાર પ્રારંભ થયો છે. આ વખતે ટૂર્નામેન્ટમાં ભારતીય ક્રિકેટના બે દિગ્ગજ સુપરસ્ટાર્સ વિરાટ કોહલી અને રોહિત શર્મા રમતા જોવા મળતા મેદાન પર રનનો વરસાદ થયો છે. દિલ્હી તરફથી રમતા વિરાટ કોહલીએ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે, જ્યારે મુંબઈ માટે રમતા હિટમેન રોહિત શર્માએ સિક્કિમના બોલરોની ધુલાઈ કરીને આક્રમક સદી ફટકારી ચાહકોને ખુશ ખુશ કરી દીધા છે. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી આંધ્રને ટીમે 50 ઓવરમાં 8 વિકેટે 298 રન ફટકાર્યા હતા. જેના જવાબમાં દિલ્હીની ટીમે 37.4 ઓવરમાં 6 વિકેટે 300 રન નોંધાવી મેચ જીતી લીધી છે. દિલ્હી તરફથી રમી રહેલા વિરાટ કોહલીએ 101 બોલમાં ત્રણ સિક્સ અને 14 ફોર ફટકારી 131 રન નોંધાવ્યા છે. તો આંધ્ર પ્રદેશ તરફથી રિકી બુઈજે 105 બોલમાં સાત સિક્સ અને 11 ફોર સાથે 122 રન નોંધાવ્યા છે.

આ મેચમાં કોહલીએ માત્ર એક રન બનાવતાની સાથે જ લિસ્ટ-એ ક્રિકેટમાં 16000 રન પૂરા કરવાનો આંકડો પાર કર્યો હતો. સચિન તેંડુલકર પછી આ સિદ્ધિ મેળવનાર વિરાટ માત્ર બીજો ભારતીય બેટ્સમેન બન્યો છે, જ્યારે વિશ્વ સ્તરે તે આ કીર્તિમાન સ્થાપિત કરનાર ૯મો ખેલાડી છે. કોહલીએ પોતાની જૂની શૈલીમાં બેટિંગ કરતા 83 બોલમાં સદી પૂરી કરી હતી.

# ઈંગ્લેન્ડના ખેલાડીઓ પર હદથી વધુ દારૂ પીવાનો આરોપ, તપાસ કરાશે

## ત્રીજી ટેસ્ટ પહેલા ચાર દિવસની રજા દરમિયાન ખેલાડીઓ છાકટા બન્યા હતા!

એડિલેટ : ઓસ્ટ્રેલિયા સામેની એશિઝ સિરીઝમાં પરાજય બાદ ઈંગ્લેન્ડની ટીમની મુશ્કેલીમાં વધારો થઈ રહ્યો છે. ત્રીજી ટેસ્ટમાં ૮૨ રનથી થયેલા પરાજય બાદ ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડે ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના વર્તન અને વ્યવહારની પણ તપાસ કરવી પડી રહી છે. આરોપ અનુસાર ટીમ સુકાની બેન સ્ટોક્સ અને તેના સાથી ખેલાડીઓએ સીરીઝ વચ્ચે લેવાયેલા બ્રેક દરમિયાન હદ કરતા વધારે દારૂ પીધો હતો. ત્રીજી ટેસ્ટ પહેલા ઈંગ્લેન્ડની ટીમે ચાર દિવસનો બ્રેક લીધો હતો અને ઓસ્ટ્રેલિયાના એક હોલેડી રિસોર્ટમાં ગયા હતા. આ નિર્ણય પહેલા જ ઓસ્ટ્રેલિયાના ઘણા ક્રિકેટ નિષ્ણાતોની ટીકાનો સામનો કરી ચુક્યો છે. હવે મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરાયો છે કે આ રજાઓ દરમિયાન ટીમના કેટલાક ખેલાડીઓએ હદ બહારનો દારૂ પીધો હતો જેના કારણે ટીમ કલ્ચર અને પ્રોફેશનલ ડિસિપ્લિન સામે સવાલો ઉઠયા છે. આ આરોપો બાદ ઈંગ્લેન્ડના મેનેજિંગ ડાઈરેક્ટર રૉબ કીએ સ્પષ્ટ કર્યુ હતું કે હાલ પ્રકરણની તપાસ કરવામાં આવશે.

# દિલ્હી કેપિટલ્સે જેમિમા રોડ્રિગ્સને સુકાની બનાવી

**નવી દિલ્હી**

દિલ્હી કેપિટલ્સે વિમેન્સ પ્રીમિયર લીગ (ઉંન્) ૨૦૨૬ પહેલા જેમિમા રોડ્રિગ્સને પોતાની નવી કેપ્ટન બનાવી છે. રોડ્રિગ્સ જેને મેગા હરાજી પહેલા દિલ્હી કેપિટલ્સની ટીમે રિટેઈન કરી હતી તે પૂર્વ ઓસ્ટ્રેલિયન સુકાની મેગ લેનિંગનું



સ્થાન લેશે, જેણે ટીમને સતત ત્રણ ફાઈનલમાં પહોંચાડી હતી, જોકે ટીમ ત્રણેય વાર ફાઈનલમા પરાજીત થઈ હતી. રોડ્રિગ્સે ઉંન્રી ૨૭ મેચમાં ૧૩૯.૬૭ના સ્ટ્રાઈક રેટ સાતે ૫૦૭ રન કર્યા છે, જેમાં ત્રણેય ફાઈનલમાં તે ટીમનો ભાગ હતી. ઉલ્લેખનીય છે કે ફ્રેન્ચાઈઝીએ સોમવારે જ આ વાતના સંકેત આપ્યા હતા કે તે રોડ્રિગ્સને સુકાની બનાવી શકે છે.

# કિવિઝે વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઇન્ટ ટેબલ પર પકડ મજબૂત કરી

**। નવી દિલ્હી ।**

માઉન્ટ માઉંગાનૂઈના બે ઓવલ પર રમાયેલી સિરીઝની ત્રીજી ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડે વેસ્ટ ઈન્ડિઝને ૩૨૩ રનથી પરાજય આપ્યો હતો. આ જીત સાથે કિવિ ટીમે ત્રણ મેચની સિરીઝ પણ ૨-૦થી પોતાના નામે કરી લીધી હતી. આ વિજય સાથે ન્યૂઝીલેન્ડે વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલ પર પોતાની પકડને મજબૂત કરી લીધી છે. ટીમ હવે બીજા સ્થાન પર બિરાજમાન છે. જો કે બીજી તરફ ઓસ્ટ્રેલિયા ટોચના સ્થાન પર જળવાઈ રહ્યું છે. નોંધનીય છે કે વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ ૨૦૨૭માં રમાડવામાં આવશે અને પોઈન્ટ ટેબલ પર ટોચની બે ટીમો વચ્ચે ફાઈનલ રમાડવામાં આવશે. વેસ્ટ ઈન્ડિઝ પર વિજય બાદ ન્યૂઝીલેન્ડે ત્રણ મેચમાં બે વિજય અને એક ડ્રો સાથે કુલ ૨૮ પોઈન્ટ મેળવ્યા છે. તેની પોઈન્ટ ટકાવારી હાલમાં ૭૭.૭૮ ટકા છે. તે હવે ઓસ્ટ્રેલિયા પછી બીજા ક્રમ પર છે. બીજી તરફ ઓસ્ટ્રેલિયા એશિઝમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યું છે. તેણે છ ટેસ્ટમાં છ વિજય સાથે કુલ ૭૨ પોઈન્ટ મેળવ્યા છે. ટીમની પોઈન્ટ ટકાવારી ૧૦૦ ટકા છે. દક્ષિણ આફ્રિકાએ ભારતમાં બે ટેસ્ટ જીતી લીધી હતી

# ઈન્ડોનેશિયાના બોલરે 1 ઓવરમાં 5 વિકેટ ઝડપી

**નવી દિલ્હી**

ઈન્ડોનેશિયાના બોલર ગેડે પ્રિયાંદનો ટી-૨૦ ક્રિકેટમાં તે સમયે ઈતિહાસ રચી દીધો હતો જ્યારે તેણે એક જ ઓવરમાં પાંચ વિકેટ ખેરવી હતી. ટી-૨૦ ક્રિકેટના ઈતિહાસમાં કોઈ બોલરે એક જ ઓવરમાં ૩-૪ વિકેટ ખેરવી હોય તેવું ઘણીવાર બન્યું છે પરંતુ પાંચ વિકેટ ઝડપવાનું પરાક્રમ પહેલીવાર ગેડે પ્રિયાંદનાએ કર્યુ છે. તે ટી-૨૦ ક્રિકેટના ઈતિહાસમાં પહેલો એવો બોલર બની ગયો છે



જેણે એક ઓવરમાં પાંચ વિકેટ ખેરવી છે. ગેડે પ્રિયાંદનાએ કંબોડિયા સામેની પહેલી ટી-૨૦ મેચમાં આ સિદ્ધિ મેળવી હતી. આશ્ચર્યની વાત એ છે કે પ્રિયાંદનાએ આ પાંચ વિકેટો પોતાની પહેલી ઓવરમાં જ ઝડપીને મેચ સમાપ્ત કરી દીધી હતી.




# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




ONE OF A KIND ABSOLUTE SHOW STOPPER. Don't miss out. Heathwood's flagship 4509 square foot Beech field model in Country Lane's ONLY private enclave. School bus directly to the street, and ZERO through traffic. Designed for comfort, this bespoke home is an entertainer's dream. Built in 2020 and fully customized over the years from top to bottom inside and out. Over $500k in QUALITY upgrades. 11ft ceilings on main, 10ft on upper, 9ft in builder finished basement. Custom lighting, high end drapes, wall carpentry and engineered hardwood floors throughout main and upper levels. Custom wall-to-wall built-ins in office and 2nd floor laundry. Walk-in linen closet. Gas fireplace, A/V conduit and waffled ceilings in the large Family room. Upgraded butler pantry + walk in pantry. Large bedrooms - each with attached bathrooms and walk in closets. Private ravine lot fully landscaped with high end pavers all around with 4 season heated in-ground salt water pool with safety cover, cedar gazebo and natural gas hookup. Car lift in garage making room for 3rd vehicle. Level 2 EV charger hookup. EV and pool electrical work approved by ESA. Balance of Tarion New Home Warranty (until 2027).




Welcome to this stunning 3-bedroom Coughlan-built home where comfort meets convenience! Perfectly located just minutes to the 401, you'll enjoy endless options for dining, shopping, and entertainment. Offering 1,741 sq. ft. of stylish living space, thishome features soaring 9 ft ceilings, a large walk-in pantry, and a powder room just off the kitchen. The spacious great room is complete with potlights, hardwood flooring, and California shutters, flowing seamlessly into the dining room and kitchen. The modern kitchen boasts a large islandand direct access to a private balcony ideal for relaxing or hosting evening barbecues. Upstairs, the primary suite offers a spa-like 4-piece ensuite with soaker tub and stand-up shower. Two additional bedrooms, all with hardwood floors, large closets, and California shutters, plus a convenient upstairs laundry. The ground level includes garage access, two closets, and a separate entrance to a versatile 4th bedroom. Beautifully maintained and move-in readjust unpack and enjoy!






- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
**teamkharodia@gmail.com**
**300-2855 Markham Rd Toronto ON M1X 0C3**
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676


Grand Centurion Office


Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.



# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISSUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com






FOR FURTHER DETAILS CALL NOW
416.625.3580
RE/MAX
Nadir Shah
BROKER MBA, ACEA (UK)
EXPERIENCE THE DIFFERENCE
RE/MAX ACE
REALTY INC., BROKERAGE
3-1286 Kennedy Rd. Toronto, ON M1P 2L5
Office: 416.270.1111 | nadirnshah@hotmail.com
*Not intend to solicit Buyers/Sellers currently contract with other agents.
www.nadirshahrealtor.com

# Building For SALE

- Mixed-use property features 4 TWO-bedroom units and 2 ONE-bedroom units (6 Aprtments and 1 huge (2000 SFT) divisible retail unit with potential to expand offering strong income potential.
- Opportunity to expand the retail space into the north walkway of 428 Dawes (subject to zoning approval).
- Lots of potential to Grow, add mutltiple floors with city's permission.
- TTC bus stops right at the doorstep with direct access to the subway.
- Ten city-registered parking spots at the rear of the building, with capacity to accommodate up to 12 vehicles.

VTB AVAILABLE FOR QUALIFIED BUYERS

## હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

**Chapel Ridge**
*Funeral Home & Cremation Centre*

*in partnership with*

**North Toronto**
*Crematorium Inc.*

Chapel Ridge FUNERAL HOME & CREMATION CENTRE



Vilo
Licensed Funeral Director
(416) 993-0826

Harjinder
Licensed Funeral Director
(647) 966-0093

Christeen
Licensed Funeral Director
(416) 258-6759

Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182

**Complete Funeral Package Pricing $4395.00** *includes HST*
GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga

North Toronto CREMATORIUM





Everything in one Place!

2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
905-305-8508

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
289-578-1288